ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 09 ઓક્ટોબર 2026 શુક્રવાર
વિક્રમ સંવત 2082, ભાદરવા વદ - 14

વર્ષ : 18
અંક : 100


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
ઇટાલીમાં ચૂંટણી જીતવા પર વધારાની બેઠકો મળવા અંગે વિવાદ: સંસદમાં મતદાન, મેલોની બોલ્યાં- કાયદો....

4 
રાહુલ-પ્રિયંકા સામે FIRથી રાજકીય ગરમાવો, કોંગ્રેસે મોદી-શાહને ઘેર્યા

6 
પ્રીતિ ઝિન્ટાની ટીમમાં મોટો ફેરફાર! IPL 2027 પહેલાં રિકી પોન્ટિંગના બે સાથીઓએ પંજાબ કિંગ્સ છોડી....

7 

મસ્કે કહ્યું- કેટલાક ઉદ્યોગપતિઓ ભારતમાં સ્ટારલિંકને રોકી રહ્યા છે: તમને ખબર જ હશે કે તેઓ કોણ છે

NEWS BRIEF

દીકરીનું નામ બદલાવવા પરિવાર હાઈકોર્ટ પહોંચ્યો

'લક્ષ્મી'ની જગ્યાએ 'વીણા' રાખવાની માંગ, કહ્યું- જ્યોતિષ મુજબ વધુ શુભ, કર્ણાટક હાઈકોર્ટે આપી મંજૂરી

કર્ણાટકમાં એક 16 વર્ષની છોકરીનું નામ બદલાવવા માટે તેના માતા-પિતા હાઈકોર્ટમાં પહોંચ્યા. પરિવારે દીકરીનું નામ 'લક્ષ્મી' બદલીને 'વીણા' કરવાની માંગ કરી હતી. તેમનું કહેવું હતું કે જ્યોતિષ અને અંકશાસ્ત્ર પ્રમાણે 'વીણા' નામ બાળકી માટે વધુ શુભ રહેશે. સિવિલ કોર્ટે પરિવારની અરજી ફગાવી દીધી હતી. ત્યારબાદ બાળકીના પિતાએ હાઈકોર્ટમાં અપીલ કરી. જસ્ટિસ હંચાટે સંજીવકુમારે ગુરુવારે નીચલી કોર્ટનો નિર્ણય રદ કરીને બાળકીનું નામ બદલવાની મંજૂરી આપી હતી. ચુકાદામાં જસ્ટિસ હંચાટે સંજીવકુમારે કહ્યું કે સમાજમાં દરેક વ્યક્તિની ઓળખ તેના નામથી થાય છે. તેથી નામથી ઓળખાવાનો અધિકાર નાગરિક અધિકાર છે. કોર્ટના જણાવ્યા અનુસાર, નામમાં સુધારો અથવા ફેરફાર કરવા માટે સિવિલ કોર્ટમાં દાવો કરી શકાય છે. કોર્ટના જણાવ્યા અનુસાર, બાળકીનો જન્મ 10 ઓક્ટોબર 2010ના રોજ થયો હતો. નામકરણ સમારોહ દરમિયાન તેનું નામ 'લક્ષ્મી એન.' રાખવામાં આવ્યું હતું. બાદમાં માતા-પિતાએ નામ બદલવાનો નિર્ણય કર્યો. બાળકીના પિતાએ સિવિલ કોર્ટમાં કેસ કર્યો હતો. તેમાં બાળકીનું નામ 'વીણા એન.' જાહેર કરવા અને સ્કૂલના રેકોર્ડમાં નવું નામ નોંધવાની માંગ કરવામાં આવી હતી.



બેંગલુરુમાં કોકરોચ પાર્ટીનું આજે ચપ્પલ પ્રદર્શન: ધ્રુવ રાઠી-પ્રકાશ રાજ જોડાશે

દીપકેએ કહ્યું- સત્તા તમારી, રસ્તાઓ અમારા, અહીંથી જ લોકશાહી પાછી મેળવીશું



બેંગલુરુના ફ્રીડમ પાર્કમાં આજે SIR અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના વિરોધમાં કોકરોચ જનતા પાર્ટીનું પ્રદર્શન યોજાશે. તેમાં CJPના સ્થાપક અભિજીત દીપકે સાથે યુટ્યુબર ધ્રુવ રાઠી અને અભિનેતા પ્રકાશ રાજ પણ સામેલ થશે. રાઠી બેંગલુરુ પહોંચી ચૂક્યા છે. તેમણે એક્સ પર વીડિયો શેર કરીને આ અંગે માહિતી આપી છે.

પ્રદર્શન પહેલાં 'પીપલ્સ ટ્રિબ્યુનલ'નું પણ આયોજન કરવામાં આવશે. તેમાં એવા લોકો સાથે વાતચીત કરવામાં આવશે, જેમનાં નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યાં છે. પ્રદર્શન પહેલાં દીપકેએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા સરકાર પર નિશાન સાધ્યું. તેમણે લખ્યું- સત્તા તમારી પાસે હોઈ શકે છે, પરંતુ રસ્તાઓ અમારા છે. અહીંથી જ અમે લોકતંત્ર પાછું મેળવીશું. અભિજીત દીપકેએ એક અન્ય એક્સ પોસ્ટમાં દાવો કર્યો કે 10 ઓક્ટોબરના પ્રદર્શન પહેલાં મોટી સંખ્યામાં લોકોને કસ્ટડીમાં લેવામાં આવી રહ્યા છે. તેમણે લખ્યું- મોદીને લાગે છે કે લોકોને જેલમાં પૂરીને વિરોધનો અવાજ દબાવી શકાય છે. જેટલા વધુ લોકોને કસ્ટડીમાં લેવામાં આવશે, તેટલા જ વધુ લોકો પ્રદર્શનમાં જોડાશે.

કોકરોચ પાર્ટી 10 ઓક્ટોબરે દિલ્હીમાં પ્રદર્શન કરશે. દીપકેએ 2 ઓક્ટોબરની રાત્રે એક્સ પર પોસ્ટ કરીને કહ્યું હતું કે જો જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે, તો દેશભરમાંથી કોકરોચ દિલ્હી પહોંચશે.

તેમણે એમ પણ કહ્યું હતું કે જો દિલ્હી પોલીસે પ્રદર્શનકારીઓને જંતર-મંતર સુધી પહોંચતા અટકાવ્યા, તો જ્યાં તેમને રોકવામાં આવશે, ત્યાં જ જંતર-મંતર બનાવવામાં આવશે. CJPએ જુલાઈમાં શિક્ષણના મુદ્દાઓને લઈને જંતર-મંતર પર પ્રદર્શન કર્યું હતું. આંદોલનની શરૂઆત 6 જૂને થઈ હતી. તે 36 દિવસ ચાલ્યું અને 25 જુલાઈએ સમાપ્ત થયું. એ જ દિવસે તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ રાજીનામું આપ્યું હતું.

CEC જ્ઞાનેશ કુમારના સમર્થનમાં 42 પૂર્વ જજ મેદાનમાં

કોઈ નક્કર પુરાવાઓ વગરના આક્ષેપો લોકશાહી માટે ખતરારૂપ

- **દેશના 42 પૂર્વ જજોએ ચૂંટણી પંચ, ન્યાયતંત્ર અને અન્ય ટોચની બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતા પર સતત થઈ રહેલા હુમલાઓને ચિંતા વ્યક્ત કરી**

નવી દિલ્હી, તા.08

દેશના ૪૨ પૂર્વ જજોએ એક સંયુક્ત ખુલ્લો પત્ર જાહેર કરીને ચૂંટણી પંચ, ન્યાયતંત્ર અને અન્ય ટોચની બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતા પર સતત થઈ રહેલા હુમલાઓને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. પૂર્વ જજોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોઈ નક્કર પુરાવા વિના વોટ ચોરી જેવા ગંભીર આરોપો લગાવવા અને બંધારણીય પદો પર બેઠેલા લોકોને ચોર અથવા વેચાઈ ગયેલા ગણાવવા એક સુનિયોજિત અભિયાનનો ભાગ લાગે છે.

તેમણે ચેતવણી આપી કે રાજકીય લાભ અથવા નિરાશામાં લોકતાંત્રિક સંસ્થાઓની નિષ્પક્ષતા પર આ રીતે સતત કાદવ ઉછાળવો અત્યંત ખતરનાક વલણ છે. તેનાથી જનતાનો પોતાની જ લોકતાંત્રિક વ્યવસ્થા અને સંસ્થાઓ પરથી વિશ્વાસ ઊઠી જવાનું ગંભીર જોખમ ઊભું થઈ રહ્યું છે, જે સીધી રીતે બંધારણના પાયાને નુકસાન પહોંચાડે છે.

પત્રમાં લખવામાં આવ્યું હતું, "અમે એટલા માટે લખી રહ્યા છીએ કારણ કે આવા સમયે ચૂપ રહેવું હવે કોઈ તટસ્થ વિકલ્પ નથી. અમને ઊંડી ચિંતા છે. ભારતની બંધારણીય સંસ્થાઓ પર સતત હુમલા થઈ રહ્યા છે." તેમાં આગળ કહેવામાં આવ્યું, "ભારતનું ચૂંટણી પંચ આ હુમલાઓના કેન્દ્રમાં છે. અહીં સુધી કે ઉચ્ચ ન્યાયતંત્ર, જેનું અમે ખૂબ સન્માન કરીએ છીએ, અને વૈધાનિક એજન્સીઓને પણ છોડવામાં આવી નથી."

જજોએ આ વાત પર ભાર મૂક્યો કે આ હુમલા



સમજી-વિચારીને કરવામાં આવેલી ટીકા નથી. તેમણે લખ્યું, "આ રાજકીય સ્વાર્થોથી પ્રેરિત એક સુનિયોજિત અભિયાન લાગે છે, જેમાં વિશ્વના સૌથી મોટા લોકતંત્રને અસ્થિર કરવાના સંભવિત વિનાશક પરિણામોની કોઈ પરવા કરવામાં આવી નથી." મતદાર યાદીના SIRનો બચાવ કરતાં હસ્તાક્ષર કરનારા પૂર્વ જજોએ ભારપૂર્વક કહ્યું કે આ કાયદેસર રીતે સ્થાપિત પ્રક્રિયા છે, જેનો હેતુ સ્વચ્છ અને ચોક્કસ મતદાર યાદી સુનિશ્ચિત કરવાનો છે.

પત્રમાં ચેતવણી આપવામાં આવી છે કે "વિશ્વાસ જ લોકશાહીની અસલી મૂડી છે" અને ચૂંટણીની કાયદેસરતા પર સવાલ ઉઠાવવાના પ્રયાસોથી અશાંતિ ફેલાઈ શકે છે અને અરાજક તત્વોને પ્રોત્સાહન મળી શકે છે. આ પત્ર પર હસ્તાક્ષર કરનારાઓમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ, હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશો અને અન્ય લોકો સામેલ છે. હસ્તાક્ષર કરનારાઓમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ પંકજ મિત્તલ પણ સામેલ છે. આ પત્રમાં કોંગ્રેસ અને 'કોકરોચ જનતા પાર્ટી' પર તીખા હુમલા કરવામાં આવ્યા છે, જે આ વિરોધ-પ્રદર્શનમાં સૌથી આગળ છે. પત્રમાં લખવામાં આવ્યું છે, "વોટ ચોરીના આરોપો પ્રેસ કોન્ફરન્સમાં લગાવવામાં આવે છે, કોર્ટમાં નહીં. જ્યારે કમિશન સોગંદનામું માગે છે, ત્યારે કોઈ તેને જમા કરાવતું નથી. હાર્યા બાદ જ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ને દોષ આપવામાં આવે છે. એ જ મશીનોથી મળેલી જીત પર કોઈ સવાલ ઉઠાવવામાં આવતો નથી. જે પાર્ટીએ પાંચ દાયકાથી વધુ સમય સુધી દેશ પર શાસન કર્યું, એ જ હવે દાવો કરી રહી છે કે જે સિસ્ટમે તેને ચૂંટ્યું, તેમાં જ ગોટાળો થયો છે."

તેમાં આગળ કહેવામાં આવ્યું છે, "આ પાર્ટી એકલી આવું નથી કરતી. એક્ટિવિસ્ટ સંગઠનો, જેમનો પસંદગીના મામલાઓમાં કેસ કરવાનો લાંબો રેકોર્ડ રહ્યો છે, આ દાવાઓને કાનૂની સ્વરૂપ આપવાનો પ્રયાસ કરે છે. તેઓ એક પછી એક અરજીઓ દાખલ કરે છે. તેઓ ભાગ્યે જ પુરાવા રજૂ કરે છે. કોર્ટરૂમ એક મંચ બની જાય છે અને જ્યારે ચુકાદો આવે છે, ત્યારે જો તે તેમના પક્ષમાં ન હોય તો તેની ટીકા કરવામાં આવે છે. ત્યારબાદ ઝેરી નિવેદનોને મોટા પાયે ફેલાવવામાં આવે છે, જેનો હેતુ જાણીજોઈને એક સ્થાપિત અને વિશ્વસનીય ન્યાયિક વ્યવસ્થા પરથી લોકોનો વિશ્વાસ ઓછો કરવાનો હોય છે."

બેંક, હોસ્પિટલ, સરકારી કચેરીઓ લોકોના ફોનમાં: PM નરેન્દ્ર મોદી

- **તેનાથી ₹5 હજાર કરોડ ખોટા હાથોમાં જતા બચ્યા, 2022માં અહીંથી જ 5Gની શરૂઆત થઈ**

નવી દિલ્હી, તા.08



ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના આજે બીજા દિવસે પીએમ મોદીએ કહ્યું, 'આજે સરકારની સેંકડો સેવાઓ મોબાઈલ પર થાય છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા લાભાર્થીને નાણાં સીધા લોકોના ખાતામાં જઈ રહ્યાં છે. 5 લાખ કરોડ રૂપિયા ખોટા હાથોમાં જતાં બચ્યા છે.'

તેમણે કહ્યું, 'દેશના ખૂણે-ખૂણે 5G કનેક્ટિવિટી, અગાઉ ડિજિટલ ડિવાઈડ એક પડકાર હતો. ડેટા-ફોન સસ્તા કેવી રીતે થયા, ભારતના ફોકસને સમજશો તો ખબર પડશે.' તેમણે કહ્યું કે 2022માં આ જ મંચ પરથી અમે દેશમાં 5Gની શરૂઆત કરી હતી. 2023માં અમે જણાવ્યું હતું કે ભારત 5Gની દિશામાં કેવી રીતે આગળ વધી રહ્યું છે. મોદીએ સંબોધન કરતા દિગ્ગજ અભિનેતા નાના પાટેકરના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું હતું.

ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસનું AI અને 6G પર ફોકસ રહેશે. ત્રણ દિવસમાં અહીં 100થી વધુ દેશોના દોઢ લાખ લોકો ભાગ લેશે.

ગઈકાલે દેશસેવા કરતાં કરતાં 25 વર્ષ પૂર્ણ થયા. હું સૌનો આભાર વ્યક્ત કરું છું. આ સંયોગ છે કે ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસને 10 વર્ષ પૂર્ણ થયાં છે. ગર્વની વાત છે કે જીએસએમએ બોર્ડની બેઠક માટે ભારતની પસંદગી કરવામાં આવી. આજે સવારે સમાચાર આવ્યા કે જાણીતા અભિનેતા નાના પાટેકર હવે આપણી વચ્ચે રહ્યા નથી. તેઓ સુપર સ્ટાર હતા, જેમણે પોતાના પાત્રો દ્વારા દર્શકોનાં દિલ જીતી લીધાં. મોદીએ નાના પાટેકરના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું હતું.

પીએમ મોદીએ કહ્યું કે આજે મોબાઈલ ફોન માત્ર ગપસપ કે ચેટ કરવા માટેનું માધ્યમ રહ્યો નથી, પરંતુ તે સામાન્ય લોકો સુધી સરકારી સુવિધાઓ પહોંચાડવાનું સૌથી મોટું માધ્યમ બની ગયું છે. ભાષા અથવા અંતરની અડચણો દૂર થઈ ગઈ છે. હવે લોકોને કચેરીઓના ચક્કર કાપવાની અને લાંબી કતારોમાં ઊભા રહેવાની જરૂર પડતી નથી, જેના કારણે તેમનો સમય અને પૈસા બંને બચી રહ્યા છે. ભારતમાં ટેલિકોમનો અર્થ હવે માત્ર નેટવર્ક, સ્પેક્ટ્રમ અથવા ઈન્ટરનેટની ઝડપ પૂરતો સીમિત રહ્યો નથી. પીએમએ કહ્યું કે ભારતીયો માટે આ તેના કરતાં ઘણું આગળની બાબત છે.

જ્ઞાનેશકુમારને હટાવવાની માંગ સાથે અમદાવાદમાં કોંગ્રેસની કૂચ

અમદાવાદ, તા.08

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વ (AICC)ના આહ્વાન હેઠળ 'લોકશાહી બચાવો સપ્તાહ' અંતર્ગત અમદાવાદમાં વિરોધ પ્રદર્શન અને કૂચ યોજાઈ હતી. કોંગ્રેસ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને હટાવવાની કાર્યવાહી તેમજ તેમની ધરપકડની માંગ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



૨ ઓક્ટોબરથી ૮ ઓક્ટોબર દરમિયાન 'લોકશાહી બચાવો સપ્તાહ'ની ઉજવણી કરવાનો નિર્ણય કોંગ્રેસ દ્વારા લેવામાં આવ્યો છે. તેના ભાગરૂપે અમદાવાદના ઘંટાકર્ણ માર્કેટથી સારંગપુર ખાતે આવેલી ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સુધી કૂચ યોજાઈ હતી. આ કૂચમાં INDIA ગઠબંધનના ગુજરાતના સહયોગી પક્ષો CPI, CPI(M) તેમજ સમાજવાદી પક્ષના આગેવાનો અને કાર્યકર્તાઓ પણ જોડાયા હતા. સારંગપુર ખાતે કૂચ પૂર્ણ થયા બાદ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સમક્ષ સહભાગીઓ એકત્ર થયા હતા. અહીં ભારતના બંધારણની કલમ ૩૨૬ હેઠળની પુખ્ત મતાધિકારની જોગવાઈનું વાંચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓએ લોકશાહી તથા મતાધિકારના રક્ષણના મુદ્દે સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ સાથે તેમને હટાવવા માટે જરૂરી કાર્યવાહી કરવાની તથા ધરપકડ કરવાની માંગ પણ કરવામાં આવી હતી.

મતાધિકાર લોકશાહીની મૂળભૂત શક્તિ છે અને મતદારોના અધિકારોનું રક્ષણ કરવું જરૂરી છે. ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને નિષ્પક્ષતા જળવાઈ રહે તેમજ બંધારણીય મૂલ્યોનું રક્ષણ થાય તે માટે આંદોલનને વધુ વ્યાપક બનાવવામાં આવશે તેમ કોંગ્રેસ દ્વારા જણાવાયું હતું.

સતત ત્રીજા દિવસે રાહુલ ગાંધીના ધરણાં

PM અને જ્ઞાનેશ કુમાર સામે કાર્યવાહી થશે જ, આ મારી ગેરંટી: રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.08



દેશમાં ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને I.N.D.I.A. બ્લોકનું વિરોધ પ્રદર્શન સતત ત્રીજા દિવસે વધુ ઉગ્ર બન્યું છે. ગુરુવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ નવી દિલ્હીના કનોટ પ્લેસ સ્થિત મોએટ્સ ખાતે વિપક્ષી નેતાઓ માટે લંચ બેઠકનું આયોજન કર્યું હતું. બેઠક બાદ તમામ વિપક્ષી સાંસદો બસોમાં સવાર થઈને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સ્મારક રાજઘાટ શાંતિપૂર્ણ ધરણાં કરવા માટે રવાના થયા છે.

રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે વિપક્ષી નેતાઓ ગાંધી સ્મારક પર બેસીને દેશહિત માટે પ્રાર્થના કરશે. અમે ગાંધી સ્મારક પર બેસીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ માટે પ્રાર્થના કરીશું કે તેમને એ વાતનો અહેસાસ થાય કે તેમના કાર્યો દેશના હિતમાં નથી. મહાત્મા ગાંધી, પંડિત નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલે જે આઝાદી અને લોકતાંત્રિક અધિકારો અપાવ્યા હતા, તેને આ સરકાર છીનવી રહી છે. સરકાર લોકો પાસેથી તેમનો મતાધિકાર છીનવી રહી છે. આ આંદોલનમાં 'વોટ ચોરી', કમરતોડ મોંઘવારી અને બેરોજગારી જેવા યુવાનોના મુખ્ય પ્રશ્નોને પણ અગ્રતાથી ઉઠાવવામાં આવી રહ્યા છે. રાહુલ ગાંધીએ દિલ્હી પોલીસ અને સુરક્ષા દળોની કાર્યવાહી સામે ગંભીર સવાલો ઉઠાવતાં કહ્યું હતું કે લોકશાહીમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને પોતાના અધિકારનો ઉપયોગ કરવા દેવામાં આવતો નથી. અમે નિર્ધારિત જગ્યાએ જઈને સંપૂર્ણ શાંતિપૂર્ણ ધરણાં પ્રદર્શન કરવા માંગીએ છીએ. લોકસભા અને રાજ્યસભાના લગભગ 300 સાંસદો દેશની જનતા વતી ચૂંટણી પંચને મળવા અને વિરોધ નોંધાવવા ઇચ્છે છે. પરંતુ પોલીસ અમને ધમકાવી રહી છે, રસ્તામાં અટકાવી રહી છે અને અમારા લોકોને માર મારવામાં આવી રહ્યો છે. લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કડક શબ્દોમાં સરકાર પર પ્રહાર કરતાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, આરએસએસ વડા મોહન ભાગવત અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે મળીને સમગ્ર દેશ અને ચૂંટણી તંત્રને 'હાઈજેક' કરી લીધો છે. સરકાર અને તંત્ર જે કરી રહ્યું છે તે માત્ર ગભરાટ અને ભયની પ્રતિક્રિયા છે. નરેન્દ્ર મોદી, અમિત શાહ, મોહન ભાગવત અને જ્ઞાનેશ કુમાર - આ ચારેય સામે કાયદાકીય કાર્યવાહી થશે, તે મારી ગેરંટી છે. દેશના બંધારણ અને કરોડો નાગરિકોના અવાજ પર હુમલો કરનાર કોઈપણ વ્યક્તિ બચી શકશે નહીં. કોંગ્રેસ સાંસદ કે.સી. વેણુગોપાલે આ લડાઈને 'કરો યા મરો' સમાન ગણાવી હતી. તેમણે ભાજપ, પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સીઈસી જ્ઞાનેશ કુમાર પર 'ભારતીય લોકશાહીમાં અરાજકતા ફેલાવનારા અને લોકતંત્રના વિનાશક' હોવાનો આક્ષેપ કર્યો હતો.



અયોધ્યામાં ગુજરાતનું ભવ્ય 'યાત્રી નિવાસ' બનશે, રૂ.80.25 કરોડનો ખર્ચ

અમદાવાદ, તા.08

અયોધ્યામાં ભગવાન રામલલ્લાના દર્શન માટે ગુજરાતમાંથી મોટી સંખ્યામાં જતા પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓને શ્રેષ્ઠ સુવિધા, સુવિધાજનક રોકાણ અને આધ્યાત્મિક વાતાવરણ મળી રહે તે હેતુથી રાજ્ય સરકારે મહત્વપૂર્ણ પહેલ હાથ ધરી છે. ગુજરાત સરકાર દ્વારા અયોધ્યા ખાતે રૂ.80.25 કરોડના ખર્ચે અત્યાધુનિક અને ભવ્ય 'યાત્રી નિવાસ'નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ યાત્રી નિવાસ ગુજરાત અને અયોધ્યા વચ્ચેના સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક સંબંધોને વધુ મજબૂત બનાવવાના હેતુથી તૈયાર કરવામાં આવી રહ્યો છે. અયોધ્યા ખાતે નિર્માણાધીન ટાઉનશીપમાં કુલ 6929.28 વર્ગ મીટર જમીન વિસ્તારમાં આ વિશાળ સંકુલ આકાર પામશે.

ગુજરાત પ્રવાસન નિગમ એટલે કે TCGL દ્વારા તૈયાર કરવામાં આવી રહેલા આ યાત્રી નિવાસમાં ગુજરાતથી અયોધ્યા પહોંચનારા શ્રદ્ધાળુઓને રહેવા ઉપરાંત અનેક



પ્રકારની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. સંકુલમાં કુલ 308 બેડની ક્ષમતા ધરાવતા વિવિધ પ્રકારના સુસજ્જ રૂમ બનાવવામાં આવી રહ્યા છે, જેથી એક સાથે મોટી સંખ્યામાં પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓને રહેવાની સુવિધા મળી શકે. આ ઉપરાંત 864 લોકોની બેઠક ક્ષમતા ધરાવતો વિશાળ હોલ પણ બનાવવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમો, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ અન્ય જરૂરી પ્રસંગો માટે આ હોલ મહત્વપૂર્ણ સાબિત થશે.

યાત્રી નિવાસમાં આગમન સમયે શ્રદ્ધાળુઓને માર્ગદર્શન અને જરૂરી માહિતી મળી રહે તે માટે આધુનિક રિસેપ્શન સેન્ટર અને વિઝિટર લાઉન્જની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. પ્રવાસીઓ માટે સોવેનિયર શોપ પણ બનાવવામાં આવશે, જ્યાં અયોધ્યા અને ગુજરાત સાથે જોડાયેલી યાદગાર વસ્તુઓ ઉપલબ્ધ થઈ શકશે. આ ઉપરાંત મલ્ટીપર્પઝ હોલ, આધુનિક ઓડિટોરિયમ અને મીટિંગ રૂમ જેવી સુવિધાઓ પણ સંકુલનો ભાગ હશે. વિશાળ ડાઈનિંગ એરિયા દ્વારા શ્રદ્ધાળુઓ માટે ભોજનની વ્યવસ્થા સુલભ બનાવવામાં આવશે.

યાત્રી નિવાસને માત્ર રહેણાંક સુવિધા પૂરતું મર્યાદિત ન રાખીને તેને આધુનિક અને આકર્ષક સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. સંકુલમાં ટેરેસ ગાર્ડન, ડિજિટલ ડિસ્પ્લે અને આકર્ષક લેન્ડસ્કેપિંગ જેવી સુવિધાઓ પણ વિકસાવવામાં આવશે. ડિજિટલ ડિસ્પ્લેના માધ્યમથી પ્રવાસીઓને જરૂરી માહિતી અને માર્ગદર્શન મળી રહેશે, જ્યારે લેન્ડસ્કેપિંગ અને ટેરેસ ગાર્ડન સમગ્ર સંકુલને વધુ સુંદર અને સુવિધાજનક બનાવશે.

રાજ્ય સરકાર દ્વારા જણાવ્યા મુજબ આ ભવ્ય યાત્રી નિવાસનું નિર્માણ કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે અને આગામી એક વર્ષના સમયગાળામાં તેને ગુજરાતના શ્રદ્ધાળુઓ તથા પ્રવાસીઓ માટે સંપૂર્ણપણે ખુલ્લું મૂકવાનું આયોજન છે. અયોધ્યામાં ભગવાન રામલલ્લાના દર્શન માટે ગુજરાતમાંથી જતા લોકોની સંખ્યા વધતી જતી હોવાથી આ યાત્રી નિવાસ ભવિષ્યમાં પણ મહત્વપૂર્ણ સુવિધા કેન્દ્ર બની શકે છે. ખાસ કરીને પરિવાર સાથે અયોધ્યા જતા પ્રવાસીઓ, વરિષ્ઠ નાગરિકો અને મોટી સંખ્યામાં જતા યાત્રાળુ જૂથોને એક જ સ્થળે રહેવા તથા અન્ય જરૂરી સુવિધાઓ મળી રહે તે દિશામાં આ પ્રોજેક્ટ મહત્વનો માનવામાં આવી રહ્યો છે.

ગુજરાત સરકારની આ પહેલને માત્ર એક આવાસ નિર્માણ પ્રોજેક્ટ તરીકે જોવામાં આવી રહી નથી, પરંતુ ગુજરાત અને અયોધ્યા વચ્ચેના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધોને વધુ ગાઢ બનાવવાના પ્રયાસ તરીકે પણ તેને જોવામાં આવી રહી છે. અયોધ્યા પહોંચનારા ગુજરાતના શ્રદ્ધાળુઓને પોતાના રાજ્ય જેવી સુવિધા અને અનુકૂળ વાતાવરણ મળી રહે તે માટે તૈયાર થઈ રહેલું આ સંકુલ યાત્રાળુઓ માટે મહત્વપૂર્ણ કેન્દ્ર બની શકે છે. ભવ્ય સુવિધાઓ સાથેનું આ યાત્રી નિવાસ આગામી સમયમાં અયોધ્યા આવતા ગુજરાતના પ્રવાસીઓ માટે રોકાણ, આરામ અને માર્ગદર્શનનું એક સુવિધાજનક સ્થળ બનશે.

રખડતા પશુઓનો ત્રાસ યથાવત્, આખલા યુદ્ધથી વેપારીઓ અને રહીશોમાં ભયનો માહોલ

અમદાવાદ, તા.08

અમદાવાદ જિલ્લાના ઐતિહાસિક અને વેપારી મથક એવા ધોળકા શહેરમાં રખડતા પશુઓનો ત્રાસ દિન-પ્રતિદિન અત્યંત ભયજનક સપાટીએ પહોંચી ગયો છે. શહેરના મુખ્ય માર્ગો, ચોકો અને જાહેર રસ્તાઓ પર અડિંગો જમાવીને બેસતા બિનવારસી ઢોર તેમજ અવારનવાર ખેલાતા આખલા યુદ્ધના કારણે સ્થાનિક રહીશો, વેપારીઓ અને વાહનચાલકોના જીવ સતત તાળવે ચોંટેલા રહે છે. ધોળકા નગરપાલિકા તંત્રની ઘોર નિષ્ક્રિયતા અને બેદરકારીના કારણે આજે સમગ્ર શહેર રખડતા પશુઓની ગંભીર સમસ્યાથી ઘેરાઈ ગયું છે. ધોળકાના મુખ્ય આર્થિક અને વેપારી કેન્દ્રોથી લઈને આસપાસની રહેણાંક સોસાયટીઓ સુધી તમામ વિસ્તારોમાં માર્ગો પરથી પસાર થવું હવે જોખમી બની ગયું છે. શહેરના કલીકુંડ વિસ્તારથી લઈને પાર્શ્વનાથ સર્કલ સુધીનો સમગ્ર માર્ગ, નવી અને જૂની શાક માર્કેટ, સરોડા રોડ તેમજ તેની આસપાસ આવેલી અનેક સોસાયટીઓમાં રખડતા પશુઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોવા મળી રહ્યો છે. ધોળકાના અતિ વ્યસ્ત ગણાતા વિસ્તારોમાં ગમે ત્યારે રખડતા આખલાઓ વચ્ચે



હિંસક બાખડવાના દ્રશ્યો સર્જાય છે. રસ્તાની વચ્ચે અચાનક ખેલાતા આ આખલા યુદ્ધના કારણે અનેક વાહનચાલકો કાબૂ ગુમાવતાં અકસ્માતનો ભોગ બની રહ્યા છે. પદયાત્રીઓ અને ખાસ કરીને નાના બાળકો તથા વૃદ્ધો માટે આ વિસ્તારોમાંથી પસાર થવું એ જીવના જોખમ સમાન બની ચૂક્યું છે. માર્ગો પર પશુઓના જમાવડાને કારણે ટ્રાફિક જામની સમસ્યા પણ રોજના ધોરણે વિકરાળ રૂપ ધારણ કરી રહી છે.

આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે તાજેતરમાં જ ધોળકા GIDC વિસ્તારમાં એક અત્યંત કરૂણ અને હૃદયદ્રાવક દુર્ઘટના ઘટી હતી, જેમાં એક હિંસક આખલાએ નિર્દોષ યુવકને અડફેટે લઈને શિંગડે ચડાવ્યો હતો અને અત્યંત ક્રૂરતાપૂર્વક તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. એક આશાસ્પદ યુવકનો ભોગ લેવાયો હોવા છતાં અને સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હોવા છતાં, ધોળકા નગરપાલિકાનું નિદ્રાધીન તંત્ર જાગવાનું નામ લેતું નથી. આવી ગંભીર ઘટના બનવા છતાં પાલિકા દ્વારા રખડતા ઢોરને પકડવા માટે કે તેમને યોગ્ય પાંજરે પૂરવા માટે કોઈ નક્કર કે આયોજનબદ્ધ કામગીરી હાથ ધરવામાં આવી નથી, જેના કારણે સ્થાનિક નાગરિકો અને વેપારી મંડળોમાં ભારે આક્રોશ અને રોષની લાગણી પ્રવર્તી રહી છે.


સ્થાનિક રહીશોનો સીધો આરોપ છે કે નગરપાલિકાના ચીફ ઓફિસર અને ચૂંટાયેલા કાઉન્સિલરો પ્રજાની આ ગંભીર હાલાકી અને જીવના જોખમ પ્રત્યે તદ્દન ઉદાસીન અને નિષ્ઠુર વલણ દાખવી રહ્યા છે. હાલમાં નવરાત્રિ અને દિવાળી જેવા ભારતભરના સૌથી મોટા તહેવારો ખૂબ જ નજીક આવી રહ્યા છે, ત્યારે ધોળકાના બજારોમાં ખરીદી માટે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાંથી હજારો ગ્રાહકોની ભારે ભીડ ઉમટી પડશે. આવા અતિ ભીડભાડ વાળા માર્ગો અને બજારોમાં રખડતા પશુઓની હાજરીના કારણે કોઈ મોટી જાનહાનિ કે હોનારત સર્જાવાની પૂરેપૂરી ભીતિ સેવાઈ રહી છે. ધોળકાના જાગૃત નાગરિકો અને વેપારીઓ એકસૂરે માંગ કરી રહ્યા છે કે નગરપાલિકા તંત્ર તાત્કાલિક કુંભકર્ણની નિદ્રામાંથી જાગે, યુદ્ધના ધોરણે કડક ઢોર પકડ ઝુંબેશ શરૂ કરે અને શહેરના તમામ વિસ્તારોને રખડતા પશુઓના ભયમાંથી મુક્તિ અપાવે.

અમદાવાદમાં મકરબાનો ખામીયુક્ત બ્રિજ બનાવનાર એજન્સીને જ અભ્યાસની જવાબદારી સોંપાઈ....

અમદાવાદ, તા.08

અમદાવાદ શહેરના મકરબા વિસ્તારમાં આવેલા રેલવે ઓવરબ્રિજની ગંભીર ડિઝાઈન ખામીઓ અને ટ્રાફિકની મુશ્કેલીઓ હાલ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ શહેરીજનો માટે ભારે માથાનો દુઃખાવો બની ગઈ છે. 96 કરોડથી પણ વધુના તોતિંગ ખર્ચે તૈયાર કરવામાં આવેલો આ બ્રિજ તેના નિર્માણ સમયથી જ ભારે વિવાદોમાં રહ્યો છે. ચાર વર્ષના નિર્ધારિત સમયગાળાના બદલે છ વર્ષના લાંબા વિલંબ બાદ માંડ ખુલ્લો મૂકાયેલો આ ઓવરબ્રિજ હવે તંત્રની અણઘડ નીતિઓ અને ભ્રષ્ટ કારોબારનો ઉત્તમ નમૂનો સાબિત થઈ રહ્યો છે. આટલી મોટી રકમનો ધુમાડો કર્યા પછી પણ બ્રિજ પર સર્જાયેલી ક્ષતિઓ અને ટ્રાફિકની સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે અભ્યાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તંત્રનો આ નિર્ણય 'ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળાં મારવા' જેવો સાબિત થઈ રહ્યો છે, જેને કારણે સામાન્ય જનતામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની આકરી ટીકા થઈ રહી છે અને સમગ્ર બાબત લોકોમાં ભારે હાંસીને પાત્ર બની છે.

સૌથી વધુ ચોંકાવનારી અને આશ્ચર્યજનક બાબત તો એ છે કે જે



ડેલ્ફ (DELF) નામની કન્સલ્ટન્ટ એજન્સીએ આ ક્ષતિયુક્ત અને ખામીયુક્ત બ્રિજની ડિઝાઈન તૈયાર કરી હતી, તે જ એજન્સીને હવે આ બ્રિજનો પુનઃ અભ્યાસ કરવાનું અને રિપોર્ટ સોંપવાનું કામ સોંપવામાં આવ્યું છે. આ પરિસ્થિતિ બિલકુલ એવી છે કે જાણે પરીક્ષાર્થી પોતે જ પોતાના પેપરની તપાસ કરી રહ્યો હોય. જે એજન્સીની ક્ષતિના કારણે આજે હજારો વાહનચાલકો અને સ્થાનિક રહીશો મુશ્કેલી ભોગવી રહ્યા છે, તેને જ તપાસ સોંપીને કોર્પોરેશન તંત્ર પોતાની જ ભૂલો પર પડદો પાડવાનો પ્રયાસ કરી રહ્યું હોય તેવું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે.

આ બ્રિજના નિર્માણ સમયે યોગ્ય આયોજન અને દીર્ઘદ્રષ્ટિનો અભાવ સ્પષ્ટપણે દેખાઈ આવતો હતો. મુખ્ય રસ્તા પર યોગ્ય રીતે ઓવરબ્રિજનું આયોજન કરવાના બદલે અથવા કોઈ વ્યવહારુ વિકલ્પ વિચારવાના બદલે, એજન્સી અને ઈજનેરોએ સીધો જ ચાર રસ્તા પર જઈને પૂરો થાય તે પ્રકારનો બ્રિજ બનાવી દીધો. સામાન્ય બુદ્ધિ ધરાવતી કોઈપણ વ્યક્તિ સમજી શકે કે આ પ્રકારની ખામીયુક્ત ડિઝાઈનના કારણે ભવિષ્યમાં અહીં અતિશય ટ્રાફિક જામ, વાહનોના સર્જાતા અકસ્માતો અને ગંભીર અરાજકતા ઊભી થશે. આમ છતાં, મ્યુનિસિપલ કોર્પોરેશનના જે તે સમયના તથાકથિત બાહોશ ઈજનેરો, વરિષ્ઠ અધિકારીઓ અને સત્તાધારી શાસકોને આ બાબતનો સામાન્ય અણસાર પણ ન આવ્યો અથવા તો તેમણે જાણી જોઈને આંખ આડા કાન કર્યા.

હાલમાં આ ઓવરબ્રિજ પર દૈનિક ધોરણે સર્જાતા ટ્રાફિક જામ અને અકસ્માતોના ભયથી વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. લોકોના વધતા જતા ઉહાપોહ અને વિરોધના કારણે હવે તંત્ર પર કડક પગલાં લેવાનું ભારે દબાણ ઊભું થયું છે. જોકે, જવાબદાર અધિકારીઓ અને પોતાના માનીતા કન્સલ્ટન્ટ્સને બચાવવા માટે મ્યુનિસિપલ તંત્ર ફક્ત કાગળ પરની કાર્યવાહી કરી રહ્યું હોય તેમ લાગે છે. હાલમાં એજન્સી ડીઈએલએફ પાસેથી માત્ર સ્પષ્ટીકરણ અને ખુલાસો માગવામાં આવ્યો છે. કોર્પોરેશનનું વલણ એવું દેખાઈ રહ્યું છે કે માત્ર સવાલો પૂછીને અને સમય પસાર કરીને લોકો આ આખા મુદ્દાને ભૂલી જાય તે રીતે મામલો થાળે પાડવો.

નાના વેપારીઓને ચિલ્લરમાં 5 અને 10 રૂપિયાના સિક્કા આપવાનો ભરોસો આપી મોટી રકમ પડાવતો ઠગ પકડાયો

અમદાવાદ, તા.08

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં રેસ્ટોરન્ટ, નાસ્તાના ગલ્લા અને ફરસાણની દુકાન ચલાવતા વેપારીઓને 5 અને 10 રૂપિયાના સિક્કાની ચિલ્લર લાવી આપવાની લાલચ આપી રોકડ રકમ પડાવી લેવાના કિસ્સામાં રામોલ પોલીસે એક શખસને ઝડપી પાડ્યો છે. આરોપી વેપારીઓની ચિલ્લરની જરૂરિયાતનો લાભ લઈને પહેલા તેમનો વિશ્વાસ જીતતો હતો અને ત્યારબાદ મોટી રકમ મેળવી ચિલ્લર આપ્યા વગર જ ફરાર થઈ જતો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપીએ છેલ્લા બે વર્ષ દરમિયાન નિકોલ અને ઓઢવ વિસ્તારમાં સાતથી વધુ વેપારીઓને નિશાન બનાવી કુલ રૂ.4.60 લાખથી વધુની છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે.

રામોલ પોલીસને માહિતી મળી હતી કે વેપારીઓ સાથે ચિલ્લરના નામે છેતરપિંડી કરનાર શખસ વસ્ત્રાલના તનમન ચાર રસ્તા નજીક હાજર છે. માહિતીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી આરોપીને ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં આરોપીની ઓળખ મૂળ પાટણ જિલ્લાના



શંખેશ્વર તાલુકાના કુવર ગામના 33 વર્ષીય વાલા ઉર્ફે વિરાજ રબારી તરીકે થઈ હતી. પોલીસની પૂછપરછ દરમિયાન આરોપીએ ચિલ્લર આપવાની લાલચ આપી વેપારીઓ પાસેથી રોકડ રકમ મેળવી લેવાની મોડસ ઓપરેન્ડી અંગે માહિતી આપી હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી પાસે કોઈ કાયમી કામધંધો ન હોવાથી તે શહેરના અલગ અલગ વિસ્તારોમાં ફરીને એવા વેપારીઓને શોધતો હતો જ્યાં રોજિંદા વ્યવહારમાં મોટી માત્રામાં નાના સિક્કાની જરૂરિયાત રહેતી હોય. ખાસ કરીને રેસ્ટોરન્ટ, નાસ્તાના ગલ્લા, હોટેલ અને ફરસાણની દુકાનોને તે ટાર્ગેટ કરતો હતો. આવા વેપારીઓને દિવસ દરમિયાન ગ્રાહકો પાસેથી મળતા મોટા નોટના બદલામાં 5 અને 10 રૂપિયાના સિક્કાની જરૂર પડતી હોવાથી આરોપી તેમની આ જરૂરિયાતને સમજીને વાતચીત શરૂ કરતો હતો.

આરોપી વેપારીઓ સાથે વિશ્વાસભર્યો વ્યવહાર કરીને પોતે મોટી માત્રામાં ચિલ્લર ઉપલબ્ધ કરાવી શકે છે તેવી વાત કરતો હતો. ક્યારેક પોતાને કોઈ ઓળખીતા વ્યક્તિ, વેપારી અથવા અન્ય સ્ત્રોત પાસેથી મોટી માત્રામાં સિક્કા મળી શકે છે તેમ કહી વેપારીઓને વિશ્વાસમાં લેતો હતો. વેપારી તેની વાતમાં આવી જાય ત્યારબાદ આરોપી 5 અને 10 રૂપિયાના સિક્કા પહોંચાડવાના બહાને તેમની પાસેથી રોકડ રકમ મેળવી લેતો હતો. રોકડ હાથમાં આવ્યા બાદ આરોપી ચિલ્લર પહોંચાડ્યા વિના જ ત્યાંથી નીકળી જતો અને બાદમાં વેપારીનો સંપર્ક ટાળતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

આરોપી સામાન્ય રીતે વેપારીઓ પાસેથી રૂ.15 હજારથી લઈને રૂ.1 લાખ સુધીની રકમ મેળવી લેતો હતો. ચિલ્લરની જરૂરિયાત અને આરોપીની વાત પર વિશ્વાસ રાખીને વેપારીઓ અગાઉથી રોકડ આપી દેતા હતા. પરંતુ ત્યારબાદ આરોપી ચિલ્લર આપતો ન હોવાથી વેપારીઓને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતું હતું. આ રીતે એક પછી એક વેપારીઓને નિશાન બનાવી આરોપીએ છેલ્લા બે વર્ષ દરમિયાન સાતથી વધુ લોકો પાસેથી રૂ.4.60 લાખથી વધુની રકમ પડાવી લીધી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

આરોપી વાલા રબારી ખાસ કરીને એવા વિસ્તારોમાં જતો હતો જ્યાં ખાણીપીણીની દુકાનો અને રેસ્ટોરન્ટની સંખ્યા વધારે હોય. આવા વેપારીઓ માટે નાના સિક્કા રોજિંદા વ્યવસાયમાં મહત્વપૂર્ણ હોવાથી આરોપીને સરળતાથી તેમની જરૂરિયાતની જાણકારી મળી જતી હતી. ત્યારબાદ તે પોતે ચિલ્લરનો મોટો જથ્થો લાવી આપશે તેવી વાત કરીને વેપારી પાસેથી રોકડ મેળવતો હતો. પોલીસ હવે આરોપીએ અન્ય કેટલા વેપારીઓને આ જ રીતે નિશાન બનાવ્યા છે અને તેની સાથે અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે કેમ તે અંગે પણ તપાસ કરી રહી છે.

રામોલ પોલીસે આરોપીની ધરપકડ કર્યા બાદ તેની પાસેથી વધુ વિગતો મેળવવા માટે પૂછપરછ હાથ ધરી છે. પોલીસ દ્વારા નિકોલ, ઓઢવ અને પૂર્વ અમદાવાદના અન્ય વિસ્તારોમાં ચિલ્લરના નામે થયેલી છેતરપિંડી અંગે પણ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. આરોપી સામે અગાઉ આવા કોઈ ગુના નોંધાયા છે કે કેમ અને છેલ્લા બે વર્ષ દરમિયાન તેણે અન્ય વેપારીઓ પાસેથી કેટલી રકમ મેળવી છે તે અંગે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. ચિલ્લરની જરૂરિયાતને કારણે વેપારીઓ સરળતાથી અજાણ્યા વ્યક્તિને મોટી રકમ આપી ન દે અને કોઈપણ પ્રકારની રોકડ લેવડદેવડ કરતા પહેલાં તેની વિશ્વસનીયતા ચકાસે તે દિશામાં પણ આ બનાવ સાવચેતીનો સંદેશ આપે છે.

દાણીલીમડામાં યુવતી સાથે વાત કરવા બાબતે કારખાનેદાર પર 4 લોકોનો જીવલેણ હુમલો

અમદાવાદ, તા.08

અમદાવાદના દાણીલીમડામાં યુવતી સાથેની મિત્રતાની અદાવતમાં કારખાનેદાર પર લાકડી-દંડાથી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. સિકંદર માર્કેટ નજીક આવેલા કારખાના બહાર જ યુવતીના પિતા સહિત ચાર શખસોએ 35 વર્ષીય કારખાનેદાર પર અચાનક તૂટી પડીને દંડા વડે હુમલો કર્યો હતો. હુમલામાં કારખાનેદારના માથાના ભાગે ગંભીર ઈજા થતાં તે લોહીલુહાણ હાલતમાં જમીન પર પટકાયો હતો. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેના આધારે દાણીલીમડા પોલીસે તપાસ આગળ ધપાવી છે.

મળતી માહિતી મુજબ, જમાલપુરના નવા ડુંગરપુર વિસ્તારમાં રહેતા 35 વર્ષીય યાસર મહંમદહનીફ લેલી દાણીલીમડા વિસ્તારમાં કારખાનું ચલાવે છે. યાસરના ઘરની સામે એક યુવતી રહેતી હોવાનું અને બંને વચ્ચે મિત્રતા હોવાની માહિતી તેના પરિવારજનોને મળી હતી. આ બાબતને લઈને આશરે



15 દિવસ અગાઉ બંને પક્ષો વચ્ચે તકરાર થઈ હતી. મામલો વધુ ન વણસે તે માટે બંને પક્ષના વડીલો વચ્ચે બેઠક યોજાઈ હતી અને સમજાવટ બાદ સમાધાન કરાવવામાં આવ્યું હતું. તે સમયે મામલો શાંત પડી ગયો હતો અને બંને પક્ષો વચ્ચે સમજૂતી થઈ હતી.

જોકે, પોલીસ ફરિયાદ મુજબ આ સમાધાન બાદ પણ યુવતીના પરિવારજનોના મનમાં અદાવત યથાવત રહી હતી. આ અદાવતને પગલે ગત છઠ્ઠી ઓક્ટોબરના રોજ બપોરના સમયે યુવતીના પિતા મોઈન સહિત ચાર શખસો સિકંદર માર્કેટ પાસે આવેલા યાસરના કારખાને પહોંચ્યા હતા. તે સમયે યાસર પોતાના મિત્ર યાસીન સાથે કારખાનાની બહાર ઊભો હતો. આરોપીઓ ત્યાં પહોંચ્યા બાદ કોઈ ખાસ તકરાર થાય તે પહેલાં જ અચાનક યાસર પર દંડા વડે હુમલો શરૂ કરી દીધો હતો.

હુમલાખોરોએ યાસરને દંડા અને લાકડીઓ વડે માર મારતા તે બચવા માટે પ્રયાસ કરવા લાગ્યો હતો. જોકે, આરોપીઓએ તેને ઘેરીને હુમલો ચાલુ રાખ્યો હતો. આ દરમિયાન મોઈને યાસરના માથાના ભાગે દંડો મારી દેતાં તેને ગંભીર ઈજા થઈ હતી. માથામાં દંડો વાગતાં યાસર લોહીલુહાણ થઈ ગયો હતો અને થોડા સમય બાદ જમીન પર પટકાયો હતો. જાહેર રસ્તા પર બનેલી આ ઘટનાને કારણે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

યાસર પર હુમલો થતો જોઈને આસપાસના લોકો ઘટનાસ્થળે એકઠા થવા લાગ્યા હતા. લોકો ભેગા થતા હુમલાખોરોએ ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જતા જતા હુમલાખોરોએ યાસરને વધુ ધમકી આપતાં જણાવ્યું હતું કે, "હજી તો આ ઓછો માર્યો છે, તને ઘરે આવીને મારીશું." આ ધમકી બાદ ચારેય શખસો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટનાના CCTV ફૂટેજમાં પણ હુમલાખોરો દ્વારા કારખાના બહાર યાસર પર દંડા વડે હુમલો કરવામાં આવતો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.


હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યાસરને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં તબીબોએ તેના માથાના ભાગે થયેલી ઈજાની સારવાર કરી હતી અને ટાંકા લેવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ યાસર દાણીલીમડા પોલીસ મથકે પહોંચ્યો હતો અને સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરી હતી. ત્યારબાદ તેણે યુવતીના પિતા મોઈન સહિત ચાર શખસો સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે દાણીલીમડા પોલીસે હુમલો, મારામારી અને ધમકી સહિતની બાબતોને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારમાં લાગેલા CCTV કેમેરાના ફૂટેજ એકત્રિત કરવામાં આવી રહ્યા છે. CCTVમાં કેદ થયેલા દૃશ્યોના આધારે હુમલામાં સામેલ અન્ય ત્રણ શખસોની ઓળખ અને તેમની ભૂમિકા અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે. યુવતી સાથેની મિત્રતાને લઈને અગાઉ થયેલી તકરાર અને ત્યારબાદ થયેલા હુમલા વચ્ચેના સમગ્ર ઘટનાક્રમની પણ પોલીસ તપાસ કરી રહી છે.

જાહેરમાં કારખાનેદાર પર દંડા વડે થયેલા હુમલાની ઘટનાને લઈને આસપાસના વિસ્તારમાં પણ ચર્ચા શરૂ થઈ છે. અગાઉ બંને પક્ષો વચ્ચે વડીલોની હાજરીમાં સમાધાન થઈ ગયું હોવા છતાં ફરીથી હુમલો થતાં મામલો ગંભીર બન્યો છે. હાલમાં દાણીલીમડા પોલીસ CCTV ફૂટેજ અને ફરિયાદના આધારે આરોપીઓ સુધી પહોંચવા માટે કાર્યવાહી કરી રહી છે.

નવરાત્રિ મહોત્સવ પૂર્વે 55થી 60 અરજીઓ સામે માત્ર 3 ગરબા આયોજકોને ફાયર NOC મળી!

અમદાવાદ, તા.08

અમદાવાદ શહેરમાં આગામી રવિવારથી પ્રારંભ થઈ રહેલા આદ્યશક્તિની આરાધનાના મહાપર્વ નવરાત્રિ મહોત્સવ દરમિયાન ગરબાના તાલે ઘૂમનારા લાખો ખેલૈયાઓની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસિસ વિભાગ દ્વારા અત્યંત કડક અને વહીવટી વલણ અપનાવવામાં આવ્યું છે. શહેરમાં ક્લબ, પાર્ટી પ્લોટ, ખુલ્લા મેદાનો અને ખાસ કરીને મોટા એસી ડોમમાં યોજાતા ભવ્ય ગરબા મહોત્સવ માટે ફાયર વિભાગ સમક્ષ અત્યાર સુધીમાં અંદાજે ૫૫ થી૬૦ જેટલા મોટા આયોજકો દ્વારા ફાયર એનઓસી એટલે કે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવા માટે અરજીઓ સબમિટ કરવામાં આવી છે. આ તમામ અરજીઓની પ્રાથમિક ચકાસણી હાથ ધર્યા બાદ સુરક્ષાના તમામ કડક ધોરણોનું સંપૂર્ણ પાલન કરતા હોય તેવા માત્ર ત્રણ મોટા આયોજકોને જ અત્યાર સુધીમાં પ્રારંભિક મંજૂરી આપવામાં આવી છે. બાકી રહેલી તમામ અરજીઓ સંદર્ભે ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓ



અને નિષ્ણાત ટીમો દ્વારા સ્થળ પર જઈને આકસ્મિક તપાસ અને ચકાસણીની કામગીરી અત્યંત ઝડપી બનાવી દેવામાં આવી છે.

અમદાવાદ ફાયર વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ આપેલી માહિતી મુજબ, શહેરના વિવિધ ભાગોમાં હાલ મોટા ગરબા ગ્રાઉન્ડ તૈયાર કરવાની તેમજ વિશાળ એસી ડોમ ઊભા કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, જ્યાં જરૂરી સાધન-સામગ્રી પહોંચાડીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ તમામ તૈયારીઓ અને સ્ટ્રક્ચરલ કામગીરી આગામી બેથી ત્રણ દિવસમાં પૂર્ણ થવાની પૂર્ણ શક્યતા છે. આથી, એડિશનલ ચીફ ફાયર ઓફિસર તથા ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર સહિતના વરિષ્ઠ અધિકારીઓની બનેલી ખાસ ટીમો દરેક ગરબા સ્થળ પર વ્યક્તિગત રીતે પહોંચશે. ત્યાં તેઓ ફાયર સિક્યુરિટી સંબંધિત નક્કી કરાયેલા આશરે ૩૦ જેટલા કડક નિયમોની ઝીણવટભરી અને ક્ષેત્રીય ચકાસણી કરશે. આ તપાસ દરમિયાન સ્થળ પર યોગ્ય ક્ષમતાવાળા ફાયર એક્સ્ટિન્ગ્યુઈશર, આગ કે અન્ય ઈમરજન્સી વખતે લોકો સહેલાઈથી બહાર નીકળી શકે તે માટે પૂરતા પ્રમાણમાં પહોળા ઈમરજન્સી એક્ઝિટ પોઈન્ટ્સ અને કોઈપણ અણબનાવ સમયે મોટું ફાયર ટેન્ડર સરળતાથી ગ્રાઉન્ડ સુધી પહોંચી શકે તેટલી રસ્તાની પહોળાઈ છે કે નહીં તે બાબતોની ખાસ સમીક્ષા કરવામાં આવશે. ફાયર વિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શનિવાર અને રવિવાર સુધીમાં તમામ આયોજકોની અરજીઓનો સ્થળ તપાસ બાદ આખરી નિકાલ કરવામાં આવશે. જે આયોજન સ્થળે તમામ ૩૦ સુરક્ષા નિયમોનું ૧૦૦ ટકા ચુસ્ત પાલન થતું જણાશે, તેમને જ અંતિમ ફાયર NOC આપવામાં આવશે. જો તપાસ દરમિયાન સુરક્ષા નિયમોમાં સહેજ પણ બેદરકારી કે ઉણપ જણાશે તો તેવા આયોજકોને તાત્કાલિક અસરથી એનઓસી આપવાનો ઈનકાર કરી દેવામાં આવશે. વિશેષરૂપે, આ વર્ષે અમદાવાદમાં ખુલ્લા ગ્રાઉન્ડના બદલે સંપૂર્ણ બંધ કવર્ડ એસી ડોમમાં ગરબા આયોજન કરવાનું ચલણ અને પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓ માટે નોકરી મોંઘી થશે: ટ્રમ્પ સરકારે ₹68 લાખ ફીનો પ્રસ્તાવ મૂક્યો

વોશિંગ્ટન, તા.08

અમેરિકામાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓ માટે અભ્યાસ પછી નોકરી કરવી મોંઘી પડી શકે છે. ટ્રમ્પ સરકારે દરેક નવા વિદ્યાર્થી માટે 70 હજાર ડૉલર એટલે કે આશરે 68 લાખની ફી વસૂલવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

આ ફી ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) માટે રાખવામાં આવી છે. તેના હેઠળ વિદેશી વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કર્યા પછી અમેરિકામાં નોકરી કરવાની મંજૂરી મળે છે. ફી વિદ્યાર્થીએ નહીં, પરંતુ તેની કૉલેજ અથવા યુનિવર્સિટીએ ચૂકવવી પડશે.

આ નિર્ણયની સૌથી વધુ અસર ભારત અને ચીનના વિદ્યાર્થીઓ પર પડશે. 2024-25ના આંકડા મુજબ, અમેરિકામાં ભારતના આશરે 3.63 લાખ અને ચીનના આશરે 2.66 લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા. એટલે કે બંને દેશોના આશરે 6.3 લાખ વિદ્યાર્થીઓ અમેરિકામાં છે.

આમાંથી ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ પૂર્ણ કર્યા પછી OPT મારફતે અમેરિકામાં નોકરી કરે છે. ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં એન્જિનિયરિંગ, ટેક્નોલોજી અને અન્ય STEM વિષયોનો અભ્યાસ કરે છે.



OPT એટલે કે ઑપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ હેઠળ વિદેશી વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ સાથે સંબંધિત કામનો અનુભવ મેળવી શકે છે. સામાન્ય રીતે અભ્યાસ પૂર્ણ કર્યા પછી તેમને એક વર્ષ સુધી નોકરી કરવાની મંજૂરી મળે છે. STEM એટલે કે સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સના વિદ્યાર્થીઓને વધુ બે વર્ષ કામ કરવાની મંજૂરી મળી શકે છે.

પ્રસ્તાવ મુજબ, કોઈ વિદ્યાર્થીના OPT માટે પહેલી વાર અરજી કરવામાં આવે ત્યારે તેની કૉલેજ અથવા યુનિવર્સિટીએ 70 હજાર ડૉલર એટલે કે આશરે 68 લાખ ચૂકવવા પડશે. જો વિદ્યાર્થી OPTને આગળ વધારે છે, તો દર વખતે રિન્યૂ કરાવવા માટે 30 હજાર ડૉલર એટલે કે આશરે 29 લાખ ફી ચૂકવવી પડશે.

આ પૈસા સીધા વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવશે નહીં. પરંતુ આટલી મોટી ફીને કારણે કોલેજો અને યુનિવર્સિટીઓ માટે વિદેશી વિદ્યાર્થીઓને OPTની સુવિધા આપવાનો ખર્ચ ઘણો વધી જશે.

OPT દ્વારા વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકામાં કામનો અનુભવ મળે છે. ટેક કંપનીઓ અને અન્ય કંપનીઓ આવા વિદ્યાર્થીઓને ખાસ કરીને STEM સાથે જોડાયેલા કામોમાં નોકરી આપે છે.

અમેરિકાની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સાથે જોડાયેલા સંગઠન NAFSAએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો છે. સંગઠનનું કહેવું છે કે વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકાથી દૂર કરવાથી દેશના ઈનોવેશન અને આર્થિક વિકાસને નુકસાન થઈ શકે છે. અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ (DHS)નું કહેવું છે કે OPT કાર્યક્રમમાં છેતરપિંડી અને દુરુપયોગને રોકવા માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે. વિભાગે આરોપ લગાવ્યો કે આ કાર્યક્રમનો ઉપયોગ સસ્તા વિદેશી કર્મચારીઓને અમેરિકામાં લાવવા માટે કરવામાં આવી રહ્યો છે.

હાલમાં આ માત્ર એક પ્રસ્તાવ છે. લોકો અને સંસ્થાઓને તેના પર પોતાનો અભિપ્રાય આપવા માટે 60 દિવસનો સમય મળશે. ત્યાર બાદ સરકાર તેને અંતિમ સ્વરૂપ આપી શકે છે.

ટ્રમ્પ સરકારે વિદેશી વિદ્યાર્થીઓને લઈને અગાઉ પણ અનેક કડક પગલાં લીધાં છે. ગયા વર્ષે હજારો વિદેશી વિદ્યાર્થીઓનો કાનૂની દરજ્જો સમાપ્ત કરવામાં આવ્યો હતો. તેમાંથી અનેક વિદ્યાર્થીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા અને અમેરિકાની બહાર મોકલી દેવામાં આવ્યા.

આ વર્ષે સરકારે વિદેશી વિદ્યાર્થીઓના અમેરિકામાં રહેવાના સમયગાળા અંગે પણ નવો નિયમ બનાવ્યો હતો. તેના વિરોધમાં કોલેજો અને યુનિવર્સિટીઓએ વિરોધ નોંધાવ્યો હતો. સપ્ટેમ્બરમાં એક ફેડરલ અદાલતે આ નિયમના અમલ પર રોક લગાવી દીધી હતી.

એક અહેવાલ મુજબ ભારતથી આવતા અરજદારોની સંખ્યામાં 15%નો ઘટાડો નોંધાયો છે. અમેરિકામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ભારતથી અભ્યાસ કરવા જાય છે. ઘટાડાનાં 3 કારણો-

કડક વિઝા નિયમો અને નીતિઓ: તેનું એક મોટું કારણ કડક વિઝા નિયમો અને ઈમિગ્રેશન નીતિઓ છે. આ નિયમોને લઈને વિદ્યાર્થીઓમાં એ ભય વધ્યો છે કે આગળના અભ્યાસ અને નોકરી માટે અમેરિકામાં રહેવું કેટલું સરળ રહેશે.

વિઝાની નવી સમયમર્યાદા: અમેરિકન સરકારે વિદ્યાર્થી અને મુલાકાતી વિઝા માટે અગાઉથી નક્કી કરાયેલી રહેવાની અવધિની વ્યવસ્થામાં ફેરફાર કર્યો છે. હવે ઘણા કિસ્સાઓમાં અમેરિકામાં રહેવાની સમયમર્યાદા ચાર વર્ષ સુધી મર્યાદિત થઈ શકે છે. તેનાથી લાંબા સમયનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી વધી શકે છે.

ભારે ફીનો ભય: અમેરિકા વિદેશી વિદ્યાર્થીઓ પર 1 લાખ ડૉલર સુધીની ફી લાદવા અંગે પણ વિચાર કરી રહ્યું છે, ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ માટે, જેઓ અભ્યાસ પૂર્ણ કર્યા પછી OPT દ્વારા અમેરિકામાં કામ કરવા માંગે છે.

AIMIMમાં જ ઘમાસાણ: નેતાઓ સામસામે રાણા રણજીત-આદિલ હસન વચ્ચે શાબ્દિક વોર

મુખ્ય ચૂંટણી કમિશનર સામે વિપક્ષ રસ્તા પર, AIMIM કેમ નહીં? રાણા રણજીતનો સવાલ

રાણા રણજીતે કહ્યું- 'તમામ પક્ષો રસ્તા પર છે, આપણે કેમ નહીં?'; આદિલ હસને વળતો જવાબ આપ્યો- 'પહેલા પોતાના ઘરની ગંદકી સાફ કરો'

નવી દિલ્હી, તા.08

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિપક્ષી પક્ષોના વિરોધ વચ્ચે AIMIMમાં જ આ મુદ્દે મતભેદ સામે આવ્યા છે. AIMIM નેતા રાણા રણજીતે સવાલ ઉઠાવ્યો છે કે જ્યારે તમામ વિપક્ષી પક્ષો મુખ્ય ચૂંટણી કમિશનર સામે રસ્તા પર ઉતરીને વિરોધ કરી રહ્યા છે, ત્યારે AIMIM આ મુદ્દે રસ્તા પર કેમ નથી ઉતરી રહી?

રાણા રણજીતે જણાવ્યું હતું કે, "આજે પહેલીવાર હું એક સવાલનો જવાબ આપી શક્યો નથી-તમામ પક્ષો રસ્તા પર છે, પરંતુ આપણે કેમ નથી?" તેમણે આશા વ્યક્ત કરી હતી કે AIMIM પણ ટૂંક સમયમાં આ મુદ્દે રસ્તા પર ઉતરશે.

રાણા રણજીતના આ નિવેદન બાદ AIMIM નેતા આદિલ હસને આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપી હતી. તેમણે રાણા રણજીતના નિવેદન પર વળતો જવાબ આપતાં કહ્યું કે, "અમારી પાર્ટીના કેટલાક નાસમજ લોકો પણ બોલી રહ્યા છે. તેમને ખબર હોવી જોઈએ કે તે સમયે તમે ક્યાંક બીજે હતા. પહેલાં પોતાના ઘરની ગંદકી સાફ કરો, પછી સવાલ પૂછો."



આદિલ હસને સોશિયલ મીડિયા પર કોઈપણ પોસ્ટ કરતા પહેલાં વિચારવાની પણ સલાહ આપી હતી. આ પ્રતિક્રિયા બાદ બંને નેતાઓ વચ્ચે શાબ્દિક ટક્કર વધુ ઉગ્ર બની હતી.

આદિલ હસનના નિવેદનના જવાબમાં રાણા રણજીતે પણ આકરો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, "આદિલ હસન સાહેબ, સિદ્ધાંતોની વાત કરતા પહેલાં બિહારમાં AIMIMની ખરાબ સ્થિતિનો જવાબ આપો."

રાણા રણજીતે વધુમાં દાવો કર્યો હતો કે જો આ મુદ્દે યોગ્ય જવાબ નહીં મળે તો તેઓ બંગાળથી લઈને બિહાર સુધી AIMIMની ભૂમિકા અંગે "પેમેન્ટ પ્રૂફ" સાથે જનતા સમક્ષ વાત મૂકશે. જોકે, તેમણે ઉલ્લેખ કરેલા આ કથિત પુરાવા અંગે હાલ કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લઈને વિપક્ષી પક્ષોના વિરોધ વચ્ચે AIMIMના બે નેતાઓ વચ્ચે થયેલી આ જાહેર નિવેદનબાજીએ પક્ષની અંદરની મતભેદની ચર્ચાને વેગ આપ્યો છે. હવે AIMIM આ મુદ્દે સત્તાવાર રીતે રસ્તા પર વિરોધ કરે છે કે નહીં અને નેતાઓ વચ્ચેનો વિવાદ આગળ શું સ્વરૂપ લે છે તે જોવાનું રહેશે.

'મને નોબેલ નહીં મળે તો ખૂબ બદનામી થશે': મેં 8 યુદ્ધ બંધ કરાવ્યા, દુનિયાને વિનાશથી બચાવી

વોશિંગ્ટન, તા.08

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે ફરી એકવાર નોબેલ શાંતિ પુરસ્કાર પર પોતાનો દાવો રજૂ કર્યો. તેમણે કહ્યું કે મેં 8 યુદ્ધો બંધ કરાવ્યાં છે. ટ્રમ્પે કહ્યું,

ટ્રમ્પ લાંબા સમયથી પોતાના કૂટનીતિક પ્રયાસો માટે આ પુરસ્કારના હકદાર હોવાનો દાવો કરતા રહ્યા છે.

આ પહેલાં જૂન 2025માં પણ ટ્રમ્પે આ પુરસ્કાર પર પોતાનો દાવો રજૂ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તેમને આ પુરસ્કાર 4 કે 5 વખત મળવો જોઈતો હતો. 2026ના નોબેલ શાંતિ પુરસ્કારની જાહેરાત 9 ઑક્ટોબરે નૉર્વેની નોબેલ સમિતિ કરશે.

ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કારને લઈને કરવામાં આવેલા દાવા તેમના બીજા કાર્યકાળ પહેલાંના છે. પ્રથમ કાર્યકાળ દરમિયાન તેમણે ઉત્તર કોરિયા સાથેના પોતાના રાજદ્વારી પ્રયાસોનો અનેક વખત ઉલ્લેખ કર્યો હતો.

2018માં નોર્વેના બે સાંસદોએ ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન સાથે ટ્રમ્પની મુલાકાત બાદ તેમને આ પુરસ્કાર માટે નામાંકિત કરવાની વાત કહી હતી.

2019માં ટ્રમ્પે કહ્યું હતું કે જાપાનના તત્કાલીન વડાપ્રધાન શિન્ઝો આબેએ ઉત્તર કોરિયા સાથે તણાવ ઘટાડવાના તેમના પ્રયાસો માટે તેમને આ પુરસ્કાર માટે નામાંકિત કર્યા છે. જોકે, આબેએ જાહેરમાં તેમના નામાંકનની પુષ્ટિ કરી નહોતી. 2020ની રાષ્ટ્રપતિ ચૂંટણી દરમિયાન પણ ટ્રમ્પે નોબેલ પુરસ્કારને લઈને ફરીથી પોતાની



દાવેદારી કરી હતી. તેમણે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા સાથે પોતાની તુલના કરતાં કહ્યું હતું કે તેમને પણ આ સન્માન મળવું જોઈએ. ઓબામાને 2009માં નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો હતો.

ફેબ્રુઆરી 2025માં ઇઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ સાથે વ્હાઇટ હાઉસમાં મુલાકાત દરમિયાન પણ ટ્રમ્પે કહ્યું હતું કે તેમને નોબેલ શાંતિ પુરસ્કાર નહીં મળે, જ્યારે તેઓ તેના હકદાર છે.

જાન્યુઆરી 2026માં આ પુરસ્કારને લઈને ટ્રમ્પની નારાજગી નૉર્વે સાથેના વિવાદ સુધી પહોંચી ગઈ હતી. ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાના પ્રયાસને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે ટ્રમ્પે નૉર્વેના પીએમ જોનાસ ગાર સ્ટોરને મેસેજ મોકલ્યો હતો.

ટ્રમ્પે ફરિયાદ કરી હતી કે 8 યુદ્ધો રોકવા છતાં નૉર્વેએ તેમને આ પુરસ્કાર આપ્યો નહીં. ત્યારબાદ સ્ટોરે કહ્યું હતું કે આ પુરસ્કારનો નિર્ણય નૉર્વેની સરકાર કરતી નથી, પરંતુ સ્વતંત્ર નૉર્વેજિયન નોબેલ સમિતિ કરે છે.

ટ્રમ્પની નોબેલ દાવેદારીનો એક મામલો વેનેઝુએલાની વિપક્ષ નેતા મારિયા કોરીના મચાડો સાથે પણ જોડાયેલો છે. મચાડોને 2025નો આ પુરસ્કાર લોકશાહી અધિકારો માટેના તેમના કાર્ય બદલ આપવામાં આવ્યો હતો. બાદમાં તેમણે વ્હાઇટ હાઉસમાં ટ્રમ્પ સાથે મુલાકાત કરી અને તેમને પોતાનું નોબેલ મેડલ આપ્યું.

જોકે, આથી ટ્રમ્પને નોબેલ પુરસ્કાર મળ્યો નથી. પુરસ્કાર મચાડો પાસે જ રહ્યો. નોબેલ સમિતિ અનુસાર, પુરસ્કાર કોઈ અન્ય વ્યક્તિને ટ્રાન્સફર, શેર અથવા પરત કરી શકાય નહીં. 2020ની રાષ્ટ્રપતિ ચૂંટણી દરમિયાન પણ ટ્રમ્પે નોબેલ પુરસ્કારને લઈને ફરીથી પોતાની દાવેદારી કરી હતી. તેમણે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા સાથે પોતાની તુલના કરતાં કહ્યું હતું કે તેમને પણ આ સન્માન મળવું જોઈએ. ઓબામાને 2009માં નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો હતો.

ઇટાલીમાં ચૂંટણી જીતવા પર વધારાની બેઠકો મળવા અંગે વિવાદ: સંસદમાં મતદાન, મેલોની બોલ્યાં- કાયદો પસાર નહીં થાય તો રાજીનામું આપી દઈશ

રોમ, તા.08

ઇટાલીમાં ચૂંટણી જીતનાર પક્ષ અથવા ગઠબંધનને સંસદમાં વધારાની બેઠકો આપવાના પ્રસ્તાવ પર વિવાદ ઊભો થયો છે. વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની સરકાર આ કાયદો લાવવા માગે છે. આ અંતર્ગત ચૂંટણીમાં જીતનાર પક્ષ અથવા ગઠબંધનને સંસદમાં 105 વધારાની બેઠકો મળી શકે છે.

જોકે, આ માટે તેને બંને ગૃહોમાં ઓછામાં ઓછા 42% મત મેળવવા પડશે. સરકારનું કહેવું છે કે તેનાથી દેશમાં રાજકીય સ્થિરતા આવશે અને સરકારો વારંવાર નહીં પડે. બીજી તરફ, વિરોધીઓનો આરોપ છે કે આ કાયદાથી ચૂંટણી જીતનાર ગઠબંધનને જરૂર કરતાં વધુ સત્તા મળી જશે.

આ કાયદા પર આજે સંસદમાં મતદાન થવાનું છે. મેલોનીએ સ્પષ્ટ કહ્યું છે કે જો કાયદો પસાર નહીં થાય તો તે રાજીનામું આપી દેશે. આવી સ્થિતિમાં આ મતદાનને તેમની સરકાર માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

ઇટાલીની સંસદમાં કુલ 600 બેઠકો છે, જેમાં નીચલા ગૃહની 400 અને સેનેટની 200 બેઠકો છે. પ્રસ્તાવ મુજબ, જો કોઈ પક્ષ અથવા ગઠબંધન ઓછામાં ઓછા 42% મત મેળવીને સૌથી આગળ રહે છે, તો તેને નીચલા ગૃહમાં 70 અને સેનેટમાં 35 બોનસ બેઠકો આપવામાં આવશે.

આ બેઠકો કુલ સંખ્યાની અંદર જ વહેંચવામાં આવશે. તેનો અર્થ



એ નથી કે નીચલા ગૃહમાં 400ની ઉપર 70 બેઠકો ઉમેરવામાં આવશે. કુલ બેઠકો 400 જ રહેશે.

હવે નવા નિયમ હેઠળ વિજેતા પાર્ટી Aના ગઠબંધનને 70 બેઠકોનું બોનસ મળશે. બાકીની બેઠકો અન્ય પક્ષો વચ્ચે વહેંચવામાં આવશે.

એટલે કે પાર્ટી Aને તેના 43% મતોના આધારે મળનારી બેઠકો ઉપરાંત બોનસનો લાભ મળશે, જેના કારણે સંસદમાં તેની બેઠકોની સંખ્યા તેના મતપ્રતિશત કરતાં વધુ થઈ શકે છે.

ઇટાલીમાં સરકારો અસ્થિર રહેવાનો લાંબો ઇતિહાસ છે. 1946માં ઇટાલી પ્રજાસત્તાક બન્યું ત્યારથી અત્યાર સુધીમાં ત્યાં 68 સરકારો બની ચૂકી છે. 1954માં તો એક સરકાર માત્ર 22 દિવસ જ ચાલી હતી.

ગયા મહિને જ્યોર્જિયા મેલોનીએ એક રેકોર્ડ બનાવ્યો. સપ્ટેમ્બર 2022માં વડાપ્રધાન બન્યા બાદ તેમની સરકાર ઇટાલીના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી ચાલનારી સરકાર બની ગઈ. મેલોનીની વર્તમાન સરકારનો 5 વર્ષનો કાર્યકાળ આવતા વર્ષે પૂરો થવાનો છે. જોકે, જો આ કાયદાને લઈને સત્તાધારી ગઠબંધનમાં ભંગાણ પડે તો દેશમાં સમય પહેલાં ચૂંટણી પણ યોજાઈ શકે છે.

વિરોધીઓનું કહેવું છે કે વધારાની બેઠકો મળવાથી ચૂંટણી જીતનાર ગઠબંધન પાસે સંસદમાં જરૂર કરતાં વધુ તાકાત આવી શકે છે. તેનાથી તે અન્ય સાંસદો સાથે ચર્ચા કર્યા વિના ઘણા મોટા નિર્ણયો લઈ શકશે. તેમાં ન્યાયાધીશો અને રાષ્ટ્રપતિની નિમણૂક જેવા મહત્વપૂર્ણ મામલાઓ પણ સામેલ છે. તેનાથી લોકશાહીને ખતરો છે.

ડાબેરી વિચારધારા ધરાવતા પત્રકાર અને રાજકીય વિશ્લેષક માસિમો જિયાનિનીએ આ કાયદાની તુલના 1923માં બનેલા એક કાયદા સાથે કરી. આ કાયદાએ તે સમયે નેશનલ ફાસિસ્ટ પાર્ટીને સંસદ પર કબજો કરવામાં મદદ કરી હતી.

જિયાનિનીએ પોતાના પોડકાસ્ટમાં કહ્યું, "103 વર્ષ બાદ એ જ રીત ફરીથી અપનાવવામાં આવી રહી છે. ચૂંટણી કાયદામાં ભારે બહુમતી માટે બોનસ બેઠકો આપવાથી લોકશાહીનું સંતુલન બદલાઈ જાય છે."

કાયદાના સમર્થકોએ તેને 'સ્ટેબિલિકમ' એટલે કે 'સ્થિરતા' નામ આપ્યું છે. તેમનું કહેવું છે કે તેનો હેતુ ઇટાલીમાં સરકારોને સ્થિર બનાવવાનો છે. ઇટાલીનો રાજકીય ઇતિહાસ લાંબા સમય સુધી ચાલતી સરકારો માટે જાણીતો નથી. ત્યાં ઘણી સરકારો થોડા જ સમય પછી પડી ગઈ છે.

બીજી તરફ, વિરોધીઓએ તેને મેલોની સાથે જોડીને 'મેલોનેલ્લુમ' નામ આપ્યું છે. તેમનો આરોપ છે કે મેલોનીને ફાયદો થાય તેવો ચૂંટણી કાયદો તૈયાર કરવામાં આવ્યો છે, જેથી તેઓ ફરી સત્તામાં આવી શકે.

જો આ કાયદો પસાર થઈ જાય છે, તો વિરોધ પક્ષો અને સંગઠનો તેને ઇટાલીની બંધારણીય અદાલતમાં પડકારવાની તૈયારી કરી રહ્યા છે.

દરખાસ્તમાં એક નિયમ એવો પણ છે કે ચૂંટણી લડનાર ગઠબંધન મતદાન પહેલાં જ પ્રધાનમંત્રી પદ માટે પોતાના ઉમેદવારનું નામ જાહેર કરશે. સરકારનું કહેવું છે કે તેનાથી મતદારોને અગાઉથી ખબર રહેશે કે જીત્યા બાદ પ્રધાનમંત્રી કોણ બનશે. તેનાથી ચૂંટણીમાં સ્પષ્ટતા અને પારદર્શિતા આવશે.

પરંતુ વિરોધીઓનું કહેવું છે કે ઇટાલીમાં વડાપ્રધાનની પસંદગી કરવાનો અધિકાર રાષ્ટ્રપતિનો છે. રાષ્ટ્રપતિની પસંદગી સંસદ કરે છે અને તેમની પાસે કાયદા બનાવવા તથા ન્યાયિક વ્યવસ્થા સાથે જોડાયેલા કેટલાક વિશેષ અધિકારો પણ છે. વિરોધીઓને લાગે છે કે અગાઉથી ઉમેદવાર નક્કી કરવાનો નિયમ રાષ્ટ્રપતિની ભૂમિકાને નબળી બનાવી શકે છે.

ઇટાલીમાં 1993 પછીથી રાજકીય સ્થિરતા લાવવા માટે છ ચૂંટણી કાયદા બનાવવામાં આવી ચૂક્યા છે. તેમાં અગાઉ પણ વિજેતા પક્ષને વધારાની બેઠકો આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

વર્ષ 2005માં બનાવવામાં આવેલા એક ચૂંટણી કાયદામાં પણ આવી જોગવાઈ હતી, પરંતુ 2013માં ઇટાલીની બંધારણીય અદાલતે તેને અસંવૈધાનિક જાહેર કરી દીધી હતી. અદાલતનું કહેવું હતું કે વધારાની બેઠકો આપવા માટે મતોની કોઈ લઘુત્તમ ટકાવારી નક્કી કરવામાં આવી નહોતી. કાયદાના સમર્થકોએ તેને 'સ્ટેબિલિકમ' એટલે કે 'સ્થિરતા' નામ આપ્યું છે. તેમનું કહેવું છે કે તેનો હેતુ ઇટાલીમાં સરકારોને સ્થિર બનાવવાનો છે. ઇટાલીનો રાજકીય ઇતિહાસ લાંબા સમય સુધી ચાલતી સરકારો માટે જાણીતો નથી. ત્યાં ઘણી સરકારો થોડા જ સમય પછી પડી ગઈ છે.

કંગાળ પાકિસ્તાનીઓને ખાવાના ફાંફા: 20 કિલો લોટના ભાવ રૂ. 3200ને પાર, એક રોટલીની કિંમત ₹30, લોકોને લૂંટી વેપારીઓને કરોડોની કમાણી

ઇસ્લામાબાદ, તા.08

પાકિસ્તાનના પેશાવરમાં લોટની કિંમત ઝડપથી વધતા લોકો પરેશાન છે. 20 કિલો લોટની બેગની કિંમત 3,300 પાકિસ્તાની રૂપિયા સુધી પહોંચી ગઈ છે. લોટની કિંમત વધવાની અસર તંદૂરો પર પણ પડી છે.

ANI મુજબ, 20 રૂપિયામાં મળતી 50 ગ્રામની રોટલી હવે 30 રૂપિયામાં વેચાઈ રહી છે. અનેક વિસ્તારોમાં એક રોટલીનું વેચાણ પણ બંધ કરી દેવામાં આવ્યું છે અને 40 રૂપિયામાં બે રોટલીઓ આપવામાં આવી રહી છે.

સરકારી સબસિડીવાળો લોટ બજારમાંથી લગભગ ગાયબ થઈ ગયો છે. તેના કારણે દુકાનોમાં લોટની કિંમત વધી ગઈ છે. 20 કિલો લોટની બેગ 3,120 રૂપિયામાં વેચાઈ રહી છે, જ્યારે 80 કિલો લોટની કિંમત 13,200 રૂપિયા સુધી પહોંચી ગઈ છે.



લોટના ભાવ વધવા પાછળ કેટલાક વેપારીઓ પર સંગ્રહખોરી કરવાનો આરોપ લાગી રહ્યો છે. આરોપ છે કે વેપારીઓએ લોટનો જથ્થો ગોડાઉનોમાં રોકી રાખ્યો, જેના કારણે બજારમાં તેની ઉપલબ્ધતા ઘટી ગઈ અને ભાવમાં ઝડપથી વધારો થયો.

લોટના અચાનક વધેલા ભાવ બાદ કાયદો-વ્યવસ્થા સાથે જોડાયેલી એજન્સીઓ મોટા વેપારીઓ અને લોટના ગોડાઉનો પર નજર રાખી રહી છે. આ સંકટ વચ્ચે લોટના વેપારીઓએ થોડા જ દિવસોમાં કરોડો રૂપિયાનો નફો કમાયો હોવાની વાત પણ સામે આવી છે.

પેશાવરના ખૈબર બજાર, અશરફ રોડ, કરાચી માર્કેટ, નમક મંડી અને ગવર્નમેન્ટ કોલેજ ચોક જેવા વિસ્તારોમાં ઘણા દુકાનદારો હવે એક રોટલી આપતા નથી. ગ્રાહકોએ 40 રૂપિયામાં બે રોટલી ખરીદવી પડી રહી છે. લોકોનું કહેવું છે કે લોટના ભાવ વધવાની સાથે રોટલીનું વજન પણ ઘટાડવામાં આવી રહ્યું છે.

લોટ અને રોટલીના વધતા ભાવથી લોકોમાં નારાજગી છે. તેમણે વહીવટીતંત્ર પાસે નિર્ધારિત ભાવે લોટ અને રોટલી ઉપલબ્ધ કરાવવા સાથે રોટલીનું વજન પણ નક્કી કરાયેલા ધોરણ મુજબ જાળવવાની માગ કરી છે.

ખાદ્ય વિભાગનું કહેવું છે કે સબસિડીવાળો લોટ હજુ પણ સમગ્ર પ્રાંતમાં વહેંચવામાં આવી રહ્યો છે. વિભાગના જણાવ્યા અનુસાર, ગયા અઠવાડિયે 1,611 સક્રિય ડીલરો મારફતે સરકારી દરે 4,17,168 થેલાં લોટનો પુરવઠો આવ્યો હતો. પેશાવર ડિવિઝનને 1,01,955, મલકંદને 1,20,737 અને મરદાનને 59,389 થેલાં મળ્યાં. હજારા માટે 38,129, બન્નુ માટે 12,588, ડેરા ઇસ્માઇલ ખાન માટે 41,688 અને કોહાટ માટે 42,682 થેલાંનો પુરવઠો આવ્યો.

પાકિસ્તાનમાં લોટની અછત કોઈ નવી સમસ્યા નથી. દેશમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણી વખત ઘઉં અને લોટનો પુરવઠો પ્રભાવિત થયો છે. 2019-20માં લોટના ભાવમાં ઝડપી વધારા સાથે લોટની અછતનું સંકટ સામે આવ્યું હતું.

ત્યારબાદ 2023માં પણ ઘઉં અને લોટની ભારે અછત સર્જાઈ હતી, જ્યારે સબસિડીવાળા લોટ માટે લોકોની લાંબી લાઈનો લાગી હતી. 2023ના સંકટ દરમિયાન સરકાર તરફથી ઓછા ભાવે આપવામાં આવતા લોટની માગમાં ઝડપથી વધારો થયો હતો.

સાઉદી એરપોર્ટ પર હૂતીઓનો હુમલો, 3નાં મોત: ડ્રોન-મિસાઇલ હુમલામાં 36 ઘાયલ, જવાબમાં યમનના 80 ઠેકાણાઓ પર સાઉદીની એરસ્ટ્રાઇક

રિયાધ, તા.08

સાઉદી અરબના બે એરપોર્ટ્સ પર હૂતી બળવાખોરોએ ડ્રોન અને મિસાઇલ હુમલા કર્યા. તેમાં 3 લોકોનાં મોત થયાં છે. સાથે જ 36 લોકો ઘાયલ પણ થયા છે. સાઉદી અરબની જનરલ ઓથોરિટી ઑફ સિવિલ એવિએશન (GACA)એ બુધવારે આ માહિતી આપી. અબહા ઇન્ટરનેશનલ એરપોર્ટ અને રિયાધના કિંગ ખાલિદ ઇન્ટરનેશનલ એરપોર્ટને 6 અને 7 ઑક્ટોબરે નિશાન બનાવવામાં આવ્યા હતા. હૂતી બળવાખોરોએ બંને હુમલાની જવાબદારી સ્વીકારી છે. અબહા એરપોર્ટ પરના હુમલામાં એક મોરોક્કન નાગરિક અને એક અલ્જેરિયન રહેવાસીનું મોત થયું. 28 લોકો ઘાયલ થયા, જેમાં સાઉદી, બાંગ્લાદેશી અને ફિલિપિન્સના નાગરિકો સામેલ છે.

કિંગ ખાલિદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર એક સુદાનના નાગરિકનું મોત થયું. અહીં 8 લોકો ઘાયલ થયા, જેમાં 5 સાઉદી નાગરિકો, 2 ઇજિપ્તના



રહેવાસીઓ અને એક પાકિસ્તાની રહેવાસી સામેલ છે. આ દરમિયાન, સાઉદીના નેતૃત્વવાળા ગઠબંધને જણાવ્યું કે તેણે યમનમાં હૂતીઓનાં 80થી વધુ સૈન્ય ઠેકાણાઓ પર જવાબી કાર્યવાહી કરી છે. GACAએ જણાવ્યું કે તે સંબંધિત અધિકારીઓ સાથે મળીને નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યું છે. અધિકારીઓ સુવિધાઓની સુરક્ષાની તપાસ કરી રહ્યા છે અને મુસાફરોની સલામતી માટે જરૂરી પગલાં લઈ રહ્યા છે. હૂતી સૈન્ય પ્રવક્તા યાહ્યા સારી અનુસાર, જૂથે કિંગ ખાલિદ એરપોર્ટ પર ડ્રોનથી હુમલો કર્યો. અબહા એરપોર્ટને બેલિસ્ટિક મિસાઇલો અને ડ્રોનથી નિશાન બનાવવામાં આવ્યું. આ હુમલા યમનમાં વધતા સંઘર્ષ વચ્ચે થયા છે. ત્યાં સાઉદી સમર્થિત સરકારી દળોએ બાબ અલ-મંદેબ જળમાર્ગ અને પશ્ચિમ કિનારાના વિસ્તારોમાં હૂતીઓ વિરુદ્ધ અભિયાન શરૂ કર્યું છે.

તંત્રી લેખ

અમિત શાહના માનીતા આઈપીએસ ફરીથી બંગાળના ડીજીપી

કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) સિદ્ધનાથ ગુપ્તાનો કાર્યકાળ વધુ છ મહિના માટે લંબાવી દીધો છે. મહત્વનું છે કે ગુપ્તાને બીજી વખત છ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવ્યું છે. આ નિર્ણયને કારણે હવે તેઓ વધુ સમય સુધી પશ્ચિમ બંગાળ પોલીસના વડા તરીકે જવાબદારી સંભાળશે. વરિષ્ઠ આઈપીએસ અધિકારીના કાર્યકાળને લંબાવવાનો નિર્ણય સામાન્ય રીતે કેન્દ્ર સરકારની મંજૂરી સાથે જોડાયેલો હોય છે. તેથી ગુપ્તાના કાર્યકાળમાં બીજી વખત થયેલા વિસ્તરણને વહીવટી ઉપરાંત રાજકીય દૃષ્ટિએ પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

સિદ્ધનાથ ગુપ્તા 1992 બેચના પશ્ચિમ બંગાળ કેડરના આઈપીએસ અધિકારી છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ રહી હતી ત્યારે 16 માર્ચે તેમને રાજ્યના ડીજીપી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ચૂંટણી પહેલાં પોલીસ વિભાગના વડા તરીકે તેમની નિમણૂક કરવામાં આવતા તે સમયે પણ તેમની નિમણૂકને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા થઈ હતી. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાની મહત્વપૂર્ણ જવાબદારી તેમના ખભા પર આવી હતી. હવે તેમની સેવા વધુ છ મહિના લંબાવવામાં આવતા તેઓ લાંબા સમય સુધી આ મહત્વપૂર્ણ પદ પર યથાવત રહેશે.

ગુપ્તાનો કાર્યકાળ અગાઉ પણ છ મહિના માટે લંબાવવામાં આવ્યો હતો. 6 એપ્રિલે તેમને પ્રથમ વખત છ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવ્યું હતું. હવે બીજી વખત પણ તેમની સેવામાં છ મહિનાનો વધારો કરવામાં આવ્યો છે. આમ, નિવૃત્તિની નજીક પહોંચેલા અધિકારીને સતત બીજી વખત કાર્યકાળમાં વધારો મળતાં તેમની ભૂમિકા અને કેન્દ્ર સરકારના નિર્ણયને લઈને રાજકીય ચર્ચા વધુ તેજ બની છે. સામાન્ય રીતે કોઈ વરિષ્ઠ પોલીસ અધિકારીના કાર્યકાળમાં વધારો કરવામાં આવે ત્યારે તેના પાછળ વહીવટી જરૂરિયાતો, જાહેર હિત અને સંબંધિત સરકારોની મંજૂરી જેવા મુદ્દાઓ મહત્વપૂર્ણ હોય છે.

સિદ્ધનાથ ગુપ્તાના કાર્યકાળના બીજા વિસ્તરણને પશ્ચિમ બંગાળના રાજકીય સંદર્ભમાં પણ જોવામાં આવી રહ્યું છે. ખાસ કરીને વિધાનસભા ચૂંટણી પહેલાં તેમની ડીજીપી તરીકે નિમણૂક થઈ હતી અને ત્યારબાદ તેમને બે વખત એક્સટેન્શન મળ્યું છે. જેના કારણે રાજ્યના પોલીસ તંત્રમાં તેમની સ્થિતિ વધુ મજબૂત બની છે. બીજી તરફ તેમના સમર્થકોનું માનવું છે કે લાંબા અનુભવ ધરાવતા અધિકારી તરીકે તેમની સેવાઓનો ઉપયોગ રાજ્યની પોલીસ વ્યવસ્થામાં સતતતા જાળવવા માટે થઈ શકે છે.

ગુપ્તાને લઈને રાજકીય સ્તરે એવી પણ ચર્ચા છે કે તેઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની નજીકના માનવામાં આવે છે. પશ્ચિમ બંગાળના રાજકીય વર્તુળોમાં તેમના સંબંધોને લઈને અનેક પ્રકારની ચર્ચાઓ થતી રહી છે. તેમના રાજકીય સંપર્કો અને વહીવટી કામગીરીને કારણે તેઓ લાંબા સમયથી ચર્ચામાં રહ્યા છે. જોકે, કોઈ અધિકારીને કાર્યકાળમાં એક્સટેન્શન મળવાનું સત્તાવાર કારણ વહીવટી અને જાહેર હિતના આધાર પર નક્કી કરવામાં આવે છે અને રાજકીય નજીકતાના દાવાઓને તેનાથી અલગ રાખવા પડે છે.

સિદ્ધનાથ ગુપ્તાનું નામ પશ્ચિમ બંગાળની વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં એટલા માટે પણ મહત્વનું છે કારણ કે રાજ્યમાં પોલીસ અને વહીવટી તંત્રની ભૂમિકા હંમેશાં રાજકીય ચર્ચાના કેન્દ્રમાં રહે છે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા, પોલીસ તંત્રની કામગીરી અને અધિકારીઓની નિમણૂક જેવા મુદ્દાઓ પર સત્તાધારી પક્ષ તથા વિપક્ષ વચ્ચે આરોપ-પ્રત્યારોપ થતા રહ્યા છે. આવી સ્થિતિમાં ડીજીપી તરીકે ગુપ્તાનો કાર્યકાળ ફરી લંબાવવાનો નિર્ણય રાજકીય રીતે પણ ચર્ચાનો વિષય બન્યો છે. ગુપ્તા મૂળ ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લાના બિંદકીનગર વિસ્તારના રહેવાસી હોવાનું જણાવવામાં આવે છે. 1992 બેચમાં આઈપીએસમાં જોડાયા બાદ તેમણે પશ્ચિમ બંગાળ કેડરમાં લાંબી પોલીસ સેવા આપી છે.

કલમ ૨૮ જણાવે છે કે, કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી સત્તાવાર ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને આ અધિનિયમના હેતુઓને પૂર્ણ કરવા માટે નિયમો બનાવી શકે છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ કાયદા હેઠળ બનેલો દરેક નિયમ બનાવ્યા પછી શક્ય તેટલી વહેલી તકે સંસદના બંને ગૃહો સમક્ષ રજૂ કરવામાં આવશે : ચૂંટણી પંચે જણાવ્યું હતું કે SIR માટે ફોર્મ ૬ સાથે જોડાયેલા ડિક્લેરેશનને બિહાર SIR સંબંધિત સુપ્રીમ કોર્ટના મે મહિનાના ચુકાદામાં માન્ય રાખવામાં આવ્યું છે

SIR પર ઘમાસાણ, ફોર્મ-6ના ફેરફારને લઈને ચૂંટણી પંચ ઘેરાયું

ચોક્કસ પક્ષ કે નેતાઓને લાભ આપવા માટે ચૂંટણી પ્રક્રિયામાં ચેડાં કરવામાં આવ્યા હોવાનો લોકોનો આરોપ

કલમ ૨૮ જણાવે છે કે, કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી સત્તાવાર ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને આ અધિનિયમના હેતુઓને પૂર્ણ કરવા માટે નિયમો બનાવી શકે છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ કાયદા હેઠળ બનેલો દરેક નિયમ બનાવ્યા પછી શક્ય તેટલી વહેલી તકે સંસદના બંને ગૃહો સમક્ષ રજૂ કરવામાં આવશે : ચૂંટણી પંચે જણાવ્યું હતું કે SIR માટે ફોર્મ ૬ સાથે જોડાયેલા ડિક્લેરેશનને બિહાર SIR સંબંધિત સુપ્રીમ કોર્ટના મે મહિનાના ચુકાદામાં માન્ય રાખવામાં આવ્યું છે. ચૂંટણી પંચે કહ્યું, ફોર્મ ૬ સાથે જોડાયેલા ડિક્લેરેશનને સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યું છે. બીજી તરફ તાજેતરમાં સોમવારે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે તેણે ફોર્મ ૬માં કોઈપણ પ્રકારના ફેરફારને મંજૂરી આપી નથી : ભારતીય ચૂંટણી પંચનું વલણ છે કે SIR એ એક નિયમિત બંધારણીય સફાઈ પ્રક્રિયા છે, જેનો ઉદ્દેશ્ય મતદાર યાદીને શુદ્ધ રાખવા માટે મૃત્યુ પામેલા, કાયમી ધોરણે સ્થળાંતર કરી ગયેલા, ડુપ્લિકેટ નોંધણી ધરાવતા અને અમાન્ય મતદારોના નામ દૂર કરવાનો છે. દેશભરમાં હાલમાં એસઆઈઆર મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. ખાસ કરીને થોડા સમય પહેલાં ચૂંટણી કમિશનમાં જે તડાં પડયા અને વિવિધ અધિકારીઓ તથા બે ચૂંટણી કમિશનર દ્વારા જે અહેવાલો આપવામાં આવ્યા ત્યારબાદ સમગ્ર ઘટના મુદ્દે દેશભરમાં આક્રોશ જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, વિપક્ષો આ મુદ્દે આકરાપાણીએ છે અને મતદારો પણ હવે લડી લેવાના મૂડમાં આવી ગયા છે. સડકથી લઈને સંસદ સુધી અને ચૂંટણી કમિશનના ઝાંપા સુધી અને સીઈસી જ્ઞાનેશ કુમારના ઘરના ઝાંપા સુધી વિરોધ પહોંચી ગયો છે. ઉલ્લેખનીય છે કે, જૂન ૨૦૨૫થી જ્યારે મતદાર યાદીનું ખાસ સઘન સુધારણા (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન - SIR) શરૂ થયું, ત્યારથી આ પ્રક્રિયા જે રીતે હાથ ધરવામાં આવી રહી છે અને તેના અમલીકરણની જે ગતિ છે તેને લઈને વિવાદોમાં ઘેરાયેલી છે. જોકે, આ બાબત ત્યારે વધુ ગંભીર બની જ્યારે લગભગ બે અઠવાડિયા પહેલા એક અહેવાલમાં ઘટસ્ફોટ થયો કે ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ SIR સંબંધિત કેટલાક નિર્ણયો સામે વાંધો નોંધાવ્યો હતો, જેમાં ફોર્મ ૬માં કરાયેલા ફેરફારો અને મતદારોના નામ રદ કરવાનો સમાવેશ થાય છે. આ મુદ્દો હવે કાનૂની લડાઈમાં ફેરવાઈ ગયો છે અને સુપ્રીમ કોર્ટમાં હવે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાની માંગ કરતી અરજીઓ પર સુનાવણી ચાલી રહી છે. સોમવારે જ આ કેસમાં સુનાવણી કરતી વખતે ભારતના મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ફોર્મ ૬માં કરાયેલા કોઈપણ ફેરફારને મંજૂરી આપી નથી. હકિકતે આ ફોર્મ ૬ અને તેની આસપાસ જે વિવાદ વકરી રહ્યો છે તેના વિશે લોકોને ખાસ સમજ આપવામાં આવી જ નથી. જાણકારોના મતે આ ફેરફારોને જ ગુપ્ત હથિયાર બનાવીને કરોડો મતદારો સાથે અન્યાય કરવામાં આવ્યો હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવતું ફોર્મ ૬, નવા મતદાર તરીકે નોંધણી કરાવવા માટેનું અરજીપત્રક છે. જે મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હોય અને તેઓ ફરીથી નવી નોંધણી કરાવવા માંગતા હોય તેમના માટે પણ આ જ ફોર્મ છે. આ ફોર્મમાં અરજદારની વ્યક્તિગત વિગતો, ઉંમર અને સામાન્ય રહેઠાણનો પુરાવો, નાગરિકતા અંગેનું ડિક્લેરેશન તથા અરજદારનું નામ અન્ય કોઈ સ્થળે નોંધાયેલું છે કે કેમ તે અંગેની વિગતો માંગવામાં આવે છે.

વાત એવી છે કે, ઓનલાઈન રજીસ્ટ્રેશન દરમિયાન ઉમેરવામાં આવેલા એક વધારાના ડિક્લેરેશનના કારણે આ ફોર્મ ૬ સામે વિવાદ ઊભો થયો છે. જુલાઈમાં પ્રસિદ્ધ થયેલા નવા ફોર્મ ૬માં, અરજદારોને ત્રણ



બાબતોમાંથી એક પસંદ કરવા માટે કહેવામાં આવ્યું છે. સૌથી પહેલાં તો ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં થયેલા છેલ્લા SIR દરમિયાન મતદાર યાદીમાં તેમનું નામ સામેલ હતું કે કેમ. તે ઉપરાંત તે સમયની મતદાર યાદીમાં તેમના માતા-પિતા કે દાદા-દાદીનું નામ સામેલ હતું કે કેમ. આ ઉપરાંત તે યાદીમાં તેમનું કે તેમના માતા-પિતા બંનેમાંથી કોઈનું નામ સામેલ નહોતું. જોકે આ નવા ડિક્લેરેશનને ફરજિયાત તરીકે ચિહ્નિત કરવામાં આવ્યું નથી, તેમ છતાં અરજદારો આ વિકલ્પ ભર્યા વગર ઓનલાઈન ફોર્મ સબમિટ કરી શકતા નથી. વધુમાં, માર્ગદર્શિકા એવી ચેતવણી પણ આપે છે કે તેમાં ખોટું નિવેદન આપવું એ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૩૧ હેઠળ દંડનીય ગુનો છે.

અહેવાલ મુજબ, ચૂંટણી કમિશનર જોશી અને સંધુએ ફોર્મમાં કરાયેલા આ ફેરફાર સામે વાંધો ઉઠાવતા કહ્યું હતું કે, નિયમોમાં સુધારો કર્યા વિના આ પ્રકારનો ફેરફાર કરી શકાય નહીં. કલમ ૨૮ જણાવે છે કે, કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી સત્તાવાર ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને આ અધિનિયમના હેતુઓને પૂર્ણ કરવા માટે નિયમો બનાવી શકે છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ કાયદા હેઠળ બનેલો દરેક નિયમ બનાવ્યા પછી શક્ય તેટલી વહેલી તકે સંસદના બંને ગૃહો સમક્ષ રજૂ કરવામાં આવશે. જોકે, સરકાર દ્વારા કોઈ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું ન હતું. આ ફેરફાર મીડિયામાં આવ્યા પછી, સંધુએ નોંધાવ્યું હતું કે આ પગલું અનધિકૃત અને ગેરકાયદેસર છે અને તેને તરત જ દૂર કરવું જોઈએ.


ખાસ વાત એ છે કે, આ ડિક્લેરેશન અંગે વિરોધ વધતાં, ચૂંટણી પંચે જે રાજ્યોમાં સુધારણા પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી ત્યાંથી ઓનલાઈન ફોર્મ ૬માંથી આ ડિક્લેરેશન હટાવી દીધું હતું. જોકે, જ્યાં SIRની કામગીરી હજુ ચાલુ હતી તેવા રાજ્યો માટે પોર્ટલ પર આ ડિક્લેરેશન ચાલુ રાખવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૨૯ સપ્ટેમ્બરે બહાર પાડેલી પ્રેસ નોટમાં ચૂંટણી પંચે ફોર્મ ૬માં ડિક્લેરેશન સામેલ કરવાના પોતાના નિર્ણયનો બચાવ કર્યો હતો. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે SIR માટે ફોર્મ ૬ સાથે જોડાયેલા ડિક્લેરેશનને બિહાર SIR સંબંધિત સુપ્રીમ કોર્ટના મે મહિનાના ચુકાદામાં માન્ય રાખવામાં આવ્યું છે. ચૂંટણી પંચે કહ્યું, ફોર્મ ૬ સાથે જોડાયેલા ડિક્લેરેશનને સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યું છે. બિન-SIR સમયગાળા માટે નિયમો ્રમતદાર નોંધણી નિયમો, ૧૯૬૦ અનુસાર લાગુ ફોર્મ્સનો ઉપયોગ કરવામાં આવશે. આ નિવેદન એવો સંકેત આપતું હતું કે આ ડિક્લેરેશનને સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. બીજી તરફ તાજેતરમાં સોમવારે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે તેણે ફોર્મ ૬માં કોઈપણ પ્રકારના ફેરફારને મંજૂરી આપી નથી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે ટિપ્પણી કરી હતી કે, કોઈપણ સુધારેલા ફોર્મ૬ને અમારા દ્વારા મંજૂરી આપવામાં આવી નથી. આ બાબત સ્પષ્ટ થવી જોઈએ. જ્યારે રેકોર્ડ રજૂ કરવામાં આવશે, ત્યારે અમે જોવા માંગીશું કે આ ફેરફાર કોણે કર્યો છે. ભૂતપૂર્વ સરકારી અધિકારીઓ, સામાજિક કાર્યકરો અને કાયદાકીય નિષ્ણાતોના એક જૂથ દ્વારા રજૂ કરાયેલા દાવા પ્રમાણે એસઆઈઆર હેઠળ અંદાજે ૧૩.૩ કરોડ મતદારોના નામ મતદાર યાદીમાંથી કથિત રીતે રદ કરવામાં આવ્યા છે. જાણકારોનું અનુમાન છે કે તમામ રાજ્યોમાં આ કવાયત પૂર્ણ થયા પછી ભારતીય પુખ્ત વયની વસ્તી અને સત્તાવાર મતદારો વચ્ચેનો કુલ તફાવત ૧૫ કરોડને વટાવી શકે છે. તેનો અર્થ એ થયો કે, ૧૩ થી ૧૫ કરોડ લોકોના નામ રદ કરવામાં આવ્યા છે. ભારતીય ચૂંટણી પંચનું વલણ છે કે SIR એ એક નિયમિત બંધારણીય સફાઈ પ્રક્રિયા છે, જેનો ઉદ્દેશ્ય મતદાર યાદીને શુદ્ધ રાખવા માટે મૃત્યુ પામેલા, કાયમી ધોરણે સ્થળાંતર કરી ગયેલા, ડુપ્લિકેટ નોંધણી ધરાવતા અને અમાન્ય મતદારોના નામ દૂર કરવાનો છે.

હકિકતે જોઈએ તો લોકોને તેનાથી ઘણી મુશ્કેલી પડી રહી છે અને ભવિષ્યમાં ઘણી મુશ્કેલી પડશે. જો કોઈ વ્યક્તિનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવે તો લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૬૨ અનુસાર, જે વ્યક્તિનું નામ તે મતવિસ્તારની મતદાર યાદીમાં નોંધાયેલું ન હોય તે વ્યક્તિ તે વિસ્તારમાં મતદાન કરી શકતી નથી. આ ઉપરાંત મતદાર ઓળખપત્ર મુખ્યત્વે એક ચૂંટણી દસ્તાવેજ હોવા છતાં, ભારતમાં તેનો વ્યાપક ઉપયોગ સરકારી કલ્યાણકારી યોજનાઓ, બેંકિંગ અને સ્થાનિક વહીવટી સેવાઓ માટે થાય છે. યાદીમાંથી નામ નીકળી જવાથી સામાજિક લાભોના નવીકરણમાં સરકારી અડચણો ઊભી થઈ શકે છે. તે સિવાય સામાન્ય નિયમો હેઠળ, હયાત મતદારને અયોગ્ય ઠેરવવા માટેના કારણો સત્તાતંત્ર કે વાંધો ઉઠાવનાર વ્યક્તિએ સાબિત કરવા પડે છે. પરંતુ SIRના અમલીકરણમાં એવો આક્ષેપ છે કે યોગ્યતા સાબિત કરવાનો બોજ નાગરિક પર આવી ગયો છે, જેને ફરીથી નામ નોંધાવવા માટે ફોર્મ ૬ (જે નવા મતદારો માટે હોય છે) ભરવું પડે છે અને જૂના દસ્તાવેજો રજૂ કરવા પડે છે.

બંધારણીય રીતે, ભારતીય ચૂંટણી પંચ મુખ્ય ચૂંટણી કમિશનર અને બે ચૂંટણી કમિશનરોની બનેલી એક બહુ-સદસ્યીય સંસ્થા તરીકે કાર્ય કરે છે, જ્યાં નિર્ણયો સર્વસંમતિ અથવા બહુમતીથી લેવાના હોય છે. જોકે, ચૂંટણી પંચને અપાયેલી રજૂઆતો અને સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીઓમાં જ્ઞાનેશ કુમાર સામે ઘણા આક્ષેપો કરવામાં આવ્યા છે. ખાસ કરીને એવા આરોપો છે કે SIR સંબંધિત મુખ્ય નીતિ વિષયક નિર્દેશો અને મતદાર યાદી સંચાલન સોફ્ટવેરનો અમલ કોઈપણ ઔપચારિક એજન્ડા, નોંધ કે સંપૂર્ણ બહુમતીની સર્વસંમતિ વિના કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત પંચના વહીવટી વડા તરીકે, ભઈભ સુધારણાના સમયપત્રક, મુખ્ય નિર્વાચન અધિકારીઓને અપાતી સૂચનાઓ અને ચકાસણી પ્રક્રિયાઓનું નિરીક્ષણ કરે છે. પંચ અને તેના સમર્થકો દલીલ કરે છે કે આ સુધારણા બૂથ લેવલ ઓફિસરો અને મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા નિર્ધારિત નિયમો મુજબ જ કરવામાં આવી રહી છે, અને પક્ષપાતી રીતે નામ કાઢી નાખવાના આરોપોને તેઓ નકારે છે. સુપ્રીમ કોર્ટે પ્રક્રિયાગત પારદર્શિતા અંગે કેન્દ્ર અને ચૂંટણી પંચ પાસેથી જવાબો માંગ્યા છે. જાણકારોના મતે ભારતના બંધારણની કલમ ૩૨૪(૫) હેઠળ મુખ્ય ચૂંટણી કમિશનરને સુપ્રીમ કોર્ટના જજ સમકક્ષ બંધારણીય રક્ષણ પ્રાપ્ત છે. તેથી, ભઈભને સરકારના સીધા આદેશથી હટાવી શકાતા નથી. જો ગેરરીતિ કે દોષ સાબિત થાય, તો નીચે મહાભિયોગ દ્વારા તેમને પદભ્રષ્ટ કરી શકાય છે, કોર્ટમાં ન્યાયિક સમિક્ષાની માગ કરી શકાય છે. જાણકારોના મતે બંધારણીય પદ ઉપર રહેલી વ્યક્તિ નક્કર કારણ વગર કે ઈરાદા પૂર્વક આવા પગલાં ભરે તો તે ગુનો ગણાય છે અને તેના માટે દંડ અને જેલની સજા છે.

નાના-જે ક્યારેય 'નાના' ન રહ્યા, હંમેશા 'મોટા' રહ્યા : "નાના ગયા". આ માત્ર એક અભિનેતાનું મૃત્યુ નથી,એક યુગનો અંત છે

તેમનો ડાયલોગ- "કુણી ઘર દેતા કા ઘર..."આજે દરેક વૃદ્ધાશ્રમની દીવાલ પર લખાયેલો છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભારતીય સિનેમામાં હીરો ઘણા આવ્યા.સિક્સ પેક વાળા આવ્યા, ડાન્સ વાળા આવ્યા, રોમેન્સ વાળા આવ્યા.પણ આંખો થી ડાયલોગ બોલનારો માત્ર એક જ આવ્યો - નાના પાટેકર. તેમનું નામ ભલે 'નાના' હતું, પણ તેમની હાજરી હંમેશા સૌથી 'મોટી' રહી.

ગઈકાલે સવારે,૮ ઓક્ટોબર૨૦૨૬ ના રોજ જ્યારે સમાચાર આવ્યા કે હૃદયરોગના હુમલાથી ૭૫ વર્ષની ઉંમરે નાના પાટેકરે અંતિમ શ્વાસ લીધા છે, ત્યારે હે નાના પાટેકર.. દરેક ભારતીય હૃદયમાંથી આ ઉદ્ગાર આંખમાં આંસુ સાથે સારી પઝ્યોને આખા દેશમાં એક સન્નાટો છવાઈ ગયો. મુંબઈથી લઈને મુરુડના તેમના ગામ સુધી, ફિલ્મ સ્ટુડિયોથી લઈને મહારાષ્ટ્રના ખેતરો સુધી એક જ વાત - 'નાના ગયા'. આ માત્ર એક અભિનેતાનું મૃત્યુ નથી,એક યુગનો અંત છે.

*મુરુડની માટીમાંથી જન્મેલો કલાકાર પહેલી જાન્યુઆરી ૧૯૫૧ ના રોજ રાયગઢ જિલ્લાના દરિયા કિનારે વસેલા મુરુડ-જંજીરામાં એક મધ્યમવર્ગીય મરાઠી પરિવાર માં વિશ્વનાથનો જન્મ થયો. પિતા દિનકર પાટેકર કાપડના વેપારી, માતા સંજનાબેન ગૃહિણી. પાંચ ભાઈ-બહેનોમાં નાના સૌથી નાના, એટલે ઘરમાં બધા 'નાના' કહેતા. એ નામ જ પછી તેમની ઓળખ બની ગયું. બાળપણ ગરીબીમાં વીત્યું. ક્યારેક તો ઘરમાં ખાવાના પણ ફાંફા હતા. નાનાએ પોતે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું - 'મેં ગરીબીને બહુ નજીકથી જોઈ છે, એટલે જ મને પૈસાનો મોહ નથી.' આ ગરીબીએ તેમને કઠોર બનાવ્યા નહીં, સંવેદનશીલ બનાવ્યા.

તેમણે મુંબઈની પ્રખ્યાત સર જેજે સ્કૂલ ઓફ આર્ટ્સમાં એડમિશન લીધું. તેઓ મૂળે ચિત્રકાર બનવા માંગતા હતા. આજે પણ તેમના ઘણા સ્કેચ પ્રખ્યાત છે. ચિત્રકળાએ તેમને ચહેરા વાંચતા શીખવ્યું. તેઓ કહેતા - 'હું સ્ક્રિપ્ટ નથી વાંચતો, હું માણસને વાંચું છું.' જેજેમાં ભણતી વખતે ખર્ચ કાઢવા માટે તેમણે પોસ્ટર પેઈન્ટિંગ, ફિલ્મના સેટ પર મજૂરી, બધું જ કર્યું.ત્યાંથી તેમનો રસ્તો થિયેટર તરફ વળ્યો. વિજય તેંડુલકર, સત્યદેવ દુબે જેવા દિગ્ગજો સાથે કામ કર્યું. મરાઠી રંગભૂમિએ તેમને ઘડ્યા. થિયેટરે તેમને અવાજનો ઉપયોગ, શાંતિનો ઉપયોગ શીખવ્યો.

*સંઘર્ષનો દાયકો - ૧૯૭૮થી ૧૯૮૮=૧૯૭૮માં મુઝફ્ફર અલીની ફિલ્મ 'ગમન'થી તેમણે નાનકડા રોલથી બોલિવૂડમાં એન્ટ્રી કરી. પછી ઘણા વર્ષો સુધી નાના-નાના રોલ, મરાઠી ફિલ્મો, અને અસંખ્ય રિજેક્શન. તે સમયે બોલિવૂડમાં ચોકલેટ હીરોનો જમાનો હતો, નાના જેવા કર્કશ અવાજ અને તીખા નાક-નકશા વાળા કલાકાર માટે જગ્યા નહોતી. પણ તેમણે હાર ન માની. ૧૯૮૭માં 'મોહરે' ફિલ્મમાં તેમની નોંધ લેવાઈ. અને ૧૯૮૮માં મીરા નાયરની 'સલામ બોમ્બે' આવી. આ ફિલ્મ ઓસ્કારમાં નોમિનેટ થઈ, અને દુનિયાએ પૂછ્યું - 'આ બાબા કોણ છે?' આ બાબા એ જ હતા - નાના. *૧૯૮૯ - પરિંદા: જ્યારે ખલનાયકે હીરોને ખાઈ લીધો.વિધુ વિનોદ ચોપરાની 'પરિંદા' ભારતીય સિનેમા ના ઈતિહાસની સૌથી મહત્વની ફિલ્મોમાંની એક છે. અનિલ કપૂર અને જેકી શ્રોફ જેવા સ્ટાર હોવા છતાં, લોકો થિયેટરમાંથી બહાર નીકળ્યા તો માત્ર એક નામ લઈને - અન્ના શેઠ. 'અન્ના' એટલે નિર્દયતા, એટલે સત્તા, એટલે ડર. નાના પાટેકરે ખલનાયકને માત્ર વિલન ન રહેવા દીધો, તેને એક ફિલોસોફી બનાવી દીધી. તેમની આંખોમાં એક સાથે ક્રૂરતા અને એકલતા બંને દેખાતી. આ રોલ માટે તેમને પહેલો રાષ્ટ્રીય પુરસ્કાર - શ્રેષ્ઠ સહાયક અભિનેતા અને ફિલ્મફેર પણ મળ્યો. ત્યારથી બોલિવૂડમાં એક નવો શબ્દ આવ્યો - 'નાના ટાઈપ રોલ'. *પ્રહારથી ક્રાંતિવીર સુધી - નાનાનો સુવર્ણયુગ, ૧૯૯૧માં તેમણે પોતાના દિલની સૌથી નજીકની ફિલ્મ બનાવી - 'પ્રહાર: ધ ફાઈનલ એટેક'. તેઓ પોતે દિગ્દર્શક, લેખક અને મુખ્ય અભિનેતા. આર્મીની પૃષ્ઠભૂમિ પર બનેલી આ ફિલ્મમાં તેમણે મેજર ચૌહાણનો રોલ કર્યો. આ ફિલ્મ માટે તેમણે મહિનાઓ સુધી આર્મી ના જવાનો સાથે ટ્રેનિંગ લીધી. ફિલ્મ બોક્સ ઓફિસ પર બહુ ન ચાલી, પણ આર્મીમાં આજે પણ આ ફિલ્મ બતાવાય છે. પછી તો ૯૦નો દાયકો જાણે તેમના માટે જ લખાયો હતો. ૧૯૯૨માં 'રાજુ બન ગયા જેન્ટલ મેન'માં શાહરૂખ ખાનના મિત્ર તરીકે અને 'અંગાર'માં મજીદ ખાન તરીકે. 'અંગાર' માટે તેમને શ્રેષ્ઠ ખલનાયક નો ફિલ્મફેર મળ્યો.

૧૯૯૩માં 'તિરંગા' - બ્રિગેડિયર સૂર્યદેવ સિંહ. આજે પણ ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ તેમનો ડાયલોગ વાગે છે. અને ૧૯૯૪માં 'ક્રાંતિવીર'. આ ફિલ્મ ભારતીય સિનેમાના ઈતિહાસમાં એક દસ્તાવેજ છે. પત્રકાર પ્રતાપનો પાંચ મિનિટનો કોર્ટ સીન. 'આઝાદી હમેં રાસ નહીં આતી...' એ એક ભાષણ નહોતું, આખા દેશના યુવાનનો આક્રોશ હતો. આ ફિલ્મ માટે તેમને શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર અને ફિલ્મફેર બંને મળ્યા. કહેવાય છે કે આ સીન તેમણે એક જ ટેકમાં ઓકે કર્યો હતો, અને સેટ પર બધાની આંખોમાં આંસુ હતા.

૧૯૯૬માં બે અલગ અલગ ચહેરા. 'અગ્નિ સાક્ષી'માં પત્નીને ટોર્ચર કરતો પતિ વિશ્વનાથ - જેના માટે તેમને બીજો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો, અને સંજય લીલા ભણસાલીની 'ખામોશી: ધ મ્યુઝિકલ'માં બહેરી-મૂંગી દીકરીના પિતા જોસેફ. અહીં તેમણે એક શબ્દ બોલ્યા વગર માત્ર આંખોથી રડાવ્યા. *બીજી ઈનિંગ્સ - જ્યારે ગેંગસ્ટર હસાવે છે ૨૦૦૦ પછી ઘણા અભિનેતાઓ ભુલાઈ જાય છે, પણ નાના વધુ નિખર્યા.

'શક્તિ: ધ પાવર' (૨૦૦૨), 'અબ તક છપ્પન' (૨૦૦૪)માં એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ સાધુ આગાશે તરીકે તેમણે મુંબઈ પોલીસની આખી પેઢીને પડદા પર જીવંત કરી. 'અપહરણ' (૨૦૦૫) માં બિહારના નેતા તબરેઝ આલમ તરીકે તેમને ફરી શ્રેષ્ઠ ખલનાયકનો ફિલ્મફેર મળ્યો.અને ૨૦૦૭માં ધમાકો થયો - 'વેલકમ'.ઉદય શેટ્ટી.સફેદ કુર્તા- પાયજામા, હાથમાં ચા, અને 'ઉદય ભાઈ'ની સ્ટાઈલ. નાના પાટેકર કોમેડી પણ કરી શકે છે,એ વાતે બધાને ચોંકાવી દીધા. 'કંટ્રોલ ઉદય, કંટ્રોલ' અને 'મજાક હટકે' આજે પણ દરેક ગુજરાતીના ફોનમાં સ્ટીકર તરીકે છે.આ ફિલ્મ અને તેની સિક્વલ 'વેલકમ બેક'૨૦૧૫) એ તેમને નવી પેઢીના સુપરસ્ટાર બનાવી દીધા.

રાહુલ-પ્રિયંકા સામે FIRથી રાજકીય ગરમાવો, કોંગ્રેસે મોદી-શાહને ઘેર્યા

રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સામે દિલ્હી પોલીસે આકાશવાણી ભવનમાં કથિત રીતે જબરદસ્તી પ્રવેશવાના આરોપસર એફઆઈઆર નોંધતાં દિલ્હીની રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને તેમના હોદ્દા પરથી દૂર કરવા અને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે એસઆઈઆર પ્રક્રિયા રદ કરવાની માંગ સાથે ૧૯ વિરોધ પક્ષોના સાંસદોએ દિલ્હીમાં માર્ચ કાઢી હતી. વિરોધ પક્ષોના આ પ્રદર્શનને કારણે સંસદ માર્ગ પર રાજકીય તણાવની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે સંસદ માર્ગ બંધ કરી દેતાં વિરોધ કરી રહેલા સાંસદો અને નેતાઓને આગળ વધતા અટકાવવામાં આવ્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત કોંગ્રેસના અન્ય સાંસદો સંસદ માર્ગ સ્થિત આકાશવાણી ભવનમાં પ્રવેશી ગયા હતા અને ત્યાં જ ધરણા પર બેસીને સરકાર અને ચૂંટણી પંચ સામે વિરોધ નોંધાવ્યો હતો.

વિરોધ પક્ષો દ્વારા કાઢવામાં આવેલી આ માર્ચમાં ચૂંટણી પંચની કામગીરી અને ખાસ કરીને એસઆઈઆર પ્રક્રિયાને લઈને ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. કોંગ્રેસ સહિત ૧૯ વિરોધ પક્ષોનું કહેવું છે કે મતદાર યાદીમાં સુધારાના નામે હાથ ધરવામાં આવી રહેલી એસઆઈઆર પ્રક્રિયા અંગે પારદર્શિતા અને મતદારોના અધિકારોને લઈને અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. વિપક્ષે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની ભૂમિકા સામે પણ સવાલો ઉઠાવી તેમને હોદ્દા પરથી દૂર કરવાની માંગ કરી છે. આ મુદ્દાને લઈને વિપક્ષી પક્ષો છેલ્લા કેટલાક સમયથી કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે સતત વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. દિલ્હીમાં વિરોધ પક્ષોની માર્ચ દરમિયાન પોલીસે સંસદ માર્ગ પર બેરિકેડિંગ કરીને રસ્તો બંધ કરી દીધો હતો. જેના કારણે માર્ચમાં સામેલ સાંસદો આગળ વધી શક્યા નહોતા. ત્યારબાદ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિતના કોંગ્રેસના સાંસદો આકાશવાણી ભવન તરફ ગયા હતા. અહીં તેમણે ધરણા શરૂ કરી સરકાર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. વિપક્ષી સાંસદોએ જણાવ્યું હતું કે તેઓ ચૂંટણી સંબંધિત મહત્વના મુદ્દાઓને લઈને પોતાની વાત રજૂ કરવા માટે વિરોધ કરી રહ્યા છે અને તેમને શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાની મંજૂરી મળવી જોઈએ.

જોકે, પોલીસે આકાશવાણી ભવનમાં વિરોધ પ્રદર્શનને નિયમોના ભંગ તરીકે ગણાવી કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસનો આરોપ છે કે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા



અને અન્ય લોકો દ્વારા આકાશવાણી ભવનમાં મંજૂરી વિના અને જબરદસ્તીથી પ્રવેશવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલે દિલ્હી પોલીસે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સામે એફઆઈઆર દાખલ કરી છે. પોલીસની કાર્યવાહી સામે કોંગ્રેસે પણ તીખી પ્રતિક્રિયા આપી છે અને તેને સરકાર દ્વારા વિરોધ પક્ષના નેતાઓને દબાવવાનો પ્રયાસ ગણાવ્યો છે.કોંગ્રેસે કેન્દ્રની મોદી સરકાર પર સીધો હુમલો કરતા કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ખતરનાક જોડી ગભરાઈ ગઈ છે અને હતાશ થઈ ગઈ છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે સરકાર ચૂંટણી પંચ અને એસઆઈઆર સામે ઉઠી રહેલા સવાલોનો જવાબ આપવાને બદલે વિરોધ કરી રહેલા નેતાઓ સામે પોલીસ કાર્યવાહી કરી રહી છે. કોંગ્રેસના નેતાઓએ કહ્યું કે સરકારને જો વિરોધ પક્ષોના સવાલો સામે વાંધો ન હોય તો તેને લોકશાહી પદ્ધતિથી વિરોધ કરવા દેવું જોઈએ. કોંગ્રેસનું કહેવું છે કે પોલીસ દ્વારા એફઆઈઆર દાખલ કરવાથી તેમના વિરોધને રોકી શકાશે નહીં અને એસઆઈઆર તથા ચૂંટણી પ્રક્રિયા અંગેના સવાલો સતત ઉઠાવવામાં આવશે.

કોંગ્રેસે વધુમાં દાવો કર્યો છે કે હાલમાં જે કંઈ થઈ રહ્યું છે તે આવનારા દિવસોમાં દેશની રાજકીય સ્થિતિ અંગે મોટો સંકેત આપે છે. પાર્ટીનું કહેવું છે કે કેન્દ્ર સરકાર વિપક્ષી નેતાઓના વિરોધથી અસ્વસ્થ બની રહી છે અને તેથી પોલીસ કાર્યવાહીનો સહારો લેવામાં આવી રહ્યો છે. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે લોકશાહીમાં વિરોધ કરવાનો અને સરકાર તથા ચૂંટણી પંચને પ્રશ્ન પૂછવાનો અધિકાર દરેક રાજકીય પક્ષને છે, પરંતુ આ અધિકારને પ્રતિબંધિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ વિરોધ દરમિયાન રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાની હાજરીને કારણે સમગ્ર ઘટનાએ વધુ રાજકીય મહત્વ ધારણ કર્યું છે. રાહુલ ગાંધી સતત એસઆઈઆર અને ચૂંટણી પ્રક્રિયાને લઈને ચૂંટણી પંચની કામગીરી પર સવાલ ઉઠાવી રહ્યા છે, જ્યારે કોંગ્રેસ આ મુદ્દાને લઈને અન્ય વિરોધ પક્ષોને સાથે લઈને સરકાર સામે મોરચો ખોલી રહી છે. ૧૯ વિરોધ પક્ષોનું એકસાથે માર્ચમાં જોડાવું પણ વિપક્ષી એકતાના સંદેશ તરીકે જોવામાં આવી રહ્યું છે. વિરોધ પક્ષોનું કહેવું છે કે ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા કોઈપણ ફેરફાર અંગે પૂરતી પારદર્શિતા અને જાહેર ચર્ચા જરૂરી છે.

બીજી તરફ પોલીસ અને સરકારના વલણને લઈને પણ કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો વચ્ચે ચર્ચા તેજ બની છે. પોલીસનું કહેવું છે કે જાહેર વ્યવસ્થા જાળવવા માટે સંસદ માર્ગ પર નિયંત્રણો મૂકવામાં આવ્યા હતા અને કોઈપણ સરકારી પરિસરમાં નિયમોનું ઉલ્લંઘન કરીને પ્રવેશવાની મંજૂરી આપી શકાય નહીં. આકાશવાણી ભવનમાં પ્રવેશને લઈને થયેલી કાર્યવાહી હવે રાજકીય મુદ્દો બની ગઈ છે. કોંગ્રેસે એફઆઈઆરને સરકારના દબાણની કાર્યવાહી ગણાવી છે, જ્યારે પોલીસ પોતાના કાયદાકીય અધિકાર મુજબ કાર્યવાહી કર્યાનો દાવો કરી રહી છે. આ ઘટનાના કારણે એસઆઈઆરનો મુદ્દો ફરી એકવાર રાષ્ટ્રીય રાજકારણના કેન્દ્રમાં આવ્યો છે. એક તરફ કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો ચૂંટણી પંચની પ્રક્રિયા સામે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે, તો બીજી તરફ સરકાર અને પોલીસ તરફથી કાયદો અને વ્યવસ્થા જાળવવાના નામે વિરોધ પ્રદર્શન અંગે કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સામે એફઆઈઆર નોંધાયા બાદ હવે કોંગ્રેસ આ મુદ્દાને વધુ આક્રમક રીતે ઉઠાવે તેવી શક્યતા છે. આવનારા દિવસોમાં સંસદની અંદર તેમજ બહાર એસઆઈઆર, ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લઈને વિપક્ષનો વિરોધ વધુ ઉગ્ર બને તેવી સંભાવના છે.

અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં ૨૭મા 'વિશ્વ દૃષ્ટિ દિવસ'ની ઉજવણી

મોતિયાના ઓપરેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે

ડિજિટલ યુગમાં વધતા સ્ક્રીન ટાઈમ વચ્ચે આંખોની સંભાળ અંગે તબીબો દ્વારા માર્ગદર્શન અપાયું

અમદાવાદ, તા.08

નાગરિકોમાં નેત્ર આરોગ્ય અંગે જાગૃતિ કેળવવા તેમજ અંધત્વ નિવારણ માટે જનભાગીદારી વધારવાના ઉદ્દેશ સાથે અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં ૨૭મા 'વિશ્વ દૃષ્ટિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.



આ પ્રસંગે રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, આંખો માનવ શરીરનું અત્યંત મહત્વનું અંગ છે અને તેના આરોગ્યની જાળવણી માટે સૌએ જાગૃત રહેવું ખુબ જરૂરી છે. ખાસ કરીને ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં આંખોની તકલીફને ઉંમર સાથે સાંકળીને નિદાન અને સારવારમાં વિલંબ ન થાય તે માટે વ્યાપક જનજાગૃતિ જરૂરી છે. સિવિલ હોસ્પિટલ તથા વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા ઘરઆંગણે નેત્ર તપાસ કેમ્પ યોજી મોતિયાનું સમયસર નિદાન તથા નિઃશુલ્ક શસ્ત્રક્રિયા કરવામાં આવી રહી છે, જેનાથી અનેક લોકોને પુનઃદૃષ્ટિ પ્રાપ્ત થઈ રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મોતિયાના ઓપરેશનની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. ખાનગી હોસ્પિટલોમાં મોતિયાની શસ્ત્રક્રિયાનો ખર્ચ સામાન્ય રીતે ૩.૬૦ હજારથી ૩.૧ લાખ સુધી થતો હોય છે, જ્યારે સરકારી તથા સિવિલ હોસ્પિટલોમાં આ સારવાર નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તેમણે હોસ્પિટલોને આધુનિક તબીબી સાધનોથી સજ્જ કરવામાં લોકપ્રતિનિધિઓ દ્વારા મળતા સહયોગની પણ પ્રશંસા કરી હતી.

રાજ્યમંત્રીએ વર્તમાન ડિજિટલ યુગમાં નાના બાળકોમાં મોબાઈલ અને ટીવીના વધતા ઉપયોગ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. લાંબા સમય સુધી સ્ક્રીન સામે રહેવાના કારણે આંખોના આરોગ્ય પર થતી અસરો અંગે વાલીઓએ ખાસ તકેદારી રાખવી જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું. બાળકોમાં દૃષ્ટિ સંબંધિત ખામીઓ તથા નાની ઉંમરે જોવા મળતા મોતિયાના કિસ્સાઓનું સમયસર નિદાન થાય તે માટે નિયમિત નેત્ર તપાસ કરાવવા તેમણે અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન સિવિલ હોસ્પિટલના નેત્ર રોગ વિભાગના નિષ્ણાત તબીબો દ્વારા વધતા સ્ક્રીન ટાઈમ વચ્ચે આંખોની સંભાળ, મોતિયો, જામર (ગ્લુકોમા) સહિતના નેત્ર રોગોના સમયસર નિદાન અને બાળકોમાં દૃષ્ટિની ખામીઓના નિવારણ અંગે વિસ્તૃત તબીબી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગ્રામ્ય તથા અંતરિયાળ વિસ્તારોમાં નેત્ર આરોગ્યની સેવાઓ પૂરી પાડતી વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓનું રાજ્યમંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી, નેત્ર રોગ વિભાગના વડા, સિનિયર તબીબો, તબીબી તથા નર્સિંગના વિદ્યાર્થીઓ, આરોગ્યકર્મીઓ તેમજ દર્દીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



મહીસાગર જીલ્લા પેન્શનર મંડળ ની મીટીંગ..... ..... મહિસાગર જિલ્લાના લુણાવાડા,ખાનપુર,સંતરામપુર, કડાણા,વીરપુર અને બાલાસિનોર તાલુકાના પેન્સ નર મંડળના તમામ હોદ્દેદારો શ્રીઓ ની મીટીંગ તારીખ:-7/10/2026 ને બુધવારના રોજ લુણાવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર મુકામે સવારે 9:00 કલાકે રાખવામાં આવેલ હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી.અતિથી વિશેષ શ્રી મણીભાઈ પટેલ ની નિમણૂક કરવામાં આવી. પ્રમુખશ્રી નંદુભાઈ પટેલ દ્વારા સોવીનીયર અંક બાબતે ચર્ચાઓ કરવામાં આવી. ત્યારબાદ શ્રી નીતિનભાઈ ઠાકર દ્વારા પેન્શનર ડે ની તારીખ:-17/12/26 ના રોજ ગાંધીનગર ખાતે ઉજવણી અંગેની ચર્ચાઓ કરવામાં આવી. 95 વર્ષ અને તેથી વધુ વયના સભ્યોનું પેન્શનર ડે ના રોજ સન્માન અને પ્રમાણપત્ર એનાયત કરવા અંગે માહિતી આપવાનું જણાવ્યું. મિટિંગમાં મહિલાઓની સંખ્યા વધારવા અંગેની જાણ કરવા અંગે નોંધ લેવામાં આવી. શ્રી રસિકભાઈ પંચાલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું એનાઉન્સમેન્ટ કરવામાં આવ્યું. શ્રી અંબાલાલભાઈ પટેલ તરફથી નૂતન વર્ષના મીની પંચાંગ દરેક ઉપસ્થિત સભ્યોને આપવામાં આવ્યા. કાર્યક્રમ પૂર્ણ થયે ભોજન પ્રસાદી લઈ સૌએ સહકારીતા માં એકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું.....(ભરતભાઈ એ.પંડ્યા. દીવડા કોલોની.)

વડોદરામાં પાર્કિંગ મુદ્દે ધીંગાણું, વેપારી લોહીલુહાણ: ફોઈને મળવા આવેલા યુવકને મહિલા સહિતના રહીશોએ બેફામ માર્યો

વડોદરા, તા.08

વડોદરાના હરણી રોડ પર આવેલી વિજયનગર સોસાયટીમાં પાર્કિંગ જેવી નજીવી બાબતે બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર હિંસામાં પરિણમ્યો હતો. મહિલાઓ સહિતના રહીશો વેપારી યુવક પર તૂટા પડ્યા હતાં. હોમગાર્ડ જવાને પણ ખાખી વર્દીનો રોફ બતાવી પટ્ટાથી વેપારી પર હુમલો કર્યો હતો. વચ્ચે પડેલા વેપારીના સંબંધીઓને પણ માર માર્યો હતો. આ ઘટનામાં વેપારીને માથાના ભાગેથી લોહી વહેવા લાગતા SSG હોસ્પિટલમાં ખસેડાયો હતો છે.



ન્યૂ VIP રોડ પર મોબાઈલ શોપ ધરાવતા વેપારી કિશન કાયસ્થ હરણી રોડ સ્થિત વિજયનગર સોસાયટીમાં રહેતા પોતાના ફોઈના ઘરે તેમને મળવા માટે આવ્યા હતા. આ દરમિયાન સોસાયટીમાં વાહન પાર્કિંગ કરવા મુદ્દે સ્થાનિક રહેવાસી અને હોમગાર્ડ જવાન વચ્ચે સામાન્ય કહેવાતી બોલાચાલી શરૂ થઈ હતી. જોકે, વાતચીત પતાવવાને બદલે હોમગાર્ડ જવાન અચાનક ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે પોતાના પદ તથા ખાખી વર્દીનો અહંકાર બતાવી શરીર પરથી વર્દીનો કમરપટ્ટો (બેલ્ટ) ઉતારી લીધો હતો. હોમગાર્ડ જવાને કમરપટ્ટા વડે વેપારી કિશન કાયસ્થ પર આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું, જેમાં વેપારીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. માથામાંથી સતત રક્તસ્ત્રાવ થતાં વેપારી સ્થળ પર જ લોહીલુહાણ થઈ ઢળી પડ્યા હતા. આ હિંસક ઘટનાને પગલે આસપાસના સ્થાનિક લોકો તુરંત જ બચાવ અર્થે વચ્ચે પડ્યા હતા, પરંતુ હોમગાર્ડ જવાનના આક્રમક વલણને કારણે સ્થળ પર મામલો વધુ ગરમ બન્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ સ્થાનિકોએ તુરંત જ 108 જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી 108ની ટીમે લોહીલુહાણ હાલતમાં વેપારીને તાત્કાલિક સારવાર માટે સયાજીરાવ ગાયકવાડ હોસ્પિટલમાં ખસેડ્યા હતો, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે.

બીજી તરફ, ઈજાગ્રસ્તનું પરિવારજનોએ જણાવ્યું હતું કે, હોમગાર્ડ જવાનને સુરક્ષા માટે રખાય છે કે લોકોને મારવા માટે? હાલ તો સમગ્ર મારામારી અને હુમલાની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા તથા સ્થાનિકોના મોબાઈલમાં કેદ થઈ ગયો છે, જે હાલ વાઈરલ થતાં ચર્ચાનો વિષય બન્યો છે. પ્રજાની સુરક્ષા માટે મુકાયેલા હોમગાર્ડ જવાને જાહેરમાં વર્દીનો બેલ્ટ ઉતારી સામાન્ય નાગરિક પર કરેલા હિંસક હુમલાને લઈને પોલીસ તંત્ર અને હોમગાર્ડ વિભાગના વર્તન સામે ગંભીર પ્રશ્નાર્થચિહ્નો ઊભા થયા છે. સ્થાનિક રહીશો તથા પીડિત પરિવાર દ્વારા કાયદાનો અનાદર કરનાર આ હોમગાર્ડ જવાન સામે સખતમાં સખત કાનૂની અને વિભાગીય કાર્યવાહી કરવામાં આવે તેવી માગ ઉઠવા પામી છે.

ટાટા મોટર્સ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કુમારખાણ અને કાયલા ગામમાં 'પ્રાકૃતિક ખેતી' ની તાલીમ યોજાઈ

અમદાવાદ, તા.08

આજ રોજ 'ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ' અને 'ધરતી ચેરીટેબલ ટ્રસ્ટ' ના સંયુક્ત ઉપક્રમે વિરમગામ તાલુકાના કુમારખાણ ગામમાં તથા કાયલા ગામમાં પ્રાકૃતિક ખેતી અંગેની વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ તાલીમ કાર્યક્રમમાં ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર કલ્પેશ મિસ્ત્રી તથા 'પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડ'ના મેનેજિંગ ડિરેક્ટર કાશીરામ એસ. વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન કલ્પેશ મિસ્ત્રીએ રાસાયણિક ખાતરોના અંધાધૂંધ વપરાશથી જમીન અને સ્વાસ્થ્ય પર થતા નુકસાન વિશે ખેડૂતોને જાગૃત કર્યા હતા અને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપનીના મેનેજિંગ ડિરેક્ટર કાશીરામ વાઘેલાએ પ્રાકૃતિક ખેતીના મુખ્ય સિદ્ધાંતો જેવાં કે જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, આચ્છાદન (મલ્ચિંગ) અને વાપસા અંગે ખેડૂતોને ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જે ખેડૂતોએ હાલમાં દિવેલા (એરંડા) નું વાવેતર કરી આંતરખેડ પૂરી કરી હોય, તેઓ વચ્ચે ખાલી પડેલી જમીનમાં મગ, અડદ, અજમો અને ખીરા કાકડી જેવા અર્ધ-શિયાળુ પાકોનું વાવેતર કરીને વધારાની આવક મેળવી શકે છે.

આ ઉપરાંત, ખેડૂતો અને ગ્રામજનો પોતાના ઘરવપરાશ માટે શુદ્ધ શાકભાજી મેળવી શકે તે માટે 'કિચન ગાર્ડન' અંગે પણ વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તેવા શુભ હેતુથી વિવિધ પ્રકારના શાકભાજીના બિયારણની કિટ્સનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

તાલીમના અંતે ઉપસ્થિત ખેડૂતો દ્વારા પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા.

નોટરીયલ ટિકિટની અછતથી વકીલો પરેશાન: ₹ 50ની ટિકિટ ન મળતાં કલેક્ટર સમક્ષ રજૂઆત, ઈ-સ્ટેમ્પિંગ બાબતે સ્પષ્ટતાની માગ

સુરત, તા.08

સુરતમાં નોટરી તરીકે સેવા આપતા વકીલો છેલ્લા કેટલાક સમયથી નોટરીયલ ટિકિટની ભારે અછતનો સામનો કરી રહ્યા છે. નોટરીયલ દસ્તાવેજો તૈયાર કરવા માટે સરકારી નિયમ મુજબ રૂ. 50ની નોટરીયલ ટિકિટ લગાવવી ફરજિયાત હોય છે. જોકે, છેલ્લા આશરે 1 મહિનાથી બજારમાં કે વિતરણ કેન્દ્રો પર પૂરતી સંખ્યામાં ટિકિટો ઉપલબ્ધ ન હોવાથી કાનૂની દસ્તાવેજીકરણની દૈનિક કામગીરી ગંભીર રીતે ખોરંભે પડી છે. માગની સરખામણીએ નહિવત જથ્થો મળતો હોવાથી નોટરીઓ પોતાના અસીલોના કામ સમયસર પૂર્ણ કરી શકતા નથી.

ટિકિટોની અછતને કારણે સર્જાયેલી વિષમ પરિસ્થિતિને ધ્યાને રાખીને એડવોકેટ તથા નોટરીના સુરત જિલ્લા કલેક્ટરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, આ અછત કૃત્રિમ રીતે ઊભી કરવામાં આવી રહી હોવાની આશંકા છે. સ્થાનિક સ્તરે પૂછપરછ કરતાં એવું જાણવા મળ્યું છે કે ટિકિટોનો સ્ટોક ખાલી થઈ ગયો છે અને સમગ્ર ગુજરાતમાં પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ નથી. વકીલોએ કલેક્ટર સમક્ષ તાત્કાલિક હસ્તક્ષેપ કરીને ટિકિટોનો નિયમિત પુરવઠો સુનિશ્ચિત કરવાની માગ કરી છે.



લેખિત રજૂઆતમાં રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી ઈ-સ્ટેમ્પિંગ પ્રક્રિયા અંગે પણ સ્પષ્ટતા કરવાની રજૂઆત કરાઈ છે. ખાસ કરીને નોન-રજિસ્ટ્રેશન દસ્તાવેજોમાં નોટરી એક્ટ સંબંધિત આર્ટિકલનો ઉપયોગ કઈ રીતે કરવો અને સ્ટેમ્પ વેચનારના નામનો સ્ટેમ્પ કઈ પદ્ધતિથી લગાવવો, તે અંગે નોટરીઓમાં અસમંજસતા પ્રવર્તે છે. આ બાબતે વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ ગાઈડલાઈન જાહેર કરવામાં આવે જેથી કાનૂની ગૂંચવણો ઊભી ન થાય અને વકીલોની કામગીરી સરળ બને.

બીજી તરફ, સુરત કોર્ટ સંકુલમાં છેલ્લા કેટલાક મહિનાઓથી રૂ. 1ની કોર્ટ ફી ટિકિટ ન મળવાને કારણે વકીલો અને પક્ષકારો હેરાન થઈ રહ્યા છે. જામીન અરજી, વકીલપત્ર અને મુદત રિપોર્ટ સહિતની વિવિધ અરજીઓ પર નિયમ મુજબ રૂ. 3ની કોર્ટ ફી ટિકિટ લગાવવી ફરજિયાત હોય છે. પરંતુ રૂ. 1ની છૂટી ટિકિટ ન મળવાથી વકીલોએ નાછૂટકે રૂ. 2ની 2 ટિકિટો મળીને કુલ રૂ. 4ની ટિકિટ લગાવવી પડે છે. ટિકિટ વેચનારાઓનું કહેવું છે કે રૂ. 1ની ટિકિટનું વેચાણ બંધ થઈ ગયું છે.

આ ટેકનિકલ અછતના કારણે પ્રત્યેક અરજી દીઠ પક્ષકારોને રૂ. 1નો વધારાનો ખર્ચ વેઠવો પડી રહ્યો છે, તેમ વકીલ અભિષેક રાજપૂતએ જણાવ્યું હતું. સુરત કોર્ટમાં દરરોજ સેંકડોની સંખ્યામાં જામીન અરજીઓ અને કાનૂની દસ્તાવેજો રજૂ થતા હોય છે. આ સંજોગોમાં પ્રતિ અરજી રૂ.1નો વધારાનો બોજ એકત્રિત થઈને દર મહિને એક મોટો આર્થિક બોજ બની જાય છે, જેનો સીધો માર સામાન્ય પક્ષકારો અને અસીલો પર પડી રહ્યો છે. આથી નોટરીયલ ટિકિટ અને કોર્ટ ફી ટિકિટ બંનેની અછત તાકીદે દૂર કરવાની માગ બુલંદ બની છે.

વડોદરામાં વાહન માલિકે ગધેડા પાસે ટ્રક ખેંચાવડાવી અનોખો વિરોધ નોંધાવ્યો

દોઢ વર્ષની વોરંટી છતાં પૈસા વસૂલાતાં રોષ, શો રૂમના સંચાલકોએ કહ્યું, 'બળેલી ક્લચ પલેટ વોરંટીમાં ન આવે'

વડોદરા, તા.08

વડોદરાના એક વાહન માલિકે ટાટા મોટર્સના શોરૂમ સામે પોતાની નવી ટ્રકને ગધેડાઓ વડે ખેંચાવડાવીને અનોખી અને ચર્ચાસ્પદ રીતે ભારે વિરોધ નોંધાવ્યો હતો. નેશનલ હાઈવે ઉપર આવેલા શોરૂમની બહાર જ ગ્રાહક દ્વારા આ અનોખી રીતે વિરોધ કરવામાં આવતા આસપાસના લોકોમાં પણ ભારે કુતુહલ સર્જાયું હતું. વાહન માલિકનો આક્ષેપ છે કે, વોરંટી હોવા છતાં કંપનીએ તેઓ પાસે સ્પેર પાર્ટ્સના પૈસા વસૂલ્યા છે તો શોરૂમના સંચાલકોનું કહેવું છે કે, તેઓનો સ્પેરપાર્ટ નિયમ મુજબ વોરંટીમાં આવતો ન હતો.

વડોદરાના રહીશ સત્યવીર શર્મા નામના ગ્રાહકે ટાટા કંપનીનું કન્ટેનર ખરીદ્યું હતું, જેની દોઢ વર્ષની અધિકૃત વોરંટી હતી. જોકે, ખરીદીના માત્ર 10 મહિનાના સમયગાળા દરમિયાન મુંબઈ ખાતે આ ટ્રક અચાનક બંધ પડી ગઈ હતી. જેના કારણે ગ્રાહકે મુંબઈ સ્થિત ટાટા મોટર્સના શોરૂમ ખાતે ગાડી સર્વિસમાં મૂકવી પડી હતી. મુંબઈના શોરૂમ ખાતે તપાસ દરમિયાન કન્ટેનરની ક્લચ પ્લેટ બળી ગઈ હોવાનું સામે આવ્યું હતું. વાહનની વોરંટી સમયમર્યાદા ચાલુ હોવા છતાં પણ શોરૂમ દ્વારા ક્લચ પ્લેટ બદલવાના બદલામાં ગ્રાહક પાસેથી રૂપિયા 49,000 જેટલી માતબર રકમ વસૂલવામાં આવી હતી.



વોરંટી પિરિયડમાં હોવા છતાં સર્વિસ સેન્ટર દ્વારા નાણાં વસૂલાતાં ગ્રાહકે ભારે અસંતોષ વ્યક્ત કર્યો હતો. ગ્રાહકે જણાવ્યું કે, મુંબઈમાં જ્યારે ટ્રક બંધ પડી ગઈ ત્યારે મેં અહીં વડોદરા અંબિકા મોટર્સ કે જ્યાંથી ટ્રક ખરીદી હતી તેઓને જાણ કરી હતી અને ત્યાર બાદ મુંબઈના શોરૂમ ખાતે ટ્રક મુકવામાં આવી હતી. વોરંટી હોવા છતાં મારે પૈસા ભરવા પડ્યા, હું એક તરફ હપ્તા પણ ભરું અને વોરંટી હોવા છતાં સ્પેરપાર્ટ્સના પૈસા પણ ભરવા પડે છે. તેઓએ અન્યાય થયો હોવાના આક્ષેપ સાથે વડોદરા ખાતે જે શોરૂમમાંથી ટ્રક ખરીદી હતી તેની બહાર કન્ટેનર ઊભું રાખીને ગધેડાઓ પાસે ટ્રક ખેંચાવડાવીને વિરોધ નોંધાવ્યો હતો. બીજી તરફ, આ સમગ્ર મામલે વડોદરા અંબિકા શોરૂમના સર્વિસ મેનેજર શૈલેષભાઈએ જણાવ્યું હતું કે, કંપનીના નિયમો અને વોરંટી પોલિસી મુજબ બળી ગયેલી ક્લચ પ્લેટ વોરંટી કવરેજ હેઠળ આવતી નથી. ખોટી રીતે કે અયોગ્ય ડ્રાઈવિંગના કારણે ક્લચ પ્લેટ બળી જતી હોવાથી તેના સમારકામનો ખર્ચ નિયમ મુજબ ગ્રાહકે જ ભોગવવાનો રહે છે. જ્યારે આમ થવાની શરૂઆત થઈ હશે ત્યારે ગ્રાહક કે ચાલકને ઈન્ડિકેટર મળ્યું જ હશે પરંતુ તેમ છતાં ટ્રક ચાલુ રાખવાથી આમ થયું હોઈ શકે છે.

શોરૂમ દ્વારા નિયમાનુસાર કામગીરી કરાઈ હોવાનો દાવો કરાયો છે, પરંતુ વડોદરા શહેરમાં કન્ટેનરને ગધેડા ખેંચીને જતા હોવાનો આ વીડિયો અને ગ્રાહકના આ અનોખા વિરોધ પ્રદર્શનનો કિસ્સો ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

NEXA મસ્કીટો રેપેલન્ટ કૌભાંડમાં મેટલ વેપારીઓ ભોગ બન્યા...

મચ્છર મારવાની દવાના નામે લાકડાનો ભુક્કો પધરાવી લાખોની છેતરપિંડી, ભરૂચ અને અંકલેશ્વરના 8 વેપારીઓને બનાવ્યા નિશાન

સુરત, તા.08

સુરતમાં ભોળા વેપારીઓને નિશાન બનાવી છેતરપિંડી આચરતી એક આંતરરાજ્ય ઠગ ટોળકીનો અડાજણ પોલીસે પર્દાફાશ કર્યો છે. મચ્છર મારવાની દવાનો ઓર્ડર લઈ તેની જગ્યાએ લાકડાનો ભુક્કો અને વહેર ભરેલા બોક્સ પધરાવી દેવાના ગુનામાં પોલીસે 2 રીઢા ગુનેગારોની અટકાયત કરી છે. આ બંને આરોપીઓ અગાઉથી નક્કી કરેલા પ્લાન મુજબ મેટલ વેપારીઓ અને દુકાનદારો સાથે છેતરપિંડી આચરી ફરાર થઈ જતા હતા.



આરોપી સતિષ ગેહલોતે અડાજણની ભગવતી ટ્રેડર્સમાં જઈ સેલ્સમેન તરીકે ઓળખ આપી મચ્છર દવાનું સેમ્પલ આપ્યું હતું. ત્યારબાદ તેનો સાગરીત રામકિષ્ણ પાટીલ ગ્રાહક બનીને આવ્યો અને આ જ દવાનો મોટો ઓર્ડર આપી ડિપોઝીટ આપી હતી. મોટી કમાણીની લાલચમાં વેપારીએ 14,000નો માલ ખરીદ્યો પરંતુ બોક્સમાંથી માત્ર લાકડાનો ભુક્કો નીકળ્યો હતો.

શ્વાનને પણ સન્માનજનક અંતિમ વિદાય, અમદાવાદમાં 9 મહિનામાં 600 અંતિમ સંસ્કાર

અમદાવાદ, તા.08

સન્માનજનક અંતિમ વિદાય માત્ર માણસો જ નહીં પશુઓને પણ સન્માનજનક વિદાય મળવી જોઈએ. તેવા આશય સાથે લોકો પોતાના બાળકની જેમ ઉછેરેલા શ્વાન અને બિલાડીના અગ્નિ સંસ્કાર કરી તેને વિધિપૂર્વક વિદાય આપી રહ્યા છે. બહેરામપુરાના ડોગ ક્રેમેટોરિયમમાં શ્વાનની અંતિમક્રિયા માટે રીતસરનું વેઈટિંગ ચાલતું હોય પેટ ઓનર્સને એપોઈન્ટમેન્ટ લઈને આવવું પડે છે. છેલ્લાં નવ મહિનામાં અહીં 600 પાલતુ શ્વાન અને બિલાડી તેમજ રખડતા શ્વાનના અગ્નિ સંસ્કાર કરાયા છે.



અમદાવાદ મ્યુનિસિપલ દ્વારા જાન્યુઆરીમાં બહેરામપુરા વિસ્તારમાં શ્વાન માટે રાજ્યનું પ્રથમ ડોગ ક્રેમેટોરિયમ ઊભું કરાયું હતું. રાજકોટ, સુરત, ભાવનગર, મહેસાણા સહિત રાજ્યભરમાંથી લોકો પોતાના વ્હાલસોયા શ્વાનના અંતિમ સંસ્કાર માટે અમદાવાદ આવી રહ્યા છે. આ ઉપરાંત જયપુર અને ઉદયપુરથી પણ 8થી 10 કલાકની મુસાફરી કરી શ્વાનની અંતિમ ક્રિયા માટે પરિવાર આવે છે. 547 પાલતુ શ્વાન અને બિલાડી તેમજ 53 રખડતા શ્વાન સહીત નવ મહિનામાં સીએનજી ભઠ્ઠીમાં 600 પાલતુ પશુઓના અગ્નિ સંસ્કાર કરાયા છે. માણસની જેમ જ અંતિમક્રિયા પહેલાં શ્વાનને નવડાવી, શરીર પર ઘી લગાડી, ફૂલ ચઢાવી, કંકુ છાંટી રડતી આંખે તેમને વિદાય અપાય છે. એક શ્વાનની અંતિમ ક્રિયામાં ત્રણેક કલાકનો સમય લાગે છે. કેટલીક વખત તો એક જ દિવસમાં પાંચથી સાત શ્વાનની અંતિમક્રિયા માટે ફોન આવતા રીતસરની એપોઈન્ટમેન્ટ આપવી પડે છે. આ સ્થિતિને પહોંચી વળવા મ્યુનિ.ના કેટલ ન્યુસન્સ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ દ્વારા 60 લાખ રૂપિયાના ખર્ચે શહેરમાં બે નવા ડોગ ક્રેમેટોરિયમ બનાવવાનું આયોજન કરાયું છે. જેમાંથી એક વસ્ત્રાલમાં અને બીજું પશ્ચિમ વિસ્તારમાં રિંગ રોડ નજીક તૈયાર કરાશે. સીએનસીડી વિભાગના વડા નરેશ રાજપૂત જણાવે છે કે, હાલનું ડોગ સ્મશાન માત્ર 30 લાખના ખર્ચે તૈયાર થઈ ગયું છે જેમાં તમામ વ્યવસ્થાઓ આવી ગઈ છે.

પાટીદાર સમાજમાં દીકરીઓની ઘટ પર મથુરભાઈ સવાણીનો ટોણો

'40 વટાવી ગયેલા વાંઢાના લિસ્ટમાંથી નામ કઢાવી વાજપેયી-રાહુલ ગાંધી, શક્તિસિંહ જેમ દેશ સેવા કરો, બીજો કોઈ રસ્તો નથી'

સુરત, તા.08

સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ સંચાલિત સમાધાન પંચની જાહેરાત સંદર્ભે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં પદ્મશ્રી મથુરભાઈ સવાણીએ સમાજમાં કન્યાઓની ઘટ અને અપરિણીત યુવાનોની સમસ્યા અંગે એક નિવેદન આપ્યું છે. સમાજમાં દીકરાઓની સરખામણીએ દીકરીઓની ઘટ હોવાથી અનેક યુવાનો લગ્ન વગરના રહી જાય છે, તેવા સવાલનો જવાબ આપતાં તેમણે આ સમસ્યાના ઐતિહાસિક કારણો સમજાવ્યા હતા અને 40 વર્ષથી વધુ ઉંમરના અપરિણીત પુરુષોને જીવન પ્રત્યે નવો દ્રષ્ટિકોણ અપનાવવા અપીલ કરી હતી.



મથુરભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, 1970ના દાયકામાં શરૂ થયેલા કુટુંબ નિયોજન કાર્યક્રમ બાદ સમાજમાં જાતિગત અસંતુલનની શરૂઆત થઈ હતી. દીકરાની ઘેલછામાં પરિવારોએ દીકરીઓ જન્મ્યા બાદ પણ સંતાન પ્રાપ્તિના પ્રયાસો ચાલુ રાખ્યા, જ્યારે દીકરાના જન્મ પછી ઓપરેશન કરાવી લીધા. આ પ્રકારની માનસિકતા અને ત્યારપછી સોનોગ્રાફી તેમજ ભ્રૂણહત્યાના કારણે રાજ્યમાં ભારે અસમતુલા ઊભી થઈ હતી. તેમણે આંકડા ટાંકતા ઉમેર્યું કે, જ્યારે આ અંગે જાગૃતિ અભિયાન શરૂ કરાયું ત્યારે છોકરાઓની સરખામણીએ ગુજરાતમાં આશરે 14 લાખ દીકરીઓ ઓછી જન્મી હતી.

2003થી સમાજમાં વ્યાપક લોકજાગૃતિ લાવવાના સતત પ્રયાસો કરવામાં આવ્યા, જેના પરિણામે જેના નસીબમાં જીવનસાથી હતા તેમને મળ્યા. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ કોઈ ફેક્ટરીમાં બનતો માલ નથી કે તાત્કાલિક ઘટ પૂરી કરી શકાય. તેથી હવે જે યુવાનોની ઉંમર 40 વર્ષથી વધુ થઈ ગઈ છે, તેમને વાસ્તવિકતા સ્વીકારવાની જરૂર છે.

તેમણે 40 પ્લસ ઉંમરના અપરિણીત યુવાનોને અનુરોધ કરતાં કહ્યું કે, હવે તમારે પોતાનું નામ 'વાંઢા'ના લિસ્ટમાં રાખવાની જરૂર નથી. આપણા દેશમાં એવા અનેક મહાન રાજનેતાઓ થયા છે, જેમણે આજીવન લગ્ન નથી કર્યા અને પોતાનું સમગ્ર જીવન દેશ અને સમાજ માટે અર્પણ કરી દીધું. તમે પણ અટલ બિહારી વાજપેયી, રાહુલ ગાંધી કે શક્તિસિંહ ગોહિલ જેવા નેતાઓનું ઉદાહરણ લઈ પોતાની જાતને દેશસેવા માટે સમર્પિત કરો. અંતમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, હવે સમાજે આવા વ્યક્તિઓને માનસિક રીતે મજબૂત કરવાના અને તેમને સકારાત્મક દિશા આપવાના કાર્યક્રમો યોજવા જોઈએ.

ઈતિહાસ તમને યાદ રાખશે...: મેસીની નિવૃત્તિ પર રોનાલ્ડોએ ભાવુક મેસેજથી જીત્યા ચાહકોના દિલ

નવી દિલ્હી, તા.08



અર્જેન્ટીનાના સ્ટાર ફૂટબોલર લિયોનલ મેસીએ 6 ઓક્ટોબરે પોતાની નેશનલ ટીમની જર્સીમાં છેલ્લી વાર મેદાનમાં ઉતર્યો. પોતાની ફેરવેલ મેચ બાદ મેસીએ સોશિયલ મીડિયા પર દુનિયાભરના ફેન્સનો પ્રેમ આપવા બદલ આભાર માન્યો હતો. હવે તેમની આ પોસ્ટ પર તેમના સૌથી મોટા પ્રતિસ્પર્ધી રહેલા ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પણ ઈમોશનલ ટ્રિબ્યુટ આપ્યું છે. બેનિન સામે મોન્યુમેન્ટલ સ્ટેડિયમ ખાતે રમાયેલી પોતાની આ છેલ્લી ઈન્ટરનેશનલ મેચમાં મેસીએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે પોતે તો એક ગોલ ફટકાર્યો જ, સાથે જ સાથી ખેલાડીઓને બે ગોલ કરવામાં મદદ (આસિસ્ટ) પણ કરી હતી. આ ફેરવેલ મેચથી પરત ફરતા જ મેસીએ ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ લખી હતી. તેણે લખ્યું કે અત્યારથી જ અર્જેન્ટીનાની જર્સીની યાદ આવવા લાગી છે. હવે નેશનલ ટીમથી આગળ વધવાનો એકદમ યોગ્ય સમય આવી ગયો છે. આ સાથે જ તેમણે પોતાના પરિવારજનો અને ટીમના સાથીઓનો પણ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. મેસીએ આ અવસરે અર્જેન્ટીનાના મહાન ફૂટબોલર ડિએગો મારાડોનાને પણ યાદ કર્યા હતા. તેણે કહ્યું કે મારાડોનાના કારણે જ અર્જેન્ટીના ફૂટબોલની દુનિયામાં એક મહાશક્તિ બની શક્યું હતું.

મેસીના નિવૃત્તિના સમાચાર સાંભળીને વર્તમાન અને પૂર્વ, તમામ ફૂટબોલરોએ તેમને ટ્રિબ્યુટ આપ્યું. પરંતુ તેમાં સૌથી વધુ ધ્યાન રોનાલ્ડોના મેસેજે ખેંચ્યું. મેદાન પર એકબીજાને કાંટાની ટક્કર આપનારા રોનાલ્ડોએ પોતાના રાઈવલ માટે એવો મેસેજ લખ્યો કે વાંચીને દિલ ભરાઈ આવે. પોર્ટુગલના આ સુપરસ્ટારે મેસીની પોસ્ટ પર રિપ્લાય કરતા લખ્યું કે, તમે જે ઈતિહાસ રચ્યો છે, તે હંમેશા યાદ રાખવામાં આવશે. આ સાથે જ તેણે મેસીને વર્ચ્યુઅલી ભેટીને શુભકામનાઓ પણ પાઠવી.

રોનાલ્ડોએ લખ્યું કે, 'લિયો, આટલાં વર્ષો સુધી પોતાના દેશ માટે રમીને તમે એવો ઈતિહાસ રચી દીધો છે જે હંમેશા કાયમ રહેશે. અર્જેન્ટીના સાથે તમે જે પણ સિદ્ધિઓ મેળવી છે, તેના માટે મારા તરફથી ફુલ રિસ્પેક્ટ છે. ખૂબ પ્રેમ.' જોકે આ પહેલી વાર નથી જ્યારે રોનાલ્ડોએ મેસીને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ મોકલ્યો હોય. આ જ વર્ષે ઓગસ્ટમાં જ્યારે મેસીના પિતા જોર્જનું નિધન થયું હતું, ત્યારે પણ રોનાલ્ડોએ આગળ વધીને પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. મોડર્ન ડે ફૂટબોલની વાત હોય અને રોનાલ્ડો-મેસીની રાઈવલરીનો ઉલ્લેખ ન થાય, એવું તો બની જ ન શકે. આ બંને વચ્ચેની ટક્કરે જ ફૂટબોલને તેની નવી ઓળખ આપી છે. આ કહાનીની શરૂઆત વર્ષ 2007માં થઈ હતી, જ્યારે આ બંને દિગ્ગજ બ્રાઝિલના કાકા સાથે બેલોન ડી'ઓર એવોર્ડની રેસમાં સામેલ હતા.

ત્યારબાદ આગામી 10 વર્ષ સુધી ફૂટબોલની દુનિયામાં માત્ર આ બંનેનો જ દબદબો રહ્યો. દરેક ફિફા બેસ્ટ પ્લેયર અને બેલોન ડી'ઓર એવોર્ડ આ બંને વચ્ચે જ વહેંચાતા રહ્યા. આ રાઈવલરીમાં ખરી સ્પર્ધા ત્યારે શરૂ થઈ જ્યારે રોનાલ્ડો રિયાલ મેડ્રિડની જર્સી પહેરીને સ્પેનમાં મેસીની ટીમ બાર્સિલોના સામે મેદાનમાં ઉતર્યા. ક્લબ ફૂટબોલમાં આ બંને ટીમો વચ્ચે રમાતી 'એલ ક્લાસિકો' મેચનો રોમાંચ જ અલગ બની ગયો અને તેને સૌથી મોટી મેચ માનવામાં આવવા લાગી. ભલે આ બંને વચ્ચે વિશ્વની સૌથી મોટી પ્રતિસ્પર્ધા રહી હોય, પરંતુ મેદાનની અંદર અને બહાર બંનેએ હંમેશાં એકબીજાનું સન્માન કર્યું છે. ઈન્ટરનેશનલ લેવલ પર આ બંને ધુરંધરો બે વાર સામસામે ટકરાયા છે અને બંનેના ખાતે સરખી રીતે એક-એક જીત નોંધાયેલી છે.

જાણીતી ટીવી એન્કર શેફાલી બગ્ગાએ EDને સોંપ્યા 1.20 કરોડ રૂપિયા, બેટિંગ એપથી કમાયા હતા

નવી દિલ્હી, તા.08



ટીવી પ્રેઝન્ટર અને બિગ બોસની પૂર્વ કન્ટેસ્ટન્ટ શેફાલી બગ્ગાએ ચર્ચાસ્પદ મહાદેવ બેટિંગ એપ સિન્ડિકેટ પાસેથી મળેલી રકમ સ્વેચ્છાએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ને સોંપી દીધી છે. તપાસના ઈતિહાસમાં આ એક મોટો વળાંક માનવામાં આવી રહ્યો છે, કારણ કે કદાચ આ પહેલો એવો મામેલો છે જ્યાં કોઈ વ્યક્તિએ ગેરકાયદેસર સિન્ડિકેટમાંથી મળેલી ગુનાહિત આવક જાતે જ EDને પરત કરી હોય. ED દ્વારા છત્તીસગઢની રાયપુર કોર્ટમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ મુજબ, શેફાલી બગ્ગાને આ ગેરકાયદેસર એપના પ્રમોશનલ વીડિયો બનાવવા માટે કુલ 1.5 કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. EDની પૂછપરછ બાદ બગ્ગાએ એજન્સીને વધારાના 1.20 કરોડ રૂપિયા પણ સોંપી દીધા છે. તેણે સ્પષ્ટતા કરી હતી કે, 'મને ખબર નહોતી કે આ એપ ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહી છે.' ઉલ્લેખનીય છે કે સોશિયલ મીડિયા પર શેફાલી બગ્ગાની લાખોની સંખ્યામાં મોટી ફેન ફોલોઈંગ છે.

EDએ તાજેતરમાં 42 લોકો સામે ચાર્જશીટ દાખલ કરી છે, જેમાં Ebix ગ્રુપના ચેરમેન વિકાસ ગર્ગ પણ સામેલ છે. ગર્ગની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી અને તેની 940 કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. આરોપ છે કે ગર્ગ મહાદેવ સિંડિકેટના માસ્ટરમાઈન્ડ હરિશંકર તિબ્રેવાલના માધ્યમથી ગેરકાયદેસર નાણાં પોતાની કંપનીઓમાં પહોંચાડતો હતો અને શેરબજારમાં હેરાફેરી કરતો હતો. આ કેસમાં EaseMyTripના પ્રમોટર નિશાંત પિટ્ટી પર પણ હરિશંકર તિબ્રેવાલ પાસેથી 59 કરોડ રૂપિયાની ગુનાહિત આવક મેળવવાનો આરોપ છે.

EDની ચાર્જશીટ અનુસાર, મહાદેવ ઓનલાઈન સિંડિકેટમાં ગેરકાયદેસર આવક 75,000 કરોડ રૂપિયાથી વધુની છે અને આ આંકડો હજુ વધી શકે છે. આ કેસમાં સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ સહિતના મુખ્ય પ્રમોટરો હજુ પણ ફરાર છે. અગાઉ પણ ED દ્વારા અનેક બોલિવૂડ હસ્તીઓ, અભિનેતાઓ અને ગાયકોને વિદેશી કાર્યક્રમો અને પ્રમોશનલ વીડિયો માટે સમન્સ મોકલવામાં આવ્યા છે. હાલમાં ED આ મામલે અત્યાર સુધીમાં કુલ 6 ચાર્જશીટ દાખલ કરી ચૂકી છે.

ગુજરાતના દિગ્ગજ ક્રિકેટરને BCCIના ચીફ સિલેક્ટર બનવાની ઇચ્છા! સોશિયલ મીડિયા પોસ્ટે ચર્ચા જગાવી

નવી દિલ્હી, તા.08



ટીમ ઇન્ડિયાના ચીફ સિલેક્ટર તરીકે અજીત અગરકરનો કાર્યકાળ પૂરો થતાં જ બોર્ડ દ્વારા નવા પસંદગીકારની શોધ શરૂ કરી દેવામાં આવી છે. ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (BCCI) દ્વારા સિલેક્ટરના પદ માટે સત્તાવાર રીતે અરજીઓ મંગાવવામાં આવી છે, જેના કારણે ક્રિકેટ જગતમાં અનેક નામોને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ BCCI ની સોશિયલ મીડિયા પોસ્ટ પર કરેલી એક મજાકિયા કોમેન્ટને કારણે આ ચર્ચા વધુ રસપ્રદ બની ગઈ છે.

વાસ્તવમાં, BCCI દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ચીફ સિલેક્ટરના ખાલી પદ માટે અરજી પ્રક્રિયા શરૂ થયાની માહિતી શેર કરવામાં આવી હતી. આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા રવિન્દ્ર જાડેજાએ હસતા-હસતા લખ્યું, 'What the procedure?' એટલે કે અરજી કરવાની પ્રક્રિયા શું છે? જાડેજાની આ કોમેન્ટ માત્ર એક મજાક હતી, પરંતુ નવા ચીફ સિલેક્ટરને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે તેમની આ કોમેન્ટ પર બધાનું ધ્યાન ખેંચાયું હતું. જોકે, સવાલ એ થાય છે કે શું રવિન્દ્ર જાડેજા ખરેખર ચીફ સિલેક્ટર બની શકે છે? તો તેનો જવાબ સ્પષ્ટપણે 'ના' છે.

પ્રીતિ ઝિન્ટાની ટીમમાં મોટો ફેરફાર! IPL 2027 પહેલાં રિકી પોન્ટિંગના બે સાથીઓએ પંજાબ કિંગ્સ છોડી....

નવી દિલ્હી, તા.08

(ઈન્ડિયન પ્રીમિયર લીગ) 2027 પહેલાં પ્રીતિ ઝિન્ટાની સહ-માલિકીના હક વાળી પંજાબ કિંગ્સ (PBKS)માં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતુલે બાદ હવે ફીલ્ડિંગ કોચ બ્રેડ હેડિન અને ફાસ્ટ બોલિંગ કોચ જેમ્સ હોપ્સે પણ ફ્રેન્ચાઈઝીનો સાથ છોડી દીધો છે. ત્રણેયના ગયા પછી પંજાબ કિંગ્સમાં એક સાથે ત્રણ મહત્વના પદ ખાલી થઈ ગયા છે.

એક રિપોર્ટ પ્રમાણે બ્રેડ હેડિન અને જેમ્સ હોપ્સે હાલમાં જ પંજાબ કિંગ્સ મેનેજમેન્ટને પોતાના નિર્ણયની જાણકારી આપી. બંનેની બિગ બેશ લીગ (BBL)માં નવી ભૂમિકા સાથે જોડાવાની શક્યતા છે. ફ્રેન્ચાઈઝીએ હવે આ બંનેની સાથે-સાથે બહુતુલેની જગ્યાએ પણ નવા કોચની શોધ શરૂ કરી દીધી છે.

ઓસ્ટ્રેલિયાના પૂર્વ વિકેટકીપર બ્રેડ હેડિન પંજાબ કિંગ્સના ફીલ્ડિંગ કોચ હતા, જ્યારે પૂર્વ ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર જેમ્સ હોપ્સ ટીમના બોલિંગ કોચની જવાબદારી સંભાળી રહ્યા હતા. હોપ્સ અને હેડિનનો રિકી પોન્ટિંગ સાથે જૂનો સંબંધ રહ્યો છે. બંને પોન્ટિંગની કેપ્ટનશીપમાં ઓસ્ટ્રેલિયા માટે રમી ચૂક્યા છે. હોપ્સ તો પોન્ટિંગ સાથે દિલ્હી કેપિટલ્સ (DC)માંથી પંજાબ કિંગ્સમાં આવ્યા હતા અને છેલ્લા કેટલાક સમયથી તેમના સપોર્ટ સ્ટાફનો હિસ્સો હતા. તો બીજી તરફ, હેડિન પાછલી મેનેજમેન્ટ



ટીમથી પંજાબ કિંગ્સ સાથે જોડાયેલા હતા. તે ટ્રેવર બેલિસના કાર્યકાળ દરમિયાન પણ ટીમના સપોર્ટ સ્ટાફમાં સામેલ હતા.

આ પહેલાં સાઈરાજ બહુતુલેએ IPL 2026 સીઝન પૂરી થયાના તરત જ પંજાબ કિંગ્સમાંથી રાજીનામું આપી દીધું હતું. તે હવે ભારતીય ટીમ સાથે સ્પિન બોલિંગ કોચ તરીકે કામ કરી રહ્યા છે. બહુતુલે પંજાબ કિંગ્સમાં સુનીલ જોશીની જગ્યાએ આવ્યા હતા. જોશીના બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE)માં સ્પિન બોલિંગ કોચની જવાબદારી સંભાળ્યા બાદ બહુતુલેને ફ્રેન્ચાઈઝીમાં સામેલ કરવામાં આવ્યા હતા. હવે બહુતુલે, હેડિન અને હોપ્સના ગયા પછી પોન્ટિંગે પોતાની સપોર્ટ ટીમનું માળખું નવા સિરેથી તૈયાર કરવું પડશે.

પંજાબ કિંગ્સ મેનેજમેન્ટ નવા ઉમેદવારોની તલાશમાં લાગી ગયું છે. જોકે, આખરી નિર્ણય પંજાબ કિંગ્સના હેડ કોચ રિકી પોન્ટિંગ જ કરશે. ફ્રેન્ચાઈઝી કેટલાક નામો સૂચવી શકે છે, પરંતુ સંભવિત ઉમેદવારો સાથે વાતચીત અને ઈન્ટરવ્યુ બાદ નિમણૂકનો નિર્ણય પોન્ટિંગની સંમતિથી થશે. એવું માનવામાં આવી રહ્યું છે કે ફ્રેન્ચાઈઝી IPL 2027 માટે ખેલાડીઓના ઓક્શન પહેલાં ત્રણેય ખાલી પદોને ભરવા માગે છે, જેથી આગામી સીઝનની તૈયારીઓ પૂરી કોચિંગ ટીમ સાથે શરૂ કરી શકાય.

પંજાબ કિંગ્સના સપોર્ટ સ્ટાફમાં આ ફેરફાર એવા સમયે આવ્યો છે, જ્યારે IPL 2027ની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ઓક્શન પહેલાં નવા કોચોની નિમણૂક કરવી પોન્ટિંગ માટે મહત્વપૂર્ણ રહેશે, કારણ કે તેમણે નવા સ્ટાફ સાથે ટીમની વ્યૂહરચના, ખેલાડીઓની તૈયારી અને આગામી સીઝનની યોજનાઓ પર કામ કરવાનું છે.

ગોવા-મુંબઈમાં ઘર, 27 એકરનું ફાર્મહાઉસ...: પત્ની અને પુત્ર માટે કરોડોની સંપત્તિ છોડી ગયા નાના પાટેકર

મુંબઈ, તા.08



બોલિવૂડના દિગ્ગજ અભિનેતા નાના પાટેકરે દુનિયાને અલવિદા કહી દીધું છે, તેમણે 75 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા છે. ક્રાંતિવીરથી લઈને તિરંગા જેવી સુપરહિત ફિલ્મોમાં પોતાના અભિનયના દમ પર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અલગ ઓળખ બનાવનારા નાના પાટેકરનું ગોવામાં નિધન થયું છે. દુનિયાને અલવિદા કહેનારા નાના પાટેકર પોતાની પાછળ ગોવા-મુંબઈમાં ઘર, ખેતીલાયક જમીન સહિત કરોડોની સંપત્તિ છોડી ગયા છે.

નાના પાટેકરનો જન્મ 1 જાન્યુઆરી 1951ના રોજ મુંબઈમાં થયો હતો. તેમને છાતીમાં દુ:ખાવાની ફરિયાદ બાદ તબીબોએ ગોવા સ્થિત તેમના ફ્લેટ પર જ તાત્કાલિક CPR આપ્યો, પરંતુ સ્થિતિમાં સુધારો ન થતાં મણિપાલ હોસ્પિટલ લઈ જવાયા. તમામ પ્રયાસો છતાં તેમને બચાવી શકાયા નહીં અને 75 વર્ષીય દિગ્ગજ એક્ટરે સવારે 5:20 વાગ્યે દુનિયાને અલવિદા કહી દીધું.

નાના પાટેકરનું બાળપણ ગરીબીમાં વીત્યું હતું. તેમના પિતા દિનકર પાટેકર ટેક્સટાઈલ પેઈન્ટર બિઝનેસ સાથે જોડાયેલા હતા. રિપોર્ટ્સનું માનીએ તો, પારિવારિક બિઝનેસ બંધ થયા પછી નાના પાટેકરે પોતે જેબ્રા ક્રોસિંગ અને ફિલ્મ પોસ્ટર્સ પેઈન્ટ કરવાનું કામ કર્યું હતું. પરંતુ, પોતાના બાળપણમાં આર્થિક તંગી જોનારા નાના પાટેકરે હાર ન માની અને પોતાની મહેનત અને ટેલેન્ટના દમ પર બોલીવુડમાં એન્ટ્રી લઈને અલગ ઓળખ બનાવી. 'ક્રાંતિવીર', 'તિરંગા', 'વેલકમ', 'અબ તક છપ્પન', 'ગુલામ-એ-મુસ્તફા' જેવી ફિલ્મોથી તેમણે મોટી ફેન ફોલોઈંગ બનાવી.

લગભગ ચાર દાયકા સુધી બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સક્રિય રહેલા નાના પાટેકર હવે આ દુનિયામાં નથી રહ્યા, પરંતુ તેઓ પોતાની પાછળ પત્ની નીલકાંતી પાટેકર અને પુત્ર મલ્હાર પાટેકર માટે કરોડોની સંપત્તિ છોડી ગયા છે. નાના પાટેકરની નેટવર્થની વાત કરીએ તો, મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે તેમની અંદાજિત નેટવર્થ 80 કરોડ રૂપિયાની આસપાસ બતાવવામાં આવી રહી છે.

રિપોર્ટ્સનું માનીએ તો, સાદું જીવન જીવનારા દિવંગત અભિનેતા નાના પાટેકર પાસે ગોવામાં ફ્લેટ ઉપરાંત પુણે લો કોલેજ રોડ પર એક ઘર હતું. આ સિવાય તેમની પાસે મુંબઈમાં એક 1 BHK ફ્લેટ પણ હોવાની માહિતી મળી રહી છે. પુણે નજીક ખડકવાસલા જિલ્લાના એક ગામમાં તેમનું એક ફાર્મહાઉસ છે અને અભિનેતા પોતાનો મોટાભાગનો સમય આ 27 એકરના ફાર્મહાઉસમાં જ વિતાવતા હતા. અહીં ઘઉં અને ડાંગરના પાક પણ ઉગાડતા હતા. ખાસ વાત એ છે કે તેઓ ખેતીમાંથી થતી કમાણીને ખેડૂતોમાં વહેંચી દેતા હતા.

નાના પાટેકર ખેડૂતો માટે ઘણું બધું કરતા હતા. તેમણે વર્ષ 2015માં NAAM ફાઉન્ડેશન (NAAM Foundation)ની શરૂઆત કરી હતી. આ એક રજિસ્ટર્ડ બિન-લાભકારી સંગઠન (NGO) છે, જેનું મુખ્યાલય પુણેમાં છે. આના દ્વારા તેઓ મહારાષ્ટ્રમાં ગંભીર દુષ્કાળ, પાણીની અછત અને દેવા કે આર્થિક તંગીના કારણે આત્મહત્યા કરનારા ખેડૂતોના પરિવારો અને જરૂરિયાતમંદ ગ્રામજનોની મદદ કરતા હતા. ગરીબ ખેડૂતોની દીકરીઓના લગ્નમાં પણ તેઓ આર્થિક યોગદાન આપતા હતા.

કરીનાના શો 'વોટ વુમન વોન્ટ'માં મીરા રાજપૂતનું ડેબ્યુ

મુંબઈ, તા.08



કરીના કપૂર ખાન પોતાના લોકપ્રિય શો 'વોટ વુમન વોન્ટ'ની નવી સીઝન સાથે પરત ફરી રહી છે. શોના નવા ટ્રેલરમાં મનોરંજન જગતના અનેક જાણીતા ચહેરાઓ સાથેની વાતચીતની ઝલક જોવા મળી છે. આ સીઝનમાં મીરા રાજપૂતની હાજરી ખાસ ચર્ચામાં છે. શાહિદ કપૂરની પત્ની મીરા પહેલી વખત કરીના સાથે આ શોમાં ઔપચારિક રીતે કેમેરા સામે વાતચીત કરતી જોવા મળશે.

ટ્રેલરમાં કરીના મીરાને કહેતી જોવા મળે છે, "મને લાગે છે કે બધા આના માટે ઉત્સાહિત છે." શૂટિંગ દરમિયાન કરીનાએ મીરા સાથેની એક તસવીર સોશિયલ મીડિયા પર શેર કરીને તેને "ખૂબ જ હૂંફાળી અને પ્રેમાળ" ગણાવી હતી. મીરાએ પણ આ પોસ્ટ શેર કરીને શોમાં આમંત્રણ આપવા બદલ કરીનાનો આભાર માન્યો હતો. તેણે પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ પર શૂટિંગની કેટલીક તસવીરો પણ શેર કરી હતી. 'વોટ વુમન વોન્ટ'ની નવી સીઝનમાં સેલિબ્રિટી લાઈફ, સંબંધો અને અંગત અનુભવો સહિત મહિલાઓ સાથે જોડાયેલા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થવાની છે. મિકી કોન્ટ્રાક્ટર, પંકજ ત્રિપાઠી, અલી ફઝલ, નીતુ કપૂર, ભાવના પાંડે અને મહીપ કપૂર સહિતના મહેમાનો પણ શોમાં જોવા મળશે.

આ દરમિયાન, કરીના તાજેતરમાં તપાસ આધારિત ડ્રામા ફિલ્મ 'દાયરા'માં જોવા મળી હતી. ફિલ્મમાં તે પૃથ્વીરાજ સુકુમારન સાથે પોલીસ અધિકારીની ભૂમિકામાં છે.

કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રા ફરી માતા-પિતા બનશે



મુંબઈ, તા.08

બોલિવૂડ એક્ટ્રેસ કિયારા અડવાણી અને એક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રાએ બુધવારે પોતાના ચાહકો સાથે ખુશખબર શેર કરી છે. બંને કલાકારોએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને જાહેર કર્યું કે તેઓ બીજા બાળકનું સ્વાગત કરવા જઈ રહ્યાં છે. પોસ્ટમાં નાનકડાં સફેદ ક્રોશેના બેબી બૂટીઝ હાથમાં રાખેલી તસવીર શેર કરવામાં આવી હતી. આ હાથ તેમની મોટી દીકરી સારાયાહના હોવાનું માનવામાં આવે છે.

પોસ્ટ સાથે દંપતીએ લખ્યું, "સૌથી મહાન ભેટના ફરી એક વખત આશીર્વાદ મળ્યા છે અમારા મન પ્રેમ અને ઋણાનુવાદથી ભરાઈ ગયાં છે." આ જાહેરાત બાદ ચાહકો, મિત્રો અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકારોએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. ભૂમિ પેડનેકર સહિત અનેક સેલિબ્રિટીઝે પણ કોમેન્ટ કરીને અભિનંદન આપ્યાં.

કિયારા અને સિદ્ધાર્થની પહેલી મુલાકાત 'શેરશાહ'ના સેટ પર થઈ હતી. 2021માં આવેલી આ ફિલ્મમાં સિદ્ધાર્થે કેપ્ટન વિક્રમ બત્રાની અને કિયારાએ ડિમ્પલ ચીમાની ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ બંનેના સંબંધોની ચર્ચા શરૂ થઈ હતી. 7 ફેબ્રુઆરી, 2023ના રોજ જૈસલમેરના સૂર્યગઢ પેલેસમાં બંનેએ લગ્ન કર્યાં હતાં. 2024માં તેઓ પ્રથમ વખત માતા-પિતા બન્યાં હતાં. ડિસેમ્બર 2024માં તેમની દીકરી સારાયાહનો જન્મ થયો હતો. દંપતીએ અત્યાર સુધી દીકરીને મીડિયા અને જાહેર ચર્ચાથી દૂર રાખી છે.

ફિલ્મની વાત કરીએ તો સિદ્ધાર્થ તાજેતરમાં 'ધ વિવાન: ફોર્સ ઓફ ધ ફોરેસ્ટ'માં જોવા મળ્યો હતો, જ્યારે કિયારા છેલ્લે 'વૉર 2' અને 'ટોક્સિક'માં જોવા મળી હતી. હવે બંને પોતાની વ્યાવસાયિક વ્યસ્તતા વચ્ચે પરિવારના નવા અધ્યાયની તૈયારી કરી રહ્યા છે.

ગુજરાતી એક્ટર સંવેદના સુવાલકાનાં અજયે વખાણ કર્યાં

મુંબઈ, તા.08



'દૃશ્યમ ધ કન્ક્લૂઝન'માં વકીલ ગાયત્રી મોહનની ભૂમિકાથી અભિનેત્રી સંવેદના સુવાલકાને દર્શકો વખાણી રહ્યા છે. ફિલ્મની ત્રીજી કડીમાં તેની ભૂમિકા અગાઉ કરતાં વધુ વિસ્તૃત છે અને પ્રકાશ રાજ જેવા અનુભવી અભિનેતા સામેના કોર્ટરૂમ દૃશ્યોમાં પણ તેની હાજરીની નોંધ લેવાઈ છે. સંવેદનાના મતે આ સફળતા એકાએક મળેલી નથી, પરંતુ છેલ્લા 10-12 વર્ષના સતત સંઘર્ષનું પરિણામ છે. સંવેદનાએ 2013માં કારકિર્દીની શરૂઆત કરી હતી. 2014ની ગુજરાતી ફિલ્મ 'બે યાર'થી તેને ઓળખ મળી, પરંતુ મુંબઈમાં આવીને લાંબા સમય સુધી ઓડિશન આપતા સંઘર્ષ કરવો પડ્યો. થિયેટર અને સ્વતંત્ર ફિલ્મો બાદ 'જી કરદા', 'ગ્યારહ ગ્યારહ', 'ફાઇટર' અને 'દૃશ્યમ 2' જેવી ફિલ્મો-શોમાં કામ મળ્યું. 'દૃશ્યમ 2'માં નાની ભૂમિકા હોવા છતાં મળેલાં પ્રતિસાદે તેને આશ્ચર્યચકિત કરી હતી.

ત્રીજી કડીમાં પોતાની ભૂમિકા મોટી હોવાની જાણ થતાં તેની ખુશીનો પાર રહ્યો નહોતો. લેખક આમિલ કીયાન ખાન સાથેની રીડિંગ દરમિયાન જ્યારે તેણે સ્ક્રિપ્ટ વાંચી ત્યારે તેને સમજાયું કે ગાયત્રી મોહનનું પાત્ર આ વખતે કોર્ટની બહાર પણ મહત્વનું છે. આમિલે તેને કહ્યું હતું કે, "તમારું જીવન બદલાવાનું છે." 'દૃશ્યમ 2'ના ક્લાઈમેક્સમાં અજય દેવગન સાથેના મોનોલોગનો અનુભવ પણ સંવેદના માટે યાદગાર રહ્યો. એક જ ટેકમાં સીન ઓકે થયા બાદ અજય દેવગને તેની પીઠ થાબડીને કહ્યું હતું, "વેલ ડન." સંવેદના કહે છે કે આ નાનકડી પ્રશંસા તેનાં માટે ખૂબ ખાસ બની ગઈ હતી. હવે તે સુભાષ ઘઈની 'માન્યા' અને જ્હોન અબ્રાહમ સાથેની રિભુ દાસગુપ્તાની 'ગુરુ'માં જોવા મળશે.

મસ્કે કહ્યું- કેટલાક ઉદ્યોગપતિઓ ભારતમાં સ્ટારલિંકને રોકી રહ્યા છે: તમને ખબર જ હશે કે તેઓ કોણ છે

વૉશિંગ્ટન, તા.08

ઈલોન મસ્ક દ્વારા ભારતની ટેલિકોમ ક્ષેત્રની સ્થિતિ અને સ્ટારલિંકના આગમન સંદર્ભે કરવામાં આવેલો દાવો હાલ સમગ્ર દેશના ઉદ્યોગ જગતમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક તીખી પોસ્ટ શેર કરીને સનસનાટી મચાવી દીધી છે. તેમણે ભારતના કેટલાક અગ્રણી ઉદ્યોગપતિઓ પર એવો ગંભીર આરોપ મૂક્યો છે કે તેઓ સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંકને ભારતીય બજારમાં પ્રવેશતા રોકવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યા છે. મસ્કના જણાવ્યા અનુસાર, આ મોટા વ્યવસાયીઓ પોતાના એકહથ્થુ શાસન અને બજાર પરના પ્રભુત્વને જાળવી રાખવા ઈચ્છે છે જેથી નવી અને આધુનિક ટેક્નોલોજી ભારતના સામાન્ય નાગરિકો સુધી ન પહોંચી શકે. આ પરિસ્થિતિને તેમણે દેશના લોકો સાથે થતો એક પ્રકારનો અન્યાય અને મોટો ગુનો ગણાવ્યો છે. જોકે મસ્કે પોતાની પોસ્ટમાં સ્પષ્ટપણે કોઈ ચોક્કસ કંપની કે વ્યક્તિનું નામ જાહેર નથી કર્યું, પરંતુ તેમના આ આડકતરા ઈશારાએ ભારતીય ટેલિકોમ માર્કેટમાં મોટી હલચલ મચાવી દીધી છે. ટેલિકોમ ક્ષેત્રના વિશ્લેષકોનું માનવું છે કે મસ્કનો ઈશારો દેશના એવા મોટા બિઝનેસ હાઉસ તરફ છે જેઓ સ્પેક્ટ્રમની ફાળવણી હરાજી દ્વારા કરવાની માંગ કરી રહ્યા છે અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત બાબતોને આગળ ધરીને સેટેલાઈટ ઈન્ટરનેટ માટે કડક નિયમો નક્કી કરવાનો આગ્રહ રાખી રહ્યા છે. આ તમામ વિવાદો અને ચર્ચાઓ વચ્ચે ઈલોન મસ્કની એરોસ્પેસ કંપની સ્પેસએક્સની સેટેલાઈટ ઈન્ટરનેટ વિંગ 'સ્ટારલિંક' ભારતમાં પોતાની સેવાઓ વિધિવત રીતે શરૂ કરવાની અત્યંત નજીક પહોંચી ગઈ છે. કંપનીએ ભારતભરમાં પોતાની સેવાઓ સીમલેસ અને ઝડપી રીતે પૂરી પાડવા માટે જરૂરી તમામ પ્રાથમિક તૈયારીઓ અને ગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામકાજ આખરી તબક્કામાં પૂર્ણ કરી લીધું છે. ભારતના અંતરિયાળ વિસ્તારોને સ્પેસ સેટેલાઈટ સાથે સાંકળવા માટે દેશભરમાં અલગ-અલગ જગ્યાઓએ ૨૦ જેટલી વિશાળ ગેટવે સાઈટ્સ સ્થાપિત કરવામાં આવી છે. આ ગેટવે સ્ટેશનો જમીન પરના મુખ્ય ઈન્ટરનેટ નેટવર્ક અને અંતરિક્ષમાં ભ્રમણ કરી રહેલા



સ્ટારલિંકના હજારો સેટેલાઈટ્સ વચ્ચે એક મહત્વપૂર્ણ કડી તરીકે કાર્ય કરે છે. આ તમામ સ્થળો પર આધુનિક એન્ટેનાઓનો મોટો કાફલો તૈનાત કરાયો છે જેથી ડેટા ટ્રાન્સફર કરતી વખતે ઈન્ટરનેટ સિગ્નલમાં કોઈ પણ પ્રકારનો ક્ષણિક વિલંબ કે વિક્ષેપ ન પડે. પોતાના નેટવર્કને વ્યાપક સ્તરે પહોંચાડવા માટે સ્ટારલિંકે ભારતીય ટેલિકોમ ક્ષેત્રના દિગ્ગજો જેવા કે રિલાયન્સ જિયો અને ભારતી એરટેલ સાથે પણ પ્રારંભિક કરાર કર્યા છે, ઉપરાંત મહારાષ્ટ્ર, ગુજરાત અને મેઘાલય જેવી રાજ્ય સરકારો સાથે સ્થાનિક કક્ષાએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓ માટે લેટર ઓફ ઈન્ટેન્ટ પર હસ્તાક્ષર કરી દીધા છે. હવે કંપની માત્ર અંતિમ સરકારી અને નિયમનકારી મંજૂરીઓની રાહ જોઈ રહી છે.

સ્ટારલિંકની ટેક્નોલોજીની વાત કરીએ તો તે પરંપરાગત કેબલ કે મોબાઈલ ટાવર આધારિત ઈન્ટરનેટથી સાવ અલગ છે. આ એક એવો અદ્યતન પ્રોજેક્ટ છે જેમાં પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં ફરતા સેટેલાઈટ્સના નેટવર્ક દ્વારા સીધું હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પૂરું પાડવામાં આવે છે. તેના સેટેલાઈટ પૃથ્વીની ખૂબ જ નજીક હોવાને કારણે ડેટા ઝડપથી ટ્રાન્સફર થાય છે અને લેટન્સી એટલે કે વિલંબનો સમય નહિવત થઈ જાય છે. આ ટેક્નોલોજી ખાસ કરીને ભારતના પહાડી વિસ્તારો, દૂરના ગામડાઓ અને રણપ્રદેશો માટે આશીર્વાદરૂપ સાબિત થશે જ્યાં આજે પણ સામાન્ય બ્રોડબેન્ડ કે 5G નેટવર્ક પહોંચાડવું ભૌગોલિક રીતે અત્યંત મુશ્કેલ છે. જોકે આ સુવિધા ભારત સુધી પહોંચવામાં લાંબો સમય લાગ્યો છે કારણ કે કંપની ૨૦૨૨થી લાઈસન્સ માટે પ્રયાસરત હતી. ભારત સરકારે ડેટા લોકેલાઈઝેશન, સ્થાનિક સુરક્ષા, અને દેશની સુરક્ષા એજન્સીઓ દ્વારા જરૂર પડે કૉલ તથા ડેટાની દેખરેખ રાખી શકાય તે માટે કડક શરતો મૂકી હતી. સ્ટારલિંકે દેશની સુરક્ષા સંબંધિત આ તમામ નિયમોનો સ્વીકાર કરી લેતાં હવે ભારતમાં તેની સેવાનો માર્ગ સુગમ બન્યો છે.

ભારતના સામાન્ય નાગરિકો માટે સ્ટારલિંકનું આગમન ડિજિટલ ક્રાંતિ સમાન બની રહેશે. ગામડાઓમાં રહેતા વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણ, પહાડી અને દૂરના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત ટેલિમેડિસિન સેવાઓ તેમજ સ્થાનિક વ્યવસાયોને વૈશ્વિક બજાર સાથે જોડવાની નવી તકો ઊભી થશે. આ ઉપરાંત ભારતીય ટેલિકોમ માર્કેટમાં એક નવી સ્પર્ધા શરૂ થવાથી ગ્રાહકોને વધુ સારા વિકલ્પો અને સસ્તા પ્લાન્સ મળવાની શક્યતાઓ વધી ગઈ છે. બીજી તરફ, ઈલોન મસ્ક માટે પણ ભારત એક અત્યંત મહત્વપૂર્ણ બજાર છે કારણ કે ચીન પછી ભારત વિશ્વનું બીજું સૌથી મોટું ઈન્ટરનેટ યુઝર બેઝ ધરાવે છે. ખાસ કરીને વર્તમાન સમયમાં જ્યારે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ સાથેના સંબંધોમાં તણાવ અને રાજકીય અસ્થિરતાને કારણે સ્પેસએક્સના સરકારી કોન્ટ્રાક્ટ્સ પર અસર પડી રહી છે, ત્યારે ભારતમાં સ્ટારલિંકની સફળતા મસ્કના ગ્લોબલ બિઝનેસ સામ્રાજ્ય માટે ખૂબ મોટી રાહત અને સફળતા સાબિત થઈ શકે છે. આ સેવા યુઝર સુધી કેવી રીતે કામ કરશે તે પણ ઘણું રસપ્રદ છે. સેટેલાઈટમાંથી નીકળતા સિગ્નલ્સ સીધા યુઝરના ઘરે લગાવવામાં આવેલી કિટ સુધી પહોંચે છે.

UPI પેમેન્ટ પર લાગશે ચાર્જ કે મળશે રાહત? 15 ઓક્ટોબરના MDR પર NPCI લેશે અંતિમ નિર્ણય!

નવી દિલ્હી, તા.08

UPI મારફતે પેમેન્ટ કરતા કરોડો નાગરિકો અને વેપારીઓ માટે આગામી દિવસો ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થવાના છે. નિયમ મુજબ 15 ઓક્ટબર, 2026થી રૂ. 2000થી વધુના કેટલાક યુપીઆઈ લેણ-દેણ પર 0.4 ટકા એમડીઆર (MDR) લાગુ થવાની તારીખ નક્કી કરવામાં આવી છે. જો કે, આ ડેડલાઈન નજીક આવતા જ મર્ચન્ટ સંઘો, ફિનટેક અને પેમેન્ટ કંપનીઓએ આ નિયમ જાન્યુઆરી 2027 સુધી લંબાવવાની માંગ કરી છે.

યુપીઆઈ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ કરવાની તારીખ નજીક હોવા છતાં પેમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં હજુ સુધી પૂરી તૈયારી થઈ શકી નથી. વિવિધ પ્રકારના યુપીઆઈ પેમેન્ટ માટે અલગ-અલગ એમડીઆર રેટ્સ, નીતિઓ અને તેની મર્યાદાઓ હજુ સુધી સ્પષ્ટ થઈ શકી નથી. આ મુદ્દે નાણા મંત્રાલય સાથે ચર્ચાઓ ચાલી રહી છે અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) આગામી બે દિવસમાં આ અંગે મોટો નિર્ણય લઈ શકે છે. ગયા મહિને યુપીઆઈ સ્ટીયરિંગ કમિટીએ રૂ. 2000થી વધુના કેટલાક વ્યવહારો પર 0.4 ટકા એટલે કે 40 બેસિસ પોઈન્ટ MDR નક્કી કર્યો હતો. એમડીઆર એ એવો ચાર્જ છે જે ડિજિટલ પેમેન્ટની પ્રક્રિયા માટે વેપારી દ્વારા



સંબંધિત બૅન્ક અથવા પેમેન્ટ સિસ્ટમ સાથે જોડાયેલા પક્ષોને ચૂકવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, રૂ. 2000ના વ્યવહાર પર 0.4 ટકાના હિસાબે રૂ. 8 અને રૂ. 10,000ના વ્યવહાર પર રૂ. 40નો ચાર્જ બને છે. જો કે, આ શુલ્ક કયા વ્યવહારો પર લાગુ થશે તે અંગે હજુ પણ ઉદ્યોગ જગતમાં અસમંજસ છે. પેમેન્ટ ઈન્ડસ્ટ્રીનું કહેવું છે કે યુપીઆઈમાં કાર્ડ પેમેન્ટની જેમ સમાન ફી સ્ટ્રક્ચર નથી. યુટિલિટી બિલ, લોનની હપ્તા અને કેપિટલ માર્કેટ સાથે જોડાયેલા વ્યવહારો માટે અલગ-અલગ દર નક્કી કરવામાં આવ્યા છે, જેને લઈને કંપનીઓ અને વેપારીઓમાં ભ્રમ ફેલાયેલો છે. આ ઉપરાંત, 15 ઓક્ટબરથી આ વ્યવસ્થા એવા સમયે લાગુ થઈ રહી છે જ્યારે દેશમાં તહેવારોની ખરીદી શરૂ થઈ ચૂકી છે. ઉદ્યોગને આશંકા છે કે તહેવારોની મોસમમાં મોંઘવારીના દબાણ વચ્ચે વેપારીઓનો ખર્ચ વધશે અને કેટલાક વેપારીઓ એમડીઆરનો આ બોજ ગ્રાહકો પર નાખવાનો પ્રયાસ કરી શકે છે.

લોનની હપ્તાની ચુકવણીને લઈને પેમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં અનેક સવાલો ઉભા થયા છે. ઓટો-ડેબિટ નિષ્ફળ જવા પર જ્યારે ગ્રાહક મેન્યુઅલ રીતે લોન ભરે છે, ત્યારે તે ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશન પેમેન્ટ ગણાય છે કે કેમ તેને લઈને સ્પષ્ટતા નથી. NPCI દ્વારા આવા પેમેન્ટ પર રૂ. 5ની ફ્લેટ ફીની જોગવાઈ છે, પરંતુ બૅન્કો અને પેમેન્ટ એગ્રીગેટર્સ સામે લોન રીપેમેન્ટ અને સામાન્ય નાણાકીય સેવાના વ્યવહારો વચ્ચે તફાવત સ્પષ્ટ કરવાનો પડકાર છે. હાલમાં સૌથી મોટો સવાલ એ છે કે 15 ઓક્ટબરથી MDR લાગુ થશે કે તેને જાન્યુઆરી 2027 સુધી ટાળવામાં આવશે. ઈન્ડસ્ટ્રીની આ માંગ એનપીસીઆઈ (NPCI) સુધી પહોંચી ગઈ છે અને જો માંગ સ્વીકારવામાં આવશે તો વેપારીઓ અને પેમેન્ટ કંપનીઓને તૈયારી માટે વધુ સમય મળી શકે છે.


બેંકમાં ફિક્સ્ડ ડિપોઝિટ કરાવતા લોકો માટે ખુશખબર: FD પર હવે વધારે વ્યાજ મળશે

નવી દિલ્હી, તા.08

RBIએ 7 ઓક્ટોબરે રેપો રેટ વધારવાની જાહેરાત કરી. હવે તે 5.25 ટકાથી વધીને 5.50 ટકા થઈ ગયો છે. ફેબ્રુઆરી 2023 પછી આરબીઆઈએ પહેલીવાર રેપો રેટ વધાર્યો છે. બેંકોની ફિક્સ્ડ ડિપોઝિટમાં પૈસા રાખનારા લોકો માટે આ સારા સમાચાર છે. હવે તેમને તેમની FD પર પહેલાં કરતાં વધુ વળતર મળશે.

બેંકોના વ્યાજદર એક બેન્ચમાર્ક સાથે જોડાયેલા હોય છે. મોટાભાગની બેંકો બેન્ચમાર્ક તરીકે રેપો રેટનો ઉપયોગ કરે છે. તેથી રેપો રેટ વધે ત્યારે તેમણે પણ વ્યાજદર વધારવો પડે છે. જેના કારણે હોમ લોન અથવા કાર લોન લેનારા લોકો માટે લોન લેવી મોંઘી થઈ જાય છે. પરંતુ, બેંકની ફિક્સ્ડ ડિપોઝિટમાં પૈસા રાખનારા લોકોને વ્યાજદર વધવાથી ફાયદો થાય છે.

નિષ્ણાતોનું કહેવું છે કે રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો થયા બાદ બેંકોની એફડી પર વ્યાજદર વધવામાં થોડો સમય લાગી શકે છે. તેનું કારણ એ છે કે બેંકો ડિપોઝિટની જરૂરિયાત, લોનની માગ અને પોતાની એસેટ ક્વોલિટીનું મૂલ્યાંકન કર્યા બાદ જ ફિક્સ્ડ ડિપોઝિટ પર વ્યાજદર વધારવાનો નિર્ણય લે છે. તેથી રેપો



રેટ વધવાની અસર એફડીના વ્યાજદર પર પડવામાં થોડો સમય લાગે છે. હાલમાં મોટાભાગની સરકારી બેંકો ફિક્સ્ડ ડિપોઝિટ પર 6.30થી 6.65 ટકા વ્યાજદર ઓફર કરી રહી છે. ખાનગી અને સ્મોલ ફાઈનાન્સ બેંકોનો વ્યાજદર થોડો વધુ છે. નાની-મોટી તમામ બેંકો સામાન્ય રોકાણકારોની તુલનામાં વરિષ્ઠ નાગરિકોને વધુ વ્યાજદર ઓફર કરે છે. જોકે, એફડીની અવધિ અનુસાર વ્યાજદરમાં તફાવત હોય છે.

સૌથી વધુ વ્યાજ આપતી બેંકોમાં સ્મોલ ફાઈનાન્સ બેંકો સૌથી આગળ છે. ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક, ESAF સ્મોલ ફાઈનાન્સ બેંક અને સૂર્યોદય સ્મોલ ફાઈનાન્સ બેંક સિનિયર સિટિઝન્સને 8.50% સુધીનું વ્યાજ આપી રહી છે.

પ્રાઈવેટ બેંકોમાં DCB બેંક સિનિયર સિટિઝન્સને મહત્તમ 8% સુધીનું વ્યાજ આપી રહી છે. બંધન બેંકમાં આ દર 7.95% છે, જ્યારે ઈન્ડસઈન્ડ બેંક અને યસ બેંકમાં 7.75% સુધીનું વ્યાજ મળી રહ્યું છે.

આ ઉપરાંત IDFC ફર્સ્ટ બેંક 7.35%, કોટક મહિન્દ્રા બેંક 7.15% અને HDFC બેંક તથા ICICI બેંક 7.10% સુધીનું વ્યાજ આપી રહી છે. જો સરકારી બેંકોની વાત કરીએ તો બેંક ઓફ ઈન્ડિયાનો મહત્તમ વ્યાજ દર 7.45% છે. બેંક ઓફ બરોડા અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા 7.25% સુધી વ્યાજ આપી રહી છે. ઈન્ડિયન બેંકમાં દર 7.15% છે, જ્યારે કેનેરા બેંક, ઈન્ડિયન ઓવરસીઝ બેંક અને પંજાબ નેશનલ બેંકમાં દર 7.10% સુધી છે. SBI અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં મહત્તમ વ્યાજ 7.05% સુધી છે.

જો તમે બેંકમાં ફિક્સ્ડ ડિપોઝિટ કરવા માંગતા હો, તો તમારા માટે થોડો સમય રાહ જોવી યોગ્ય રહેશે. તેનું કારણ એ છે કે રેપો રેટ વધ્યા બાદ બેંકોને FD પર વ્યાજદર વધારવામાં થોડા અઠવાડિયાનો સમય લાગી શકે છે. તમારે એફડી પર બેંકોના નવા વ્યાજદર જોયા બાદ એફડી કરવાનો નિર્ણય લેવો જોઈએ. FDના વ્યાજદરમાં થોડો તફાવત વળતરમાં મોટો ફેરફાર લાવે છે. ખાસ કરીને એફડીની રકમ વધુ હોય ત્યારે આ તફાવત ઘણો મહત્વનો બની જાય છે.

શેરબજારમાં સતત નવમા અઠવાડિયે ઘટાડો, સેન્સેક્સ 1,045 અંક ગગડ્યો

મુંબઈ, તા.08

ભારતીય શેરબજારમાં ઘટાડાનો સિલસિલો યથાવત રહ્યો છે. બુધવારે એટલે કે 8 ઓક્ટોબરે સ્થાનિક શેરબજારમાં ફરી એકવાર ભારે વેચવાલી જોવા મળી હતી. સતત નવમા અઠવાડિયે બજારમાં નબળાઈ વચ્ચે સેન્સેક્સ 1,045 અંકના કડાકા સાથે 71,593ના સ્તરે બંધ થયો હતો. બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ 371 અંક ઘટીને 22,232ના સ્તરે બંધ થયો હતો. દિવસ દરમિયાન મેટલ, ઓટો અને રિયલ્ટી ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી હતી. વૈશ્વિક બજારોમાં નબળાઈ, ઊંચા ક્રૂડ ઓઈલના ભાવ, વિદેશી રોકાણકારોની સતત વેચવાલી અને બોન્ડ યીલ્ડમાં વધારાને કારણે ભારતીય બજાર પર દબાણ વધ્યું હતું. બજારના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર હાલમાં રોકાણકારો અનેક મોરચે ચિંતિત છે. કાચા તેલના ભાવ પ્રતિ બેરલ 102 ડોલરની ઉપર જળવાઈ રહ્યા છે, જ્યારે વિદેશી રોકાણકારો ભારતીય ઈક્વિટી માર્કેટમાંથી સતત નાણાં પાછા ખેંચી રહ્યા છે. આ ઉપરાંત વ્યાજદર અંગેની ચિંતા અને વૈશ્વિક બોન્ડ માર્કેટમાં વધતી યીલ્ડે પણ શેરબજારના સેન્ટિમેન્ટને અસર કરી છે. રોકાણકારો જોખમી સંપત્તિમાંથી નાણાં કાઢીને વધુ



સુરક્ષિત વિકલ્પો તરફ વળી રહ્યા હોવાના સંકેતો મળી રહ્યા છે.

બજારમાં ઘટાડા પાછળ સૌથી મહત્વના પરિબળોમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની નાણાકીય નીતિ અંગેની ચિંતા પણ સામેલ છે. લગભગ ચાર વર્ષમાં પ્રથમ વખત દરોમાં વધારો થવાની શક્યતા વચ્ચે આરબીઆઈએ પોતાના વલણમાં ફેરફાર કરીને તેને 'ન્યુટ્રલ'માંથી 'કેલિબ્રેટેડ ટાઈટનિંગ' તરફ લઈ જવાના સંકેત આપ્યા હોવાનું બજાર વિશ્લેષકો જણાવી રહ્યા છે. જો આવનારા મહિનાઓમાં વ્યાજદરમાં વધારો કરવામાં આવે તો કંપનીઓ માટે લોન અને મૂડીનો ખર્ચ વધી શકે છે. તેની સીધી અસર કંપનીઓના નફા અને શેરના વેલ્યુએશન પર પડવાની આશંકા છે. આ કારણોસર રોકાણકારોમાં સાવચેતી વધી છે.

વૈશ્વિક બોન્ડ માર્કેટમાં વધતી યીલ્ડ પણ ભારતીય શેરબજાર માટે ચિંતાનો વિષય બની છે. અમેરિકાના લાંબા ગાળાના બોન્ડની યીલ્ડમાં નોંધપાત્ર વધારો થયો છે અને 30 વર્ષીય બોન્ડની યીલ્ડ 5.71 ટકાની ઉપર પહોંચી હોવાનું જણાવાઈ રહ્યું છે. બીજી તરફ 10 વર્ષીય બોન્ડની યીલ્ડ પણ 5.3 ટકાની ઉપર પહોંચી છે. બોન્ડ યીલ્ડ વધે ત્યારે વૈશ્વિક રોકાણકારો માટે ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ વધુ આકર્ષક બની શકે છે. પરિણામે ઊભરતાં બજારોમાંથી વિદેશી નાણાં બહાર જવાની શક્યતા વધે છે અને તેની અસર ભારતીય શેરબજાર પર પણ જોવા મળે છે.

કાચા તેલના ભાવમાં ફરીથી આવેલી તેજી ભારતીય અર્થતંત્ર માટે પણ પડકારરૂપ બની રહી છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં જહાજોને લઈને વધેલી ચિંતાને કારણે સપ્લાયમાં વિક્ષેપની આશંકા ઊભી થઈ છે. જેના કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવમાં આશરે બે ટકાનો વધારો થયો હતો અને ભાવ પ્રતિ બેરલ 102 ડોલરની ઉપર પહોંચી ગયો હતો. ક્રૂડ ઓઈલની ઈન્વેન્ટરીમાં અંદાજે 3.2 મિલિયન બેરલનો ઘટાડો પણ નોંધાયો છે. ભારત પોતાની ક્રૂડ જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત કરે છે, તેથી ક્રૂડના ભાવમાં સતત વધારો થાય તો દેશના આયાત બિલ, મોંઘવારી અને કંપનીઓના ખર્ચ પર દબાણ વધી શકે છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સતત વેચવાલી પણ બજારના ઘટાડાનું મોટું કારણ બની રહી છે. બુધવારે વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી આશરે 6,121 કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. છેલ્લા નવ કારોબારી સત્રોમાં વિદેશી રોકાણકારો દ્વારા લગભગ 57 હજાર કરોડ રૂપિયાની વેચવાલી કરવામાં આવી હોવાનું બજારના આંકડા દર્શાવે છે. છેલ્લા સાત દિવસમાં FII/FPI દ્વારા અંદાજે 13,782 કરોડ રૂપિયાના શેર વેચવામાં આવ્યા છે. જ્યારે આ જ સમયગાળા દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે DIIએ 14,867 કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી કરી છે. છેલ્લા 30 દિવસના આંકડા જોઈએ તો DIIની ખરીદી લગભગ 80,455 કરોડ રૂપિયા રહી છે, જ્યારે FII/FPIએ લગભગ 69,810 કરોડ રૂપિયાની ચોખ્ખી વેચવાલી કરી છે.

વિદેશી રોકાણકારોની સતત વેચવાલી સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો બજારને ટેકો આપવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ વૈશ્વિક સ્તરે વધેલી અનિશ્ચિતતા અને વિદેશી નાણાંની સતત બહારકાઢને કારણે બજાર પર દબાણ યથાવત છે. ખાસ કરીને અમેરિકાના વ્યાજદર, બોન્ડ યીલ્ડ, ડોલરની સ્થિતિ અને મિડલ ઈસ્ટના તણાવ જેવા પરિબળો ભારતીય બજારના રોકાણકારો માટે મહત્વપૂર્ણ બની ગયા છે.

બજારના ટેક્નિકલ પરિબળોએ પણ વેચવાલીને વધુ વેગ આપ્યો છે. ટ્રેડિંગ દરમિયાન નિફ્ટીએ પોતાના કેટલાક મહત્વપૂર્ણ સપોર્ટ લેવલ તોડી નાખ્યા હતા. એક્સિસ ડાયરેક્ટના વિશ્લેષકોના જણાવ્યા અનુસાર નિફ્ટીનું 22,500નું સપોર્ટ લેવલ તૂટી ગયું છે. આ સ્તર તૂટ્યા બાદ હવે 22,300 અને ત્યારબાદ 52 સપ્તાહના નીચલા સ્તર 22,180 તરફ બજાર આગળ વધી શકે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ટેક્નિકલ સપોર્ટ તૂટતા ઘણા ટ્રેડર્સ અને રોકાણકારો દ્વારા વેચવાલી વધારવામાં આવી હતી, જેના કારણે દિવસના અંતે બજારના મુખ્ય સૂચકાંકોમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો.

સોના-ચાંદીના ભાવમાં ફરી ઘટાડો, સોનું ₹1.47 લાખ અને ચાંદી ₹2.18 લાખ પર પહોંચી

નવી દિલ્હી, તા.08

10 ઓક્ટોબરે સોના-ચાંદીના ભાવમાં ફરી ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના જણાવ્યા અનુસાર 24 કેરેટ સોનાનો ભાવ 10 ગ્રામ દીઠ 304 રૂપિયા ઘટીને 1,47,463 રૂપિયા પર પહોંચી ગયો છે. એક દિવસ અગાઉ એટલે કે 9 ઓક્ટોબરે 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,47,767 રૂપિયા હતો. આ રીતે એક જ દિવસમાં સોનાના ભાવમાં 304 રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ ચાંદીના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. એક કિલો ચાંદીનો ભાવ 2,821 રૂપિયા ઘટીને 2,18,045 રૂપિયા થયો છે. અગાઉ ચાંદી 2,20,866 રૂપિયા પ્રતિ કિલોના સ્તરે હતી.

આ વર્ષે સોના અને ચાંદીના ભાવમાં સતત ભારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. વર્ષની શરૂઆતમાં બંને કિંમતી ધાતુઓમાં જોરદાર તેજી જોવા મળ્યા બાદ હવે ઊંચા સ્તરેથી તેમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ આશરે 1.33 લાખ રૂપિયા હતો. ત્યારબાદ સોનાના ભાવમાં ઝડપથી વધારો થયો હતો અને 29 જાન્યુઆરીએ તે 1.76 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો હતો. ત્યારથી અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 28,658 રૂપિયાનો ઘટાડો નોંધાઈ ચૂક્યો છે. જોકે, વર્ષની શરૂઆતના ભાવની સરખામણીમાં સોનું હજુ પણ ઊંચા સ્તરે ટ્રેડ થઈ રહ્યું છે.

ચાંદીમાં પણ આ જ પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીનો ભાવ આશરે 2.30 લાખ રૂપિયા હતો. ત્યારબાદ ચાંદીમાં પણ જોરદાર તેજી આવી હતી અને 29 જાન્યુઆરીએ તેનો ભાવ 3.86 લાખ રૂપિયા પ્રતિ કિલોના ઓલટાઈમ હાઈ સ્તરે પહોંચી ગયો હતો. જોકે, ત્યારબાદ ચાંદીના ભાવમાં મોટો ઘટાડો થયો છે અને અત્યાર સુધીમાં તે 1.68 લાખ રૂપિયા જેટલી સસ્તી થઈ હોવાનું જણાવાઈ રહ્યું છે. ઊંચા સ્તરે પહોંચ્યા બાદ કિંમતી ધાતુઓમાં આવેલી નફારૂપી વેચવાલી અને આંતરરાષ્ટ્રીય બજારના સંકેતોને કારણે ભાવમાં અસ્થિરતા જોવા મળી રહી છે. સોનાના ભાવ માત્ર આંતરરાષ્ટ્રીય બજાર પર જ આધાર રાખતા નથી. દેશમાં અલગ-અલગ શહેરોમાં સોનાના ભાવમાં થોડો તફાવત જોવા મળવાનું એક



કારણ પરિવહન અને સુરક્ષા ખર્ચ પણ છે. એક શહેરમાંથી બીજા શહેરમાં સોનું લઈ જતી વખતે પરિવહન, ઈંધણ અને સુરક્ષાનો ખર્ચ થાય છે. અંતર વધારે હોય ત્યારે આ ખર્ચ પણ વધી શકે છે અને તેની અસર સ્થાનિક બજારમાં સોનાના ભાવ પર જોવા મળે છે. આ ઉપરાંત સ્થાનિક સ્તરે સોનાની માગ અને પુરવઠો પણ ભાવ નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. દક્ષિણ ભારત સોનાની જ્વેલરી માટે મોટું બજાર માનવામાં આવે છે અને દેશમાં સોનાની ખરીદીમાં દક્ષિણ ભારતનો હિસ્સો નોંધપાત્ર છે. અહીં જ્વેલર્સ મોટા પ્રમાણમાં સોનાની ખરીદી કરતા હોવા છતાં ગ્રાહકોને મળતા ડિસ્કાઉન્ટનો લાભ દરેક વખતે સમાન રહેતો નથી. સ્થાનિક માગ, સપ્લાયની સ્થિતિ અને જ્વેલર્સ પાસે ઉપલબ્ધ સ્ટોક પ્રમાણે ભાવમાં ફેરફાર થઈ શકે છે. અલગ-અલગ શહેરો અને રાજ્યોમાં સ્થાનિક જ્વેલરી એસોસિએશન પણ બજારની સ્થિતિ પ્રમાણે દર નક્કી કરવામાં ભૂમિકા ભજવે છે.

જ્વેલર્સ પાસે રહેલા જૂના સ્ટોકની ખરીદી કિંમત પણ ગ્રાહકોને મળતા ભાવ પર અસર કરે છે. જો કોઈ જ્વેલરે સોનું અગાઉ ઊંચા ભાવે ખરીદ્યું હોય તો બજારમાં હાલના દર કરતાં જુદી કિંમતે તેનો સ્ટોક વેચવામાં આવી શકે છે. બીજી તરફ બજારમાં ભાવ ઘટ્યા બાદ નવી ખરીદી કરનાર જ્વેલર્સને ભાવમાં ઘટાડાનો લાભ મળી શકે છે. આ કારણે IBJAના બુલિયન રેટ અને જ્વેલરી શોરૂમમાં ગ્રાહકો પાસેથી લેવામાં આવતા અંતિમ ભાવમાં તફાવત જોવા મળી શકે છે. જ્વેલરી ખરીદતી વખતે મેકિંગ ચાર્જ, GST અને અન્ય ખર્ચ પણ અંતિમ બિલમાં ઉમેરાય છે.

સોનું ખરીદતા ગ્રાહકોએ તેની શુદ્ધતા અંગે ખાસ સાવચેતી રાખવી જરૂરી છે. હંમેશાં બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એટલે કે BIS હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું ખરીદવું જોઈએ. હોલમાર્ક સોનાની શુદ્ધતા અંગે મહત્વપૂર્ણ માહિતી આપે છે. હોલમાર્ક સાથે જોડાયેલ અલ્ફાન્યુમેરિક નંબર પણ હોય છે, જેના આધારે સોનાની ઓળખ અને શુદ્ધતા સંબંધિત વિગતો ચકાસી શકાય છે. ગ્રાહકોએ માત્ર દુકાનદારના કહેવા પર વિશ્વાસ કરવાને બદલે સોનાની શુદ્ધતા અને હોલમાર્કની વિગતો જાતે ચકાસવી જોઈએ. સોનું ખરીદતી વખતે તેની કિંમત પણ અલગ-અલગ સ્રોતો પરથી ચકાસવી જરૂરી છે. 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ સોનાના ભાવ અલગ હોય છે. તેથી ગ્રાહકે કયા કેરેટનું સોનું ખરીદી રહ્યું છે તે પહેલા સ્પષ્ટ કરવું જોઈએ. આ ઉપરાંત ખરીદીના દિવસે સોનાનો બજાર ભાવ કેટલો છે તે પણ તપાસવો જોઈએ. IBJA જેવા અધિકૃત બુલિયન રેટના આધારે બજાર ભાવની સરખામણી કરી શકાય છે.

શેરબજાર અને કોમોડિટી બજારો વચ્ચે તીવ્ર વિપરીતતા


અમદાવાદ, તા.08

જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન શેરબજાર અને કોમોડિટી બજારોમાં તીવ્ર વિપરીતતા જોવા મળી હતી. એક તરફ, નબળા શેરબજાર અને નવા નિયમોને કારણે ફ્યુચર્સ અને ઓપ્શન્સ (F&O) ટ્રેડિંગમાં તીવ્ર ઘટાડો થયો છે. બીજી તરફ, ક્રૂડ ઓઈલ, સોનું અને અન્ય કોમોડિટીમાં ઊંચી અસ્થિરતાને કારણે રેકોર્ડ કોમોડિટી ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ થયું હતું.

આ જ કારણ છે કે FY૨૦૨૬-૨૭ના બીજા ક્વાર્ટરમાં બીએસઈ અને એમસીએક્સની કમાણી વૃદ્ધિમાં નોંધપાત્ર તફાવતની અપેક્ષા છે. એવો અંદાજ છે કે બીએસઈનો નફો વાર્ષિક ધોરણે ૩૬% વધી શકે છે, પરંતુ પાછલા ક્વાર્ટરની તુલનામાં ૧૩% ઘટી શકે છે. દરમિયાન, એમસીએક્સના નફામાં વાર્ષિક ધોરણે આશરે ૧૬૮% અને ત્રિમાસિક ધોરણે ૨૮% વૃદ્ધિ થવાની ધારણા છે.

અહેવાલ મુજબ, ઓગસ્ટ ૨૦૨૬ માં અમલમાં આવેલા નવા CAS ફ્રેમવર્કની ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ પર નોંધપાત્ર અસર પડી છે. જુલાઈમાં, સરેરાશ દૈનિક F&O ટ્રેડિંગ વોલ્યુમ પાછલા મહિનાની તુલનામાં ૯% ઘટયું છે. ઓગસ્ટમાં, તેમાં વધુ ૨૨% ઘટાડો થયો હતો.

સપ્ટેમ્બરમાં પરિસ્થિતિમાં



થોડો સુધારો થયો, ઓગસ્ટની તુલનામાં સરેરાશ દૈનિક ટ્રેડિંગ વોલ્યુમમાં ૧૦% વધારો થયો હતો. જોકે, ટ્રેડિંગ વોલ્યુમ પ્રથમ ક્વાર્ટરના સ્તરથી નોંધપાત્ર રીતે નીચે રહ્યું હતું.

ઓપ્શન્સ પ્રીમિયમ ટ્રેડિંગમાં પણ આવું જ ચિત્ર જોવા મળ્યું છે. જુલાઈમાં સરેરાશ દૈનિક પ્રીમિયમ ટ્રેડિંગમાં ૧૪% અને ઓગસ્ટમાં ૧૯% ઘટાડો થયો હતો. સપ્ટેમ્બરમાં, તે ૨૨% વધ્યું હતું, પરંતુ હજુ પણ પ્રથમ ક્વાર્ટરના સ્તર કરતા નોંધપાત્ર રીતે ઓછું રહ્યું હતું.

આ દબાણ ફક્ત F&O પૂરતું મર્યાદિત નહોતું. નબળા બજાર અને રિટેલ રોકાણકારોની ઓછી પ્રવૃત્તિએ પણ કેશ સેગમેન્ટ પર અસર કરી હતી. અહેવાલો અનુસાર, જુલાઈ-ઓગસ્ટમાં કેશ માર્કેટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર લગભગ ૧.૩ લાખ કરોડ હતું. પ્રથમ ક્વાર્ટરમાં, તે લગભગ ૧.૫ લાખ કરોડ હતું. સપ્ટેમ્બરમાં, તે વધુ ઘટીને લગભગ ૧.૨ લાખ કરોડ થયું હતું. એક્સચેન્જની આવકનો મોટો હિસ્સો ટ્રાન્ઝેક્શન ફીમાંથી આવે છે. તેથી, ઓછા ટ્રેડિંગ વોલ્યુમની સીધી કમાણી પર અસર પડી શકે છે. નીચા ટ્રેડિંગ વોલ્યુમની બીએસઈની ટ્રાન્ઝેક્શન ફી આવક પર અસર થવાની ધારણા છે. જોકે, કંપનીની કમાણી વાર્ષિક ધોરણે મજબૂત રહેવાની અપેક્ષા છે.

બદલાતી વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓએ ક્વાર્ટર દરમિયાન કોમોડિટી ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગને ફાયદો કરાવ્યો છે. ખાસ કરીને ઊર્જા અને ધાતુઓના સેગમેન્ટમાં પ્રવૃત્તિમાં વધારો જોવાયો છે. ઓગસ્ટમાં કોમોડિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ બંને માટે સરેરાશ દૈનિક ટર્નઓવર રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું.

પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ
CCTV ની વ્યવસ્થા
ઈ-ટેન્ડર – સૂચના ક્રમાંક Sr.DEE/TRD/ ADI/35 (2026-27) તા.08.10.2026 ટેન્ડર ક્રમાંક: TRD-ADI-T-19R-2026-27 કાર્યનું નામ: અમદાવાદ ડિવિઝન - દેખરેખ અને ચોરી અટકાવવા માટે ડેપો, TSSs, SPs, SSPs અને ટાવર વેગન શેડમાં CCTV ની વ્યવસ્થા **અંદાજિત ખર્ચ:** રૂ.1,35,53,951/- **અર્નેસ્ટ મની:** રૂ.2,71,100/- **સબમિટ કરવાની તારીખ અને સમય:** 04.11.2026 ના રોજ 15:00 કલાક સુધીમાં **ખોલવાની તારીખ અને સમય:** 04.11.2026 ના રોજ 15:30 કલાકે **કચેરીનું સરનામું:** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, D.R.M. ઓફિસ (પશ્ચિમ રેલવે), ચામુંડા બ્રિજ પાસે, G.C.S. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદપુરા, અમદાવાદ - 382345 **વેબસાઈટની વિગતો:** www.ireps.gov.in
ADI 183
અમને લાઈક કરો: facebook.com/WesternRly

'જેને સરકારી નોકરી મળી છે એને કદર નથી': CM

'કોન્ટ્રાક્ટર ઓછા ભાવે કામ ન કરે તો કેમ આપવું?, જાણીને કરેલી ભૂલ અયોગ્ય', માર્ગ-મકાન વિભાગની ચિંતન શિબિરમાં ટકોર

ગાંધીનગર, તા.08



"રાજ્યમાં સરકારી નોકરી મેળવવા માટે લાખો યુવાનોમાં ભારે પડાપડી ચાલી રહી છે પરંતુ, કમનસીબે જેને સરકારી નોકરી મળી ગઈ છે તેને તેની કદર રહેતી નથી. અધિકારીઓ અને કર્મચારીઓએ ટીમ વર્ક સાથે અને સંવેદનશીલતાથી કામ કરવું જોઈએ. કચેરીએ આવતા સામાન્ય નાગરિકો સાથે ઉદ્ધત વર્તન કરવાને બદલે તેમની સમસ્યાઓ પ્રેમ અને આદરપૂર્વક ઉકેલવી જોઈએ."

આ શબ્દો છે માર્ગ અને મકાન વિભાગની ચિંતન શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના. CMએ અધિકારીઓ અને કર્મચારીઓને તેમની કામગીરી, જવાબદારી અને પ્રોજેક્ટ્સની ગુણવત્તા બાબતે સીધી અને સચોટ ટકોર કરી અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે અજાણતા થયેલી ભૂલને સુધારી શકાય, પરંતુ જાણી જોઈને કરાયેલી ભૂલ કે બેદરકારીને ક્યારેય ચલાવી લેવામાં આવશે નહીં. આ સાથે તેમણે ટેન્ડર પ્રક્રિયામાં સાવચેતી, SOPનું ચુસ્ત પાલન અને કામ માટે નેતાઓના ફોનની રાહ જોવાની માનસિકતા બદલવા પર પણ ભાર મૂક્યો હતો.

અધિકારીઓને આત્મમંથન કરવાની સલાહ આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, "આપણે ક્યાંક સારું કામ થાય તો તરત જ તેની ક્રેડિટ લેવા અને આપણું નામ આગળ કરવા દોડીએ છીએ, પરંતુ જ્યારે કોઈ ખોટું કે નબળું કામ થાય ત્યારે દોષનો ટોપલો બીજા પર ઢોળવા માટે નામ શોધીએ છીએ. 'આ કેમ થયું? કયા કારણોસર ખામી રહી?' તેનું વાસ્તવિક ચિંતન કરવું અનિવાર્ય છે. ચિંતનનો અર્થ માત્ર ભાષણો સાંભળવા પૂરતો સીમિત નથી, પરંતુ રોજિંદા વ્યવહાર અને કામગીરીમાં સકારાત્મક બદલાવ લાવવાનો છે."

ટેન્ડર પ્રક્રિયામાં ચાલતી ગેરરીતિઓ પર આંગળી ચીંધતા મુખ્યમંત્રીએ વેધક સવાલ કર્યો કે, જો કોઈ કોન્ટ્રાક્ટર એટલો નીચો ભાવ ભરે કે જેથી ગુણવત્તાયુક્ત કામ થવું શક્ય જ ન હોય, તો તેવા કોન્ટ્રાક્ટરને ટેન્ડર શા માટે આપવું જોઈએ? વિભાગ પાસે રેટ એનાલિસિસ અને શીડ્યુલ ઓફ રેટ્સ (SOR) ઉપલબ્ધ હોય છે, ત્યારે અધિકારીઓએ તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. તેમણે ઉમેર્યું કે, જો સતત બિલો ભરીને કામ મંજૂર થતાં હોય તો એક તરફ તે શક્ય નથી અને બીજી તરફ SOR મુજબ શક્ય છે. બંને વાતો એકસાથે સાચી ન હોઈ શકે. તેથી SOR અને કામના વાસ્તવિક ખર્ચ અંગે પણ ગંભીરતાથી વિચારણા કરવી પડશે.


કામ કરાવવા માટે ઉપરથી વગદાર લોકોના ફોન કરાવવાની માનસિકતા સામે લાલ આંખ કરતાં CMએ જણાવ્યું હતું કે, ઘણીવાર સાંભળવા મળે છે કે "સાહેબ જોડે ફોન કરાવી દો એટલે પેમેન્ટ પાસ થઈ જશે." જો કોઈ બાબત નિયમ મુજબ અધિકારીની ફરજમાં આવતી હોય, તો તેના માટે સાહેબના ફોનની રાહ શા માટે જોવી પડે? દરેક અધિકારીએ પોતાની બંધારણીય અને વહીવટી જવાબદારી સમજીને જાતે જ ત્વરિત નિર્ણયો લેવા જોઈએ. નિયમોનું પાલન થાય તે માટે જ SOP બનાવવામાં આવી છે.

માર્ગ-મકાન વિભાગની કામગીરીની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે, કોઈપણ આપત્તિ કે મુશ્કેલીના સમયે 24 કલાકમાં પરિણામ આપવાની ક્ષમતા આ વિભાગ પાસે છે. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ છે; સરકારે ઉત્કૃષ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડ્યું હોવાથી જનતાને સારી સુવિધાઓની આદત પડી ગઈ છે, તેથી હવે રસ્તા પર એક નાનો ખાડો પણ લોકો ચલાવી લેશે નહીં. તેમણે સ્પષ્ટ કર્યું કે, માર્ગ-મકાન વિભાગનું બજેટ અગાઉના 12,000 કરોડથી વધારીને 30,000 કરોડ કરવામાં આવ્યું છે અને જરૂર પડશે તો હજુ વધુ નાણાં ફાળવાશે, પરંતુ તેની સામે રોડના મેન્ટેનન્સ, રિસર્ફેસિંગ અને ગુણવત્તામાં કોઈ સમાધાન ચલાવી લેવાશે નહીં.

પ્રમાણિક અને ઉત્સાહી અધિકારીઓને પ્રોત્સાહન આપતાં CMએ ખાતરી આપી હતી કે, જો કોઈ અધિકારીની પ્રમોશન કે હકની ફાઈલ વહીવટી આંટીઘૂંટીમાં અટકી પડી હોય તો તે સીધી મારી પાસે મોકલી આપો. "તમારા પ્રમોશનની ફાઈલ પર હું રાત્રે 12 વાગ્યે પણ સહી કરી આપીશ." સરકાર અધિકારીઓની કાયદેસરની પ્રગતિમાં ક્યારેય અવરોધ બનશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2003માં શરૂ કરેલી ચિંતન શિબિરની પરંપરાને યાદ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, "સાથે આવવું એ શરૂઆત, સાથે વિચારવું એ પ્રગતિ અને સાથે કામ કરવું એ સફળતા છે." 'ગતિ, ગુણવત્તા અને ગૌરવ–Accelerating Infrastructure for Viksit Gujarat 2047' ની થીમ હેઠળ યોજાયેલી આ શિબિરમાં વર્ક આસિસ્ટન્ટથી માંડીને સચિવ સ્તરના અધિકારીઓ આગામી 2047 સુધીનો રોડમેપ તૈયાર કરશે. નોંધનીય છે કે, માર્ગ અને મકાન વિભાગ રાજ્યમાં અંદાજે 1.29 લાખ કિલોમીટરનું વિશાળ રોડ નેટવર્ક અને 11 હજારથી વધુ પુલોનું સંચાલન કરે છે. આ પ્રસંગે મુખ્ય સચિવ એમ.કે. દાસ અને માર્ગ-મકાન વિભાગના સચિવ પી.આર. પટેલિયા ઉપસ્થિત રહ્યા હતા અને વિભાગમાં ગુણવત્તા સુધારવા માટે GPI, કોન્ટ્રાક્ટર પરફોર્મન્સ રેટિંગ અને QCBS જેવી અદ્યતન સિસ્ટમ લાગુ કરવાની માહિતી આપી હતી.

પંજાબમાં સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર મેડ સંધુની હત્યાના કેસનો આરોપી અમદાવાદમાં ઝડપાયો

અમદાવાદ, તા.08





પંજાબના અમૃતસરમાં 3 ઓક્ટોબરના રોજ સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર મેડ સંધુની કરાયેલી હત્યા કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. અમૃતસરમાં ઘટનાને અંજામ આપીને અમદાવાદ નાસી આવેલા મુખ્ય આરોપી પરમિંદર કાકા ઉર્ફે પરમિંદર પ્રસાદને ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે ઝડપી લીધો છે.

હત્યા બાદ વિદેશમાં બેઠેલી ગેંગ સાથે સંકળાયેલા ગોલ્ડી ધિલ્લોનના નામે સોશિયલ મીડિયા પર આ હત્યાકાંડની જવાબદારી સ્વીકારવામાં આવી હતી.

3 ઓક્ટોબર, 2026ના રોજ સાંજે આશરે 6:00 વાગ્યે પંજાબના અમૃતસર સ્થિત લોહારકા રોડ પર આ સનસનાટીભરી ઘટના બની હતી. જાણીતા મેકઅપ આર્ટિસ્ટ, ફેશન ડિઝાઈનર અને સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર મેડ સંધુ ઉર્ફે મધુસૂદન સંધુ પોતાની કાર વૉશિંગમાં આપીને બહાર રાહ જોઈ રહ્યા હતા. તે સમયે બાઈક પર 2 અજાણ્યા શખસો આવ્યા હતા અને મેડ સંધુની અત્યંત નજીક જઈને 2થી 3 રાઉન્ડ ધડાધડ ગોળીબાર કર્યો હતો. ગોળી વાગતા ગંભીર રીતે ઘવાયેલા સંધુને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયા હતા, પરંતુ રસ્તામાં જ તેમણે દમ તોડી દીધો હતો.

આ હત્યાકાંડ અંગે અમૃતસરના કેન્ટોનમેન્ટ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફાયરિંગ કર્યા બાદ બંને હત્યારાઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. તપાસ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે છટકું ગોઠવીને મુખ્ય આરોપી પરમિંદર કાકા ઉર્ફે પરમિંદર પ્રસાદને ઝડપી લીધો હતો. પોલીસ તપાસ અનુસાર, પરમિંદરે જ મેડ સંધુ પર સીધું ફાયરિંગ કર્યું હતું. હત્યાના ગુનામાં ઉપયોગમાં લેવાયેલી બાઈક પર તે શૂટર તરીકે હાજર હતો. ઘટના બાદ તે પોલીસથી બચવા સીધો પંજાબથી નાસીને અમદાવાદ આવી ગયો હતો અને અહીં ભૂગર્ભમાં રહેતો હતો.

હાલ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પરમિંદરની કડક પૂછપરછ કરવામાં આવી રહી છે. તેની પાસેથી હથિયારો અને સ્થાનિક સંપર્કો અંગેની વિગતો મેળવ્યા બાદ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને તેને પંજાબ પોલીસને સોંપવામાં આવશે. સોશિયલ મીડિયા સેલિબ્રિટીઝને ટાર્ગેટ કરતી ગેંગસ્ટર સંસ્કૃતિ અને આંતરરાજ્ય ગુનાખોરી સામે બંને રાજ્યોની પોલીસનું આ સંયુક્ત ઓપરેશન ગુનેગારો માટે મોટો સંદેશ સાબિત થશે. અમૃતસર પોલીસના ઈનપુટના આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર મેડ સંધુની હત્યામાં સંડોવાયેલા મુખ્ય શૂટર તરીકે પરમિન્દર પ્રસાદ ઉર્ફે પરમિન્દર કાકાને ટ્રેસ કરી તેની ઓળખ કરી હતી. અમદાવાદના ડીસીપી ક્રાઈમના જણાવ્યા અનુસાર, પરમિન્દર કાકાએ જ ફાયરિંગની ઘટનાને અંજામ આપ્યો હતો અને આ ગુનામાં ઉપયોગમાં લેવાયેલી મોટરસાઈકલની પણ તેણે જ વ્યવસ્થા કરી હતી. આ મામલે અમૃતસરના કેન્ટોનમેન્ટ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને હાલમાં આ કેસમાં પોલીસ દ્વારા આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

શનિશ્ચરી અમાસે અમદાવાદના થલતેજમાં શનિદેવના મંદિરે 1008 લિટર તેલ અને કાળા તલના લાડુનો હવન કરાશે

અમદાવાદ, તા.08



આગામી તા. 10મી ઓક્ટોબરના રોજ સર્વ પિતૃ અમાસના દિવસે શનિશ્ચરી અમાવસ્યાનો શુભ સંયોગે સર્જાઈ રહ્યો છે. આ પવિત્ર અવસર પર શહેરના વિવિધ શનિમંદિરોમાં વિશેષ ધાર્મિક આયોજનો કરવામાં આવ્યા છે. પિતૃઓની શાંતિ અને શનિદેવની કૃપા મેળવવા માટે મંદિરોમાં તેલ અભિષેક, હોમ-હવન તેમજ મહાપ્રસાદનું વિશેષ આયોજન કરાયું છે.

આ વિશેષ મહોત્સવ અંતર્ગત થલતેજના વૈભવ લક્ષ્મી મંદિર ખાતે આવેલ શનિદેવના મંદિરમાં અનોખું અનુષ્ઠાન યોજાશે. અહીં શનિદેવને 1008 લિટર તેલનો ભવ્ય અભિષેક કરવામાં આવશે. આ સાથે જ 1008 કાળા તલના લાડુથી હોમ-હવન અને વિશેષ યજ્ઞનું આયોજન કરાયું છે. શનિદેવને ગોળ અને કાળા તલ અતિપ્રિય હોવાથી, સર્વ પિતૃઓના મોક્ષાર્થે આ પવિત્ર આહુતિઓ અપાશે. શહેરના દૂધેશ્વર ખાતે આવેલા ધોબી ઘાટના અતિ પ્રાચીન શનિદેવ મંદિરમાં પણ સૂર્યપુત્ર શનિદેવ સર્વપિતૃ અમાવસ્યા ઉત્સવની ભવ્ય ઉજવણી થશે. આ વિશેષ યજ્ઞમાં શનિભક્તો દ્વારા શનિદેવને 23000 જેટલી આહુતિઓ અપાશે. બપોરે 12:00 વાગ્યે શનિદેવની ભવ્ય મહા આરતી યોજાશે અને ત્યારબાદ શ્રદ્ધાળુઓને 251 કિલો બુંદી-સેવનો મહાપ્રસાદ વિતરણ કરવામાં આવશે. અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલા શનિદેવ મંદિર, સોલા રોડ પર કાંકરિયા હનુમાનજી ખાતેના શનિમંદિર, થલતેજના સાલ હોસ્પિટલ સામેના શનિદેવ મંદિર અને વૈષ્ણો દેવી સર્કલ પરના મારૂતિ ધામ ખાતેના શનિમંદિરોમાં તા. 10મીના રોજ વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. શનિશ્ચરી અમાવસ્યા નિમિત્તે નવગ્રહ શાંતિ પાઠ, શનિદેવ કથા અને હોમ-હવનનું આયોજન કરાયું છે. શનિદેવને કાળો રંગ અતિ પ્રિય હોવાથી કાળું કપડું, લોખંડ, કાળા તલ અને અડદ જેવી વસ્તુઓ અર્પણ કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો મંદિરોમાં ઉમટી પડશે.

અમદાવાદ ગ્રામ્યમાં નશાકારક કફ સીરપના કાળા કારોબાર સામે કાર્યવાહી, 24 કલાકમાં 2 દરોડા પાડી 450 બોટલ ઝડપી

અમદાવાદ, તા.08



તહેવારો ટાણે અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં નશાનો કાળો કારોબાર ફાલીફૂલ્યો છે, ત્યારે નળ સરોવર પોલીસે નશાકારક કફ સીરપના નેટવર્કનો પર્દાફાશ કરીને સપાટો બોલાવ્યો છે. તાજેતરમાં ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા સાણંદમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યા બાદ, હવે સ્થાનિક LCB અને SOG ટીમની નિષ્ક્રિયતા વચ્ચે નળ સરોવર પોલીસ મથકના PI એમ.કે. પિયેજા અને તેની ટીમે 24 કલાકના ટૂંકા ગાળામાં બે અલગ-અલગ સફળ દરોડા પાડીને મોટી કાર્યવાહી આચરી છે. નળ સરોવર પોલીસે બાતમીના આધારે સાણંદ તાલુકાના ઉપરદળ ગામે દરોડો પાડ્યો હતો. જ્યાંથી શંકાસ્પદ સ્વિફ્ટ કારમાંથી 80 બોટલ નશાકારક કફ સીરપ મળી આવી હતી. પોલીસે કારમાં સવાર હરશન કોળીપટેલ અને કમલેશ સોલંકીને અટકાયતમાં લઈ કફ સીરપ, કાર તથા અન્ય સામગ્રી મળી કુલ 5.32 લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઝડપાયેલા બંને આરોપીઓની કડક પૂછપરછ હાથ ધરતાં આ રેકેટના મુખ્ય સપ્લાયર સદ્દામ ખલીફાનું નામ સામે આવ્યું હતું. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી સદ્દામ ખલીફાની અટકાયત કરી હતી. તેની સઘન પૂછપરછ બાદ આરોપી સદ્દામે બાવળાના દેવડથલ ગામ નજીક આવેલા ડાંગરના ખેતરમાં સંતાડેલી વધુ 370 બોટલ કફ સીરપનો જથ્થો મળ્યો હોતો.

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસના પ્રચારમાં એન્ટ્રી

- પેથાપુરમાં કોંગ્રેસ નેતાઓની હાજરીમાં સભા સંબોધી, વોર્ડ નંબર-4માં ડોર-ટુ-ડોર મતદારોનો સંપર્ક કર્યો

ગાંધીનગર, તા.08



ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય પારો ચરમસીમાએ પહોંચ્યો છે. આ ચૂંટણી જંગમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને કદાવર નેતા શંકરસિંહ વાઘેલાની સક્રિય એન્ટ્રીએ રાજકીય આશ્ચર્ય સર્જ્યું છે. હજુ સુધી કોંગ્રેસ પક્ષમાં સત્તાવાર રીતે વિધિવત જોડાવવાની જાહેરાત થઈ નથી છતાં બાપુએ ગાંધીનગર મનપા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર મોરચો સંભાળી લીધો છે જેના કારણે ગુજરાતના રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે.

ચૂંટણી પ્રચારના અંતર્ગત પેથાપુરમાં એક વિશાળ જાહેર જનસભા યોજાઈ હતી. જેને શંકરસિંહ વાઘેલાએ ઓજસ્વી અંદાજમાં સંબોધી હતી. ત્યારબાદ ગાંધીનગર મનપાના વોર્ડ નંબર-4 માં કોંગ્રેસના અધિકૃત ઉમેદવારોના સમર્થનમાં યોજાયેલા પ્રચાર કાર્યક્રમમાં પણ તેઓ સીધા મેદાનમાં ઉતર્યા હતા. વોર્ડના ઘરો અને મતદારો સુધી પહોંચીને તેમણે કોંગ્રેસની જીત માટે સમર્થન માંગ્યું હતું. બાપુની આ અણધારી અને પ્રભાવશાળી હાજરી માત્ર ગાંધીનગર પૂરતી સીમિત નથી, પરંતુ તેનાથી રાજ્ય સ્તરે મોટા રાજકીય સંકેતો મળી રહ્યા છે. આ પ્રચાર કાર્યક્રમમાં કોંગ્રેસના પ્રભારી સુભાષિની યાદવ, અગ્રણી નેતા જગદીશ ઠાકોર અને ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સહિત અનેક દિગ્ગજ આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તમામ નેતાઓએ સાથે મળીને વોર્ડ નંબર-4 સહિતના વિસ્તારોમાં ડોર-ટુ-ડોર જઈને મતદારોનો સંપર્ક સાધ્યો હતો અને કોંગ્રેસવ નીતિઓનો પ્રચાર કર્યો હતો. રાજકીય વિશ્લેષકોના મતે શંકરસિંહ વાઘેલાનો આ પ્રવાસ અને સક્રિયતા કોંગ્રેસ માટે એક મોટું ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ શકે છે. લાંબા સમયથી રાજકીય ક્ષેત્રે સક્રિય રહેલા બાપુનો પ્રભાવ હજુ પણ મતદારો પર અકબંધ છે, અને તેમની આ હાજરીથી કોંગ્રેસના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આગામી દિવસોમાં ગાંધીનગર મનપાની ચૂંટણીમાં શંકરસિંહ વાઘેલાની ભૂમિકા વધુ નિર્ણાયક બને તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે, જેનાથી વિપક્ષી ભાજપ સામે પણ રાજકીય પડકારો વધી શકે છે.

દાણીલીમડામાંથી 2.68 લાખના એમડી ડ્રગ્સ સાથે આધેડ ઝડપાયો, રાજસ્થાન કનેક્શન ખુલ્યું

અમદાવાદ, તા.08



અમદાવાદ શહેર એસઓજી (SOG) ક્રાઈમ બ્રાન્ચે દાણીલીમડા વિસ્તારમાં દરોડો પાડીને એક આધેડને 2.68 લાખ રૂપિયાની કિંમતના ગેરકાયદે મેફેડ્રોન (MD) ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. આરોપી રાજસ્થાનના ભીલવાડાથી ડ્રગ્સ લાવીને નારોલ સર્કલ અને આસપાસના વિસ્તારમાં ડ્રગ્સના બંધાણીઓને છૂટકમાં વેચાણ કરતો હોવાનો ઘટસ્ફોટ થયો છે.

મળતી માહિતી અનુસાર, એસઓજી ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે દાણીલીમડા અલીફ કોમ્પ્લેક્સની બાજુમાં આવેલ 'અલ મુબારક રો-હાઉસ'માં રહેતો નાસીર સૈયદ પોતાના ઘરમાં એમડી ડ્રગ્સ રાખીને તેનું વેચાણ કરે છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડીને 47 વર્ષીય નાસીર સૈયદને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની અંગજડતી લેતાં તેના ખિસ્સામાંથી કાળા રંગની થેલીમાંથી પ્લાસ્ટિકની 30 નાની બેગ મળી આવી હતી. એફએસએલ (FSL)ના પ્રાથમિક પરીક્ષણમાં આ પાવડર મેફેડ્રોન ડ્રગ્સ હોવાનું સ્પષ્ટ થયું હતું. ડિજિટલ વજનકાંટા પર વજન કરાવતાં 89 ગ્રામ 63 મિલીગ્રામ જથ્થો નોંધાયો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત 2,68,000 રૂપિયા આંકવામાં આવી છે.

પોલીસ પૂછપરછ દરમિયાન આરોપી નાસીરે કબૂલાત કરી હતી કે પોતાની આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે તે ટૂંકા સમયમાં વધુ નાણાં કમાવા માટે ડ્રગ્સના ધંધામાં ધકેલાયો હતો. તે રાજસ્થાનના ભીલવાડા ખાતેથી સપ્લાયર પાસેથી ડ્રગ્સનો જથ્થો લાવતો હતો અને ત્યારબાદ તેની નાની-નાની ઝીપલોક બેગ બનાવીને નારોલ સર્કલ અને આસપાસના વિસ્તારોમાં ડ્રગ્સના બંધાણીઓને છૂટકમાં વેચીને પેડલિંગ કરતો હતો. SOG પોલીસે ગેરકાયદે ડ્રગ્સનો તમામ જથ્થો જપ્ત કરી આરોપી નાસીર સૈયદ સામે નાર્કોટિક્સ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી છે. આ નેટવર્કમાં રાજસ્થાનના મુખ્ય ડ્રગ સપ્લાયર સહિત અન્ય કોણ કોણ સંડોવાયેલું છે તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડીને 47 વર્ષીય નાસીર સૈયદને ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની અંગજડતી લેતાં તેના ખિસ્સામાંથી કાળા રંગની થેલીમાંથી પ્લાસ્ટિકની 30 નાની બેગ મળી આવી હતી. એફએસએલ (FSL)ના પ્રાથમિક પરીક્ષણમાં આ પાવડર મેફેડ્રોન ડ્રગ્સ હોવાનું સ્પષ્ટ થયું હતું. ડિજિટલ વજનકાંટા પર વજન કરાવતાં 89 ગ્રામ 63 મિલીગ્રામ જથ્થો નોંધાયો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત 2,68,000 રૂપિયા આંકવામાં આવી છે.

